# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

## ૨. આભાપુર (સાબરકાંઠા જિલ્લો)

૬૫

: અહેવાલ લેખન :

કોકિલાબહેન શાહ

સંપાદન

ડા. ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

62

૧૯૮૦

# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

## ૨. આભાપુર (સાબરકાંઠા જિલ્લો)


**સંપાદન**

ઠા. ભા. નાયક

**અહેવાલ લેખન**

કોકિલાબહેન શાહ

**ક્ષેત્ર સંશોધન**

રાસ બિહારી લાલ

કનુભાઈ નાયક

મુસ્તાઅલી મસવી

ગૌરીશ પંડ્યા

ભીખાભાઈ પટેલ

**કોષ્ટકીકરણ**

મુસ્તાઅલી મસવી

હરગોવિંદભાઈ પટેલ

ગૌરીશ પંડ્યા

કોકિલાબહેન શાહ

ભીખાભાઈ પટેલ



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

62

૧૯૮૦

## પ્રકરણ – ૧

આભાપુર ગામ વિજયનગર મહાલમાં વિજયનગરથી આઠ માઇલ પૂર્વમાં વસેલું છે. ગામની નજીકમાં જ હરણાવ નદી વહે છે. નદીમાં માત્ર ચોમાસામાં જ પાણી હોય છે. ગામની નજીકમાં જ શિવ, મહાવીર અને સૂર્ય મંદિરોના ખંડેરો આવેલા છે. ગામમાં શારણેશ્વર મહાદેવનું મંદિર છે જે ઇ.સ.૧૧૦૦ના અરસામાં બાંધવામાં આવ્યુ હતું.એમ માનવામાં આવે છે. મંદિરની બહાર જિલ્લા પંચાયત તરફથી ધર્મશાળા બાંધવામાં આવી છે. આભાપુરથી એકાદ માઇલ ઉત્તર-પશ્ચિમમાં હરણાવ નદીને પસાર કરીને જંગલ વિસ્તારમાં પ્રવેશતા લખેણાના મંદિરોના ખંડેરો આવેલા છે. આભાંપુર જંગલો તથા પહાડી વિસ્તારમાં આવેલું છે. ગામની નજીકમાં જ પૂર્વ વિસ્તારમાં જંગલો આવેલા છે. આ જંગલ વિસ્તાર ખૂબ ગાઢ નથી. ગામનો વસવાટ સપાટ પ્રદેશમાં થયો છે. પરંતુ ગામની નજીકમાં જ પર્વતોની હારમાળા આવેલી છે. ખેતી માટેની જમીન સિવાયની બધી જ જમીન ડુંગરાળ અને જંગલ વિસ્તારની છે. ગામના વસવાટના મકાનો વ્યવસ્થિત રીતે બંધાયેલ નથી. જોકે મકાનો છુટાંછવાયા છે પરંતુ એક મકાન અને બીજા મકાન વચ્ચેનું અંતર ખૂબ વધારે નથી. ગામના બસસ્ટેન્ડથી મકાનોની શરુઆત થાય છે. આભાપુરથી ઇડરનું અંતર ૨૨ માઇલનું છે જ્યારે આભાપુરથી નજીકમાં

આવેલ ગામો બંધણા, ધોળીવાવ, ડૈયા, વગેરે ગણી શકાય. ગામના પૂર્વ વિસ્તારમાં જંગલો આવેલા છે. ડૈયા એ રાજસ્થાન રાજયમાં આવેલું છે. ગામથી એક ફર્લાંગ દૂર શારણેશ્વરના મંદિરની બાજુમાં વિજયનગર-ઇડરના રસ્તે અને હરણાવ નદીની નજીકમાં જ પ્રાથમિક શાળા આવેલી છે. વિજયનગર મહાલમાં સૌથી વધારે ઉંચા ડુંગરોમાં કલાડિયો અને ભીમમેડીયો એમ બે ડુંગરો છે. આ બે ડુંગરો લગભગ સરખી ઉંચાઇના છે. આ ડુંગરોની બાજુમાં થઇને હરણાવ નદી પસાર થાય છે. આ ડુંગરોની વચ્ચે નાનો બંધ આવેલ છે, અને નહેર પણ ખોદેલ છે. આ બંધ સિંચાઇના આશયથી બાંધ્યો હતો. પરંતુ હાલમાં નદીના વહેણથી કાંપ તથા પથ્થર ઘસડાઇને આવવાથી બંધ પુરાઇ ગયો છે.

આભાપુર ગામમાં પોસ્ટનો સગવડ નથી. નજીકની પોસ્ટ ઓફીસ આંતરસુબા છે જે ગામથી ત્રણ માઇલને અંતરે આવેલ છે. આશ્રમશાળા પણ આંતરસુબામાં આવેલી છે. તલાટી તથા ગ્રામસેવકનું હેડકવાર્ટર પણ આંતરસુબામાં જ છે. આંતરસુબા એ આ વિસ્તારનું મોટુ ગામ છે.

## ગામની વસ્તી તથા કુટુંબ સંખ્યા

૧૯૬૧ના સેન્સસ પ્રમાણે ગામની કુલ વસતિ ૨૨૯ ની હતી જેમાંથી ૨૧૨ આદિવાસી અને ૧૭ બિનઆદિવાસીઓની હતી. તપાસ સમયે ગામમાં આદિવાસી ૨૭૬ ની હતી. ૧૯૬૯ માં જયારે આ કેન્દ્ર તરફથી તપાસ કરવામાં આવી હતી ત્યારે આઠ વર્ષના ગાળામાં ગામની આદિવાસી વસતિમાં ૬૪ નો વધારો થયો એટલે વાર્ષિક વધારો ૮ નો ગણાય. કુલ વસતિમાં ૧૩૦ સ્ત્રીઓ અને ૧૪૬ પુરુષો હતા. કુટુંબ



સંખ્યા ૪૧ ની હતી એટલે કુટુંબદીઠ સભ્ય સંખ્યા અથવા તો કુટુંબનું કદ ૬ ૭ નું હતું. રાજયની સરેરાશ કરતા આભાપુરનું કુટુંબ કદ મોટું ગણાય. એક સભ્ય ધરાવતું કુટુંબ એક પણ નથી. જયારે ૧૨ કરતાં વધુ સભ્ય સંખ્યા ધરાવતા કુટુંબની સંખ્યા બેની છે.

## આબોહવા:

ગામ ઉત્તર ગુજરાતમાં રાજસ્થાનની સરહદ સાથે જોડાયેલું છે. સામાન્ય રીતે ઉત્તર ગુજરાતની આબોહવા વિષમ છે. ઉનાળામાં પણ સખત ગરમી અને શિયાળામાં સખત ઠંડી પડે છે. વિજયનગર પણ આ આબોહવામાંથી મુકત રહી શકતો નથી. જો કે આબોહવા સૂકી હોવાને કારણે આરોગ્યપ્રદ ગણાય છે છતાં પણ કામ કરવા માટે ઉત્સાહ પ્રેરે તેવી આબોહવા આ વિસ્તારમાં નથી. આ વિસ્તારની આબોહવા અંગેની ચોકકસ માહિતી મળતી નથી પરંતુ જિલ્લાના મુખ્ય મથકે પ્રવર્તતા આબોહવાના આંકડા ઉપલબ્ધ છે. તે પરથી વધુમાં વધુ તથા ઓછામાં ઓછું ઉષ્ણતામાન કેટલું છે તે જાણી શકાય છે. હિંમતનગર કરતાં પણ વિજયનગર મહાલમાં ઠંડીનું પ્રમાણ ખૂબ વધારે છે. ડુંગરો તથા જંગલોને કારણે ફેબ્રુઆરી માસમાં સખત ઠંડી પડે છે. અને ઠંડી સાથે ઠંડા પવનોને લીધે બપોરના બાર વાગ્યા સુધી શરીરમાંથી ઠંડી ઉડી શકતી નથી. અને સાંજના ચાર વાગ્યાથી હવામાનમાં ઠંડક શરુ થઇ જાય છે. સ્થાનીક લોકોના જણાવ્યા પ્રમાણે અહીં ઠંડીનું પ્રમાણ ઘણી વાર એટલું બધું વધી જાય છે કે ઝાડ પાન પણ બળી જાય છે. અને કપાસ જેવા પાક પણ બળી જાય છે. તેવી જ રીતે ઉનાળામાં ગરમીનું પ્રમાણ પણ વધારે રહે છે. જો કે જંગલ તથા ડુંગરાળ વિસ્તારને લીધે પવનો ઠંડા રહે છે.

સાબરકાંઠા જિલ્લામાં ચોમાસાની શરુઆત જુનની અધવચથી શરુ થાય છે. અને સપ્ટેમ્બરમાં સમાપ્ત થાય છે. જુલાઇમાં વરસાદનું પ્રમાણ વધારે હોય છે. જો કે ઉપર પ્રમાણે વરસાદની નિયમિતતા પ્રવર્તતી નથી. જિલ્લાના પર્વતવાળા વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ વધારે છે. સામાન્ય રીતે તે વિસ્તારોમાં ૭૫ થી ૧૫૦ સે.મી. જેટલો વરસાદ ડુંગરાળ વિસ્તારમાં પડે છે. આથી વિરુદ્ધ જિલ્લાના સપાટ પ્રદેશમાં વરસાદનું પ્રમાણ ૬૦ થી ૭૫ સે.મી. નું છે. આમ ડુંગરાળ તથા સપાટ વિસ્તારમાં થતા વરસાદ વચ્ચે ઘણો મોટો તફાવત છે. જ્યાં ખેતી માટે ખૂબ જ અનુકુળ જમીન છે તેવા વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ ઓછું છે જ્યારે ખેતી માટેની જમીનનું પ્રમાણ ઓછું છે, અને જે કંઇ જમીન છે તે પણ હલકી કક્ષાની છે ત્યાં વરસાદનું પ્રમાણ વધારે છે. ખાસ કરીને જિલ્લાના કેટલાક ભાગોમાં સપ્ટેમ્બર મહિનામાં વરસાદની ખેંચ વર્તાય છે.

પાણીના સાધન— કુવા, નદી, તળાવ વગેરે

ગામમાં હાલ ૩ કુવા છે. બે કુવા આદિવાસી લોકોની માલિકીના છે અને એક કુવો પઠાણની માલિકીનો છે. ત્રણે કુવા પીવાના પાણી માટે ઉપયોગી છે. એક પણ કૂવાનો સિંચાઇ માટે ઉપયોગ હાલમાં થતો નથી. ગામમાં કુટુંબોને પીવા માટેનું પાણી આ ત્રણ કૂવામાંથી મળી રહે છે. સામાન્ય રીતે આદિવાસી ખેડુતના ખેતરમાં બંને કુવા પાસે પાસે છે. જયારે પઠાણનો કુવો બસ સ્ટેન્ડ પાસે છે. આથી ગામના કેટલાક કુટુંબોને પીવાનું પાણી મેળવવા માટે ઘરથી કૂવા વચ્ચેનું અંતર વધારે છે.

પીવાના પાણી માટેનું અન્ય કોઇ સાધન ગામમાં નથી, ગામની નજીકમાં જ હરણાવ નદી પસાર થાય છે અને ચોમાસમાં ચાર માસ દરમ્યાન નદીમાં પાણી હોય છે.



ઉનાળામાં પાણી હોતું નથી. હરણાવ નદીમાં જે સ્થળે બંધ બાંધ્યો છે ત્યાં થોડા પ્રમાણમાં પાણી એકઠું થાય છે પરંતુ આ પાણીનો પીવા માટે ઉપયોગ થતો નથી. ગામની થોડી જમીનને સિંચાઇનો લાભ મળે છે. નદીથી ગામની છેલ્લી સરહદ સુધી નહેર ખોદેલી છે આથી બંધ સમરાવવામાં આવે તો બધુ પાણી સંગ્રહી શકાય અને ગામના મોટા ભાગની જમીનને સિંચાઇનો લાભ મળે.

પાણી માટેનો અન્ય એક કુવો શરણેશ્વર મહાદેવના મંદિરમાં આવેલો છે. આ કુવો પાકો બાંધેલો છે અને નજીકમાં રહેતા રબારી કુટુંબો તથા પ્રાથમિક શાળાના અભ્યાસ કરતા બાળકોને આ કુવા દ્વારા પીવાનું પાણી મળે છે.

## પ્રકરણ — ૨

## સામાજિક જીવન

### ઘરોની રચના:

ઘર છૂટાંછવાયા છે. દરેકનું ઘર પોતાના ખેતરમાં છે. ઘર અને આજુપાસ ખેતીની જમીન. ઘર કાંચા છે, તેની દિવાલો માટીની અને ઉપર વળીઓનું સાજ અને નળીયા હતા. ઘરની દિવાલો માટીની બનાવે છે પણ તે ફરમા ગોઠવીને બનાવેલ હોવાથી પ્રમાણમાં જાડી હોય છે. અત્યારે હાલ પાંચ ઘર બની રહયા હતા જેની દિવાલો માટીના ફરમા ભરીને બનાવતા હતા. અત્યારે બનતા મકાનોમાં બે ખંડ અને એક ઓસરી છે જયારે પહેલા બનેલ મકાનોમાં એક ખંડ અને એક ઓસરી છે. માટીની દિવાલ સિવાય વાંસની દિવાલવાળા પણ લગભગ સાત ઘર હતા. જેમાં વાંસની દિવાલ ઉપર માટીનું લીંપણ હતું. મકાનની ચારે બાજુ વાંસની વાડ બનાવી વાડા જેવી બનાવે છે, જેમાં એક માંડવો (મંડપ) હોય છે ઘાસ ભરવાનો, તે સિવાય બકરા, કે ગાય બળદ વાડામાં બાંધી રાખે છે. કેટલાક ઘરોમાં મકાનની સાથે પશુ માટેની છાપરીઓ બનાવેલ જોવા મળે છે. ભોંયતળીયે છાણ માટીનું લીંપણ કરેલ હતું જે વર્ષમાં ૪ થી ૫ વખત છાણ માટીનું લીંપણ કરે છે.

ઘરમાં અંદરના ખંડમાં રાંધવા માટેનો ચૂલો હોય છે. ઓસરીમાં કે ઓસરી બહાર પાણીના માટલા મૂકવાની ઘોડી બનાવેલ હોય છે. ઘરને બારીઓ હોતી નથી. કેટલાક મકાનોમાં બારણા લાકડાના બનાવેલ છે, તો કેટલાક મકાનોમાં બારણા બિલકુલ ન હોય તો કેટલાક મકાનોમાં વાસમાંથી બારણા જેવું બનાવેલ ગોઠવી રાખે છે.



નળીયા કુંભારની પાસે પડાવે છે, અને મકાનમાં જરુરી સુથારી કામ સુથારને બોલાવીને કરે છે. મકાન બનાવવા મજુરો લાવવા પડે તો તે ગામમાંથી જ લાવે છે.

### ખોરાક:

ખોરાકમાં મુખ્ય મકાઇ અને ચણા છે. તે ઉપરાંત ઘઉ, જુવાર, તુવેર, આમલી, બંટી, કુરી વાપરે છે. શાકાહારી સિવાય માંસનો ઉપયોગ પણ ૧ કુટુંબ સિવાય બધા કરે છે. એક કુટુંબ ભગતનું છે, તે સિવાય બીજા કુટુંબો માછલી, મરઘુ બકરુ, તેમજ પાડાના માંસનો ઉપયોગ ખાવામાં કરે છે.

પાડાનું માંસ ખાતા હોવા છતાં છુપાવવાનો ખૂબ જ પ્રયત્ન કરે છે, એક ભાઇને પૂછતાં તેમણે કહયું કે પાડાનું માંસ ખાઇએ છીએ ત્યારે તે ભાઇ અને તેનો મોટોભાઇ બોલાચાલી કરવા માંડયા કે આવું કેમ લખાવે છે, પાડાનું માંસ ખાઇએ છીએ એવું લખી જઇને આપણા સમાજવાળાને જાણ કરે તો આપણી આબરુ જતી રહે, અને નીચે પડીએ (નીચા દેખાઇએ) ત્યારે મેં બન્નેને સમજાવી 'પાડાનું માંસ' તમે ખાવો છો તે હું નહી લખું, આ કાઢી નાખ્યું એમ કહયું ત્યારે શાન્ત થયા. )

### પહેરવેશ અને દાગીના:

પુરુષો ધોતીયુ, પહેરણ અને માથે કપડાનો કકડો વીટાળે છે. સ્ત્રીઓ ઘાઘરો, કબજો અને સાડલો પહેરે છે. કુવારી છોકરી ઘાઘરો, કબજો અને માથા ઉપર નાનો સાડલો કરકનો રાખે છે. તે સિવાય માથામાં પીનો, હાથમાં કાચની કે પ્લાસ્ટીકની બંગડીઓ પહેરે છે.

દાગીનામાં પુરુષો કંદોરો, મરડી અને ચાંદીના બટનનો ઉપયોગ કરે છે. બધાયની પાસે ઘરેણા હોતા નથી.

સ્ત્રીઓ દાગીનામાં હાથમાં કાતરજુ, કાચલુ, નાકમાં કાંટો, કાનમાં લવણીયા, ગળામાં હાંસડી, સાંકળી, પુખીયુ દોરડો (ચાંદીનો) પહેરે છે. પગમાં સાંકળા પહેરે છે.

કુટુંબ વ્યવસ્થા:

આભાપુર ગામમાં કુલ ૪૫ કુટુંબો છે. જેમાં આદિવાસી કુટુંબો ૪૧ છે બાકીના કુટુંબોમાં હરીજન, વણકર, વ્હોરા, અનુ મુસ્લિમ કુટુંબ છે. આ ઉપરાંત રાજસ્થાન બાજુના ભરવાડો પોતાના ઢોરો સાથે બે વર્ષથી અહી રહે છે, તેમના આશરે ૧૦ કુટુંબો હશે.

૪. કુટુંબો 'ડુંગરી ગરાસિયા' ના છે. જેની કુલ વસતિ ૨૮૨ ની છે. જેમાં ૧૩૨ પુરુષો અને ૧૫૦ સ્ત્રીઓ છે.

કુટુંબ વ્યવસ્થા પિતૃવંશીય છે. ગામમાં ૪૧ કુટુંબો ૧૩ જુદા જુદા ગોત્રોમાં વહેંચાયેલા છે. જેવા કે -

| | |
|---|---|
| (૧) બરડા - ૫ | (૨) નીનામા - ૮ |
| (૩) અસોરા - ૧ | (૪) પરમાર - ૪ |
| (૫) ખોખરીયા- ૩ | (૬) તાવિડ - ૪ |
| (૭) બારા - ૧ | (૮) ડામોર - ૬ |



| | |
|---|---|
| (૯) ખરાડી - ૨ | (૧૦) કોટવાળ - ૪ |
| (૧૧) ભગોરા - ૧ | (૧૨) કટારા - ૧ |
| (૧૩) બોડાત - ૧ | |

૧૩ ગોત્રો હોવા છતાં સ્તરીકરણ નથી. બધા જ સરખા માનવામાં આવે છે. ગામમાં પોતાના ગોત્ર સિવાય લગ્ન વ્યવહાર પણ થાય છે. (તેમાં એક નિષેધ છે કે મામા-ફોઇના ગોત્રોમાં લગ્ન વ્યવહાર થતો નથી.)

બધા કુટુંબોમાં પ્રથમ કુટુંબ બરડાનું ગામમાં આવેલ હશે, કારણ કે વારસાગત પટલાઇ બરડા કુટુંબમાં છે. ગામના બધા કુટુંબો એકતાની લાગણી અનુભવે છે. કોઇના ઘેર લગ્ન કે મરણ પ્રસંગ હોય તો ગામના બધા જ કુટુંબો તેમાં ભાગ લે છે.

કુટુંબ પ્રથામાં વધારે પ્રમાણ વિભક્ત કુટુંબનું જોવા મળ્યું છે. ગામના કુટુંબો જોતા તેના પ્રકારો આ પ્રમાણે પાડી શકાય.

(૧) પતિ-પત્નિ અને કુવારા બાળકો વાળું કુટુંબ કે જેમાં યુવાન દિકરાનું લગ્ન થતાં તે જુદો રહે છે.

(૨) વિધવા હોય અને તેને ચાર જેટલા છોકરા થયા હોય તો બીજું લગ્ન ન કરતા પોતાના છોકરાઓ સાથે જ રહે છે.

(૩) કેટલાક કુટુંબોમાં પુરુષ લગ્ન કર્યા સિવાય (વિધીપૂર્વક લગ્ન કર્યા સિવાય) કોઇ સ્ત્રીને પોતાના ઘરમાં રાખી તે સ્ત્રીના આગળના પતિના છોકરા પણ સાથે રાખી નવિન પતિના ઘરમાં રહે છે.

(૪) એક કુટુંબમાં એક પુરુષની બે પત્નીઓની સાથે જ બન્નેના બાળકો સાથે રહેતા હોય છે.

(૫) કોઇ કુટુંબમાં પુત્ર ન હોય અને પુત્રી હોય તો ઘરજમાઇ તરીકે 'જમાઇ'ને રાખીને રહે છે. (અહીં બે કુટુંબ એવા છે કે પુત્ર છે છતાં જમાઇના ઘરવાળા સાથે જમાઇને ઝઘડો થયો હોવાથી સસરામાં સસરાની સાથે રહે છે.

(૬) નિ:સંતાન કુટુંબમાં માત્ર પતિ-પત્ની બે જ રહે છે. બેત્રણ કુટુંબ નિ:સંતાન છે. જે પોતાના ઢોર ચરાવવા માટે ગામમાંથી કોઇ કુટુંબમાંથી નાના છોકરા કે છોકરીને 'ગોવાળ' તરીકે સાથે જ રાખે છે.

(૭) સંયુકત કુટુંબ પણ છે કે જેમાં મા-બાપ પત્ની, પુત્ર, ભાઇ-ભાભી, વગેરે સાથે રહેતા હોય છે.

રીતરિવાજો:
---------

જન્મ બાલ્યાવસ્થા રજસ્વલાસ્ત્રી

રજસ્વલા સ્ત્રીને "ઘરમમાં છે" એમ કહેવામાં આવે છે. જયારે સ્ત્રી "ઘરમમાં" હોય ત્યારે સાત દિવસે નાય છે. તે રાંધવાનું કરતી નથી. તેમજ જાતિયસંબંધ પણ તે અરસામાં તેની સાથે રાખતા નથી.

(અહીં વિર..ો વસ્તુ તપાસમાં દેખાઇ આવી છે કે લગભગ ૯૦ ટકા પુરુષોને પ્રશ્ન પૂછવાથી જાણી શકાયું છે કે ગર્ભ 'પેટ ઉંચે આવે ત્યારે' ઓળખાય છે. કે જાણી શકાય છે. અથવા સ્ત્રી કહે ત્યારે. તો અહીં તાર્કીક રીતે કહી શકાય કે પુરુષો



સ્ત્રી "ઘરમમાં" આવે ત્યારે તેનાથી અજ્ઞાન હશે કે પછી ગર્ભ રહ્યા બાદ સ્ત્રી "ઘરમમાં" નથી આવતી તે વસ્તુથી અજ્ઞાન હશે. અથવા ઘરમમાં આવે અને તેના 'આચાર-વિચારો' હિન્દુઓના સંપર્કથી પાળતા હોય કે બહારની વ્યકિતને કહે જેથી પોતે નીચેની કોટિના ન ગણાય.)

ગર્ભ રહે ત્યારથી બાળક મોટી ઉંમરનું થાય ત્યાં સુધી કોઇ પ્રકારની વિધિ કરતા નથી. માત્ર કોઇએ માનતા રાખી હોય પુત્ર આવવા બદલ તો તે માનતા કરે છે. છોકરી કરતા છોકરો અવતરે તો સારું, એવી માન્યતા વધારે છે, તેનું કારણ એ છે કે છોકરો મોટો થઇ ખવડાવે ત્યારે છોકરી તો પારકા ઘેર ચાલી જવાની.

પ્રસુતિ:
-----

સુવાવડ સમયે પોતાની જ જાતની ગામની દાઇને બોલાવે છે. તેને ૧ રુપિયો કે કબજો અને ખાવાનું આપે છે. સાતમા દિવસે સુવાવડી સ્ત્રીને નવડાવવામાં આવે છે. સુવાવડ સમયે ખોરાકમાં ઘી, ગોળ, અને ઘઉ આપવામાં આવે છે. સુવાવડ બાદ તરત જ તેના શરીરે દારુ ઘસવામાં આવે છે. તેને પીવા માટે બે દિવસ બાદ અપાય છે. બાળકની નાળ ચપ્પાથી તોડવામાં આવે છે.

બાળક સાત વર્ષનું થતા બાદ અત્યારે કેટલાક કુટુંબો નિશાળે મોકલે છે. પણ તે સિવાયના બાળકો ઢોર ચરાવવા માટે જંગલમાં ગોવાળ તરીકે જાય છે. અથવા માતા-પિતા જંગલ જાય તો નાના ભાઇઓ તથા ભાન્ડુઓને રાખે છે.

લગ્ન:

લગ્નની ઉંમર ૧૬ થી ૨૨ વર્ષની ગણવામાં આવે છે.

લગ્નના પ્રકારો:

અહીં એક પત્નીત્વ અને બહુપત્નીત્વ બન્ને લગ્નો જોવા મળે છે. લગ્ન પ્રકારોમાં (૧) માબાપની પસંદગીના (૨) માબાપની પસંદગી પણ છોકરા કે છોકરીની પસંદગી આવશ્યક ગણાય તેવા (૩) ખેંચી લાવીને કરેલ લગ્ન (૪) નાસી જઇને કરેલ લગ્ન (૫) સાટા લગ્ન.

લગ્નના ઉપર પ્રમાણે પ્રકારો જોવા મળ્યા છે. પણ આ લગ્નમાં મામા-ફોઇના ગોત્રમાંથી કન્યા લાવવામાં આવતી નથી તે સિવાય ગામમાં અને ગામ બહાર પોતાની જાતીમાં લગ્નો થઇ શકે છે. લગ્ન માટે પ્રથમ સગાઇ કરવામાં આવે છે.

વિવાહ:

વિવાહ (સગાઇ) કરાવવા માટે વચ્ચે એક મધ્યસ્થી હોય છે. જેને 'વડકાળી' કહેવામાં આવે છે. તે વાત નક્કી કરીને આવે બાદ છોકરાના પિતા જોઇ આવે બાદ છોકરો અને બે માણસો જઇને પસંદ કરી આવે. પસંદ કરવામાં કન્યા અને જોવા જનાર બન્ને વાતચીતો કરતા નથી પણ એક બીજાને જુવે છે. પછી પસંદગી વિશેનો મત આપી ઘેર જાય છે. ઘેર આવ્યા બાદ અમુક દિવસે લગ્ન છે એમ સંદેશો કહેવરાવે છે.



જાન:-

તિથિ નક્કી કર્યા મુજબ તે દિવસે જાન જાય છે તેમાં ગામના બધા કુટુંબોને આમંત્રણ આપવામાં આવે છે. આ આમંત્રણમાં ચોખા હળદરવાળા કરી દરેકને ઘેર મુકી આવે છે. (ઉમરા ઉપર મૂકવામાં આવે છે.) આમંત્રણ મળવાથી ગામના લોકો જાનની સાથે જાય છે. તેમાં ૫૦ થી માંડી ૨૦૦૯ કતઓ સુધી જાય છે. સ્ત્રી, પુરુષો, બાળકો જાન ચાલતી જ જાય છે. ઢોલ વગાડતા વગાડતા અને ગાતા ગાતા જાય છે. પ્રથમ પુરુષો ગાય, બાદમાં સ્ત્રીઓ ગાય છે. જાન ગામના પાદરે પહોંચતા ગામના ૧૦ જેટલા વડિલો સામે આવીને મળે છે. એકબીજાને રામ રામ કરીને ચાલ્યા જાય છે. જાનનો ઉતારો ગામ બહાર એક ઝાડ નીચે આપવામાં આવે છે. ખાવા માટે દરેકે પોતપોતાના ત્યાંથી લઇ જાય છે. કન્યાને ઘેર વાસ અને ગુગળના લાકડા રોપી મંડપ બનાવેલ હોય છે. સાંજે લગ્ન કરવા માટે જાનને બોલાવે છે. જ્યારે માંડવે લોકો જાય ત્યારે તેને તેની સાસુ વધાવે છે, પછી મંડપમાં આવે છે. મંડપમાં એક ગાદલુ નાખેલ હોય જેના ઉપર લાડાને બેસાડી કન્યાને લાવવામાં આવે છે. કન્યાના આવ્યા બાદ એક અનુભવી માણસ બન્નેના છેડા બાંધી સાત ફેરા ફેરવે છે. આ સમયે વરપક્ષવાળા અને કન્યાપક્ષવાળા નાચતા હોય છે. દાપુ આ સમયે લેવામાં આવે છે. લગ્ન વિધિ પૂરી થયા બાદ જાન ઉતારે આવીને પોતાને ગામ જવા તૈયાર થાય છે. ગામમાં કોઇ પોતાના ગામની કુંવાસી હોય તો તે જાનને રોકે છે. તે જાનને એક બકરુ આપે છે, આ કુંવાસીને વર પક્ષ તરફથી એક સાડલો અને જમાઇને ધોતિયુ આપવામાં આવે છે. જાનની સાથે કન્યાને મોકલવામાં આવતી નથી. પણ બેચાર દિવસ બાદ કન્યા પક્ષના ૧૦ જેટલા માણસો

કન્યાને લઇને આવે છે. તે દિવસે કન્યા આવીને પાણીનું બેડું ભરવા જાય છે. પાણીનું બેડુ ભરીને આવે ત્યારે તે બેડુ તેનો પતિ ઉતરાવે છે. તે બાદ કન્યા તે પાણીમાંથી લોટો ભરીને પ્રથમ પોતાના પતિને પીવા આપે પછી પતિ કન્યાને પીવા આપે ત્યાર બાદ કન્યા તે માટલામાંથી સાસુ, સસરા, નણંદ, દિયર વગેરેને પાણી આપે છે. આ વિધિ બાદ કન્યા પોતાના પિયર પાછી જાય છે. પછી પાંચમા દિવસે પાંચ માણસો આણા ઉપર જઇને કન્યાને તેડી આવે છે, પછી કન્યા સાસરામાં રહે છે.

(લગ્નમાં દાપુ નકકી કરેલ છે ૮૫ રુપિયા, ૧ સોનાનો કાંટો (નાકમાં પહેરવાનો) અને ૬૦ તોલા ચાંદી, પણ રાજસ્થાનમાંથી કન્યા લાવે અથવા આવે તો ત્યાં દાપુ નકકી નથી. એટલે ૧૦૦ થી ૨૦૦ સુધી આપવા લેવાના વહેવારો છે.)

સાળીવટુ:
------

પત્નીનું મૃત્યુ થાય અને પત્નીની નાની બહેન કુવારી હોય તો તેની સાથે લગ્ન થઇ શકે છે.

દિયરવટુ:
--------

મોટો ભાઇ મરી જાય તો અને તેની પત્નીની ઉંમર બહુ મોટી ન હોય તો અથવા છોકરા કે છોકરી વધારે ન હોય અને નાનો ભાઇ કુવારો કે પરણિત હોય પણ તેની ઇચ્છા થાય તો તે તેની ભાભીને ઘરમાં બેસાડી શકે છે. આ લગ્ન વિઘસર કરવામાં આવતું નથી, પણ ઘરમાં બેસાડવામાં આવે છે.



છૂટાછેડા:
--------

પતિ કે પત્ની બનેમાંથી એકબીજાની ઇચ્છા સાથે રહેવાની ન હોય તો બંને એકબીજાથી છૂટા થઇ શકે છે. છૂટાછેડા ખૂબ સહેલાઇથી મળી શકે છે. તેમાં જાતિ પંચનો મોટો ભાગ છે. જાતિપંચના નિયમોનુસાર દંડ કે દાપુ પાછું આપીને છૂટા થાય છે. દા.ત. પત્નીને રાખવી ન હોય તો પત્નીને કાઢી મૂકે તો પતિને તેના દાપાની રકમ પાછી મળતી નથી પણ પત્ની નાસી જાય કે તેના બાપના ઘેર જતી રહે અને તે તેના પતિ સાથે રહેવા ઇચ્છતી ન હોય તો તેના પતિએ ભરેલ દાપુ પાછું આપવું પડે છે. આ દાપુ જયારે તે કન્યાને બીજુ લગ્ન થાય ત્યારે જ મળે. આમ દાપુ પાછું આપે એટલે છૂટાછેડા.

પુર્નલગ્ન:
------

છૂટાછેડા લીધેલ સ્ત્રી કે પુરુષ બીજી સ્ત્રી સાથે લગ્ન કરી શકે છે. છૂટાછેડા લીધેલ પુરુષને કુવારી કન્યા લગ્ન કરવા મળી શકે છે. પણ છૂટાછેડા લીધેલ સ્ત્રીને ભાગ્યે જ કુવારો પુરુષ મળી શકે છે.

વિધવા કે વિધુર પણ પુન:લગ્ન કરી શકે છે. વિધુર કુવારી કન્યા સાથે લગ્ન કરી શકે ને વિધવા સાથે પણ, ખાસ કરીને વિધુર અને વિધવા એક બીજાની સાથે જોડાય છે. કારણ કે કુવારી સ્ત્રી કદાચ જ મળે માટે વિધુર વિધવાને ઘરમાં લાવી શકે. વિધિસરનું લગ્ન થતું નથી. વિધવા સ્ત્રી કુવારા પુરુષ સાથે લગ્ન કરી શકે નહિ. પણ વિધુરના ઘરમાં જઇ શકે. એ પણ વિધિસરના લગ્નથી નહીં માત્ર તેના ઘેર જાય લગ્ન જેવી વિધી કરવામાં આવતી નથી. વિધવા

પુન:લગ્ન કરે અને તેમાં છોકરા હોય તો તે પોતાની સાથે લઇ જાય છે.

## મૃત્યુ:

મૃત્યુ બાદ તેના મૃતદેહને દફનાવવામાં આવે છે. જો ભગત હોય તો તેના મૃતદેહને બાળે છે.

મૃતદેહને ઉપાડીને લઇ જવા માટે ગામના માણસો બધા ભેગા થાય છે. બાદ તેને લઇ જઇને દફનાવી દે છે. મૃત્યુ પછી ૧૨ દિવસ સુધી ગામના અને સગા-સંબંધીઓ રોવા માટે આવે છે. ૧૨મા દિવસે નજીકના કુટુંબીઓ 'હુટકારુ' કરે છે. (હુટકારુ એટલે મૂછ અને માથુ મુંડાવી નાખવું તે) તે જ દિવસે બારમુ કરવામાં આવે છે. બારમાંમા ગામના અને સગાસંબંધીઓને આમંત્રણ અપાય છે. તે સમયે મકાઇનું જોડકું બનાવે છે. સ્ત્રીના મૃત્યુ બાદ ૧૧મા દિવસે અગિયારમું અને 'હુટકારુ' કરે છે. નાનું બાળક મરી ગયું હોય તો નાના છોકરાને ખવડાવે અથવા દૂધ પાય છે.

મોટા માણસનો શોક ૧૧ કે ૧૨ દિવસ એ લોકો પાળે છે. પણ તેઓ એક વર્ષ સુધીના તહેવારો (તેમનું કુટુંબ) ઉજવતું નથી.

મૃત્યુ વિશેની એમની માન્યતા એવી છે કે જીવ જતો રહેવાથી મરી જાય છે. પણ મૃત્યુ બાદ શું થાય છે તે જાણતા નથી તેમજ તેનો પુન:જન્મ થાય છે કે નહિ તે વિશે પણ કાંઇ જાણતા નથી.



## જાતિ પંચ:

સામાજિક સંગઠનને ટકાવી રાખવામાં જાતિપંચનો ભાગ જોવા મળે છે. જાતિ-પંચ એ બનાવેલ નિયમો અનુસાર જ ચાલે છે. આ નિયમો તોડનારને બહિષ્કાર અથવા તેના જેવી આકરી સજાઓ પણ કરે છે. આ ભયને લીધે સામાજિક સંગઠન મજબુત બને છે.

'સમસ્ત ગરાસિયા પંચ'માં પેટા પંચો આવેલા છે. આવા પેટા પંચો મળીને ગરાસિયા પંચ બને છે. આ પંચના સભ્યો પસંદગીના ધોરણે નિયુક્ત કરેલ છે. જેમાં ખાસ કરીને અનુભવી, વડીલ હોય તે, ગામમાં ઝઘડાઓનો ન્યાય કરનાર ગામપંચ હોય છે જેમાં ગામના આગેવાન ગણાતા અને અનુભવીને વડીલ માણસો ન્યાય કરી યોગ્ય સૂચનો આપે છે. જાતિપંચોનો સંબંધ સામાજિક બાબતો પૂરતો જ છે. તેમાં બનાવેલ નિયમોનો કોઇ ભંગ કરે અને સમાજમાં અવ્યવસ્થા કે અરાજકતા ઉભી ન થાય તે માટે તે વ્યક્તિને યોગ્ય દંડ કરી સામાજિક સંગઠન ટકાવી રાખે છે.

દા.ત. ગામમાંથી કોઇ વ્યક્તિ બીજાની પત્નીને લઇને નાસી જાય તો પંચ તેનો ૬૦૦ રુપિયા દંડ કરે છે. અને પત્નીને પાછી આપી દે તો ૩૦૦ રુપીયા દંડ કરે છે. આમ આકરા દંડ કરી સમાજમાં વ્યક્તિઓને પરંપરાગતતાના માળખામાં બાંધી રાખી સુસંવાદિતા રાખે છે.

## શિક્ષણ:

ગામમાં ૪ ધોરણની નિશાળ છે. તેમાં બધા બાળકો નિશાળ જતા નથી પણ ગોવાળમાં કે પછી નાના છોકરા રાખવા ઘેર રહે છે. ગામમાં કોઇ એસ.એસ.સી.

પાસ થયેલ નથી. શિક્ષણનું પ્રમાણ નહીવત્ જ છે.

જાતિય સંબંધ:
----------

કુવારા છોકરા-છોકરીઓમાં જાતિય સંબંધની છુટછાટ જોવા મળે છે, તેઓના સંબંધો હોય તો તે તરફ આંખ આડા કાન કરવામાં આવે છે. તે સંબંધો તેમના માટે સ્વાભાવિક ગણે છે. તેના બીજા સમાજોની માફક મોટું રુપ આપી દેતા નથી. કદાચ છોકરીને ગર્ભ રહે તો તેની સાથે તે છોકરો લગ્ન કરી લે અથવા તો તેને દૂરના ગામમાં લગ્ન કરી દેવામાં આવે છે. આ સિવાય તેમનામાં પરણિત સ્ત્રી કોઇની સાથે જાતિય સંબંધ બાંધે અને તેના પતિને જાણ થાય તો તેમાંથી ઝઘડા અને મારામારી થાય પણ તેમાં તેનો પતિ જો ચલાવી લે તો બીજાઓ કંઇ વાંધો લેતા નથી. જેમકે આ ગામમાં એક કુટુંબ છે, જેની આર્થિક સ્થિતિ સારી નથી તેમજ પોતે અપંગ છે તો તેની પત્ની ગમે તેની સાથે જાતિ સંબંધ બાંધી પૈસા મેળવે તેમાં તેના પતિને વાંધો ન હોવાથી બીજા કોઇ વાંધો ઉઠાવતા નથી.

ધાર્મિક જીવન:
-----------

આભાપુરના આદિવાસીઓમાં 'આત્મવાદ' દેખાઇ આવે છે. હિન્દુ ધર્મની થોડીક થોડીક અસર દેખાય છે. પણ તે માત્ર હિન્દુઓના બે-ત્રણ દેવ-દેવીઓને પૂજે છે. એ તો માત્ર તેમના દેવોમાં હિન્દુઓના બે-તણ દેવ-દેવીઓનો વધારો થયેલ છે. એ સિવાય હિન્દુ ધર્મની અસર તેમના દેવ-દેવીઓમાં દેખાતી નથી. તેઓ ઉત્સવમાં દશેરા, દિવાળી, હોળી, ઉત્તરાણ, નવરાત્રી વિ. મનાવે છે.



દશેરા:
- - -

દશેરાના દિવસે પોતાની કુળદેવીની માનતા કરે છે, જેમકે 'નીનામા' ગોત્રની કુળદેવી 'જાુવેર' છે, તે માતાને બકરુ ચડાવવામાં આવે છે.

દિવાળી:
- - -

દિવાળીમાં ઉત્સવમાં હિન્દુઓ જેટલી ધામધૂમ નહીં પણ માત્ર એક તહેવાર છે તે રીતે તેને ઉજવે છે. દિવાળીના દિવસે ગામ લોકો એકઠા થાય છે, અને 'ભીમખેડીયા દેવ'ની માનતા કરે છે. દર દિવાળીએ તે ડુંગર ઉપર ચડીને 'ધજા' રોપે છે અને ગામમાંથી પૈસા ઉઘરાવી બે બકરા લાવી તેનો વધ કરે છે, અને તેની પ્રસાદી દરેક ઘેર આપવામાં આવે છે.

હોળી :
----

તહેવારોમાં હોળીનો તહેવાર ખૂબ જ મસ્તીથી ઉજવવામાં આવે છે. હોળીના દિવસે ગામ લોકો એક જગ્યાએ એકઠા થઇને સ્ત્રી પુરુષો નાચે છે. તે દિવસે રાત્રી દરમ્યાન દારુ પી નાચ્યા કરે છે. હોળીના દિવસે દરેક મરઘુ કે બકરુ વધેરે છે, અને નવા કપડાં પહેરે છે.

ઉત્તરાયણ:
- - - -

ઉત્તરાયણ પોષ માસના પ્રથમ શુક્રવારે મનાવવામાં આવે છે. ઉત્તરાયણના દિવસે સવારમાંથી જ યુવાનો 'દેવચકલી' પકડવા નીકળી પડે છે. નાની નાની

ટોળી બની દરેક ટોળી એક 'એક ચકલીને પહેલા નજરમાં રાખી તેને ખૂબ દોડાવે છે વાર'વાર ઉડતા હોવાથી આખરે તે ચકલી થાકીને નીચે બેસવાથી તેને પકડી લાવે છે. આમ પકડેલ દેવચકલીઓને મુખીને ઘેર લાવવામાં આવે છે. ત્યાં દેવચકલીઓને તલ અને ઘી ખવડાવી તેમાંથી એક ચકલીને ઉડાડવામાં આવે છે. દેવચકલી ઘરની કે લીલા ઝાડ ઉપર બેસે તો એ વર્ષ સારું આવશે એમ માનવામાં આવે છે અને દેવચકલી સૂકા ઝાડ ઉપર બેસે તો વર્ષ (આગામી વર્ષ) દુકાળ પડશે એમ માનવામાં આવે છે. આ સિવાયની બીજી દેવચકલીઓ મુખ્ય માણસોના ઘેરથી ઉડાડવામાં આવે છે. પણ મહત્વ મુખીના ઘેરથી ઉડાડેલ ચકલીનું અંકાય છે. ચકલી પકડી લાવનાર ટોળા જેના ઘેર દેવચકલી લઇ ગયા હોય તે ટોળીના માણસોને રોટલા ખવડાવે છે. પછી બપોરે દડાથી ગામના માણસો ભેગા થઇસાંજ સુધી રમે છે. આ દડો ચમાર બનાવી આપે છે. જે દડામાં ચામડું અને અંદર ફાટેલા કપડના નાખી બનાવેલ હોય છે. બે ટુકડીઓ બની દડાથી રમે છે. સાંજે ઢોલ વાગે ત્યારે બધા સ્ત્રી-પુરુષો ભેગા થાય છે. અને પછી ગોળાકારમાં પહેલી લાઇન પુરુષોની અને બીજી લાઇન સ્ત્રીઓની એમ ગોઠવાય છે તેમાં પુરુષો પ્રથમ ગાય પછી સ્ત્રીઓ ગાય છે.

નવરાત્રી:

નવરાત્રીમાં 'ભુવા'ઓ પોતાની દેવીઓની માનતા કરે છે.

દેવદેવીઓ:

દેવ-દેવીઓમાં નુકશાન કરતા અને ભલુ કરતા એમ બે પ્રકારના દેવદેવીઓને માને છે. જે દેવ નુકશાન કરે તેવા હોય તેને પ્રસન્ન રાખવા બકરા કે



મરઘાનું બલિદાન આપે છે. અને તે સિવાયના દેવ-દેવીઓને મીઠી પુજા એટલે ચુરમુ અને શ્રીફળ ચઢાવવામાં આવે છે.

ભીમખેડીયા દેવ:

ભીમખેડીયા ડુંગર ઉપર તેનું સ્થાનક છે. તેની પુજા દિવાળીમાં કરે છે. તેના સ્થાનકે પુજા ચડાવી ગામ લોકો સમૂહમાં પૈસા એકત્ર કરી બે બકરા ચડાવે છે. તે સમયે ગામના 'ભુવા' એકઠા થઇને ધુણે છે.

ઝાંપા દેવ:

ઝાંપા દેવનું સ્થાનક દરેક ઘરના ઝાપામાં હોય છે. બાર મહિને એક દિવસ તેની પુજા કરી મરઘુ વધેરવામાં આવે છે. ઝાંપાદેવની પૂજા કરવાથી ઘરમાં ડાકણ કે બિમારી આવતી ઝાંપામાંથી જ આ દેવ રોકી રાખે છે, એમ માનવામાં આવે છે.

ઝાંપડી:

ઝાંપડી દેવીનું સ્થાનક ઘરમાં ભીંત ઉપર રાખવામાં આવે છે. જ્યા સ્થાનક હોય ત્યાં લાલ ચંદરવો બાંધે છે, અને નાની મોટી બાબતોમાં તેની માનતા રાખે છે. આ દેવીને એક વર્ષે મરઘુ અને બીજા વર્ષે બકરુ ચડાવવામાં આવે છે.

પાદર દેવી:

પાદર દેવીને ધરતી દેવી પણ કહે છે. આ દેવીની મીઠા પૂજા કરવામાં આવે છે. ( આ દેવીને માટીના ઘોડા ચડાવવામાં આવે છે) જયારે મકાઇ પાકી

જાય તે પછી ગામ લોકો ભેગા થઇને પાદરદેવીના સ્થાનકે જાય છે. તેનું સ્થાનક હરણાવ નદીના કિનારે આવેલ ડુંગરની એક ગુફામાં છે. ગામ લોકોની સાથે મુખી મકાઇના પાંચ ડોડા અને મકાઇમાંથી બનાવેલ ટોઠા (મકાઇને બાફીને બનાવે છે) તેમજ દેવીનો દીવો લઇ જાય છે. તે ત્યાં ગયા બાદ દેવીના સ્થાનકે મકાઇના ડોડાઓ અને ટોઠા ચડાવે છે. પછી પુરુષો-સ્ત્રીઓ ગીતો ગાય છે અને નાચે છે.

શીતળા:
-----

શીતળાની પુજા શીતળા સાતમને દિવસે કરે છે. ગામને શીતળામાંથી મુક્ત રાખવા માટે તે દિવસે મીઠી પુજા કરવામાં આવે છે.

મમેશ્વરી દેવી:
-----------

તેનું સ્થાનક પણ ડુંગરમાં છે. તેની આગળ બાર મહિને એક વખત મરઘું વધેરવામાં આવે છે. આ સિવાય કોઇની માનતા હોય તો તે આ દેવીને માટીના ઘોડા ચડાવે છે.

ભૈરવ:
-----

ભૈરવીની પણ પૂજા કરે છે, તેને બકરું કે મરઘુ ચડાવે છે.

ડાકણ:
-----

જીવતી સ્ત્રીને ડાકણ માનવામાં આવે છે. આ ડાકણની નજર કોઇને લાગી જાય તો તે વ્યકિતનું મરણ થાય છે. એમ માનવામાં આવે છે. આ ડાકણ કોઇ



પણ વ્યકિત કે સારી વસ્તુ કે ઢોરને પણ વળગે છે. તેનો વળગાડ ખૂબ જ ખતરનાક માનવામાં આવે છે. તેમાંથી બચવા ભૂવા પાસે જાય છે, ભૂવો ધૂણે છે અને લોખંડમાંથી બનાવેલ સાંકળો મારે છે. તેમજ બાધાઓ આપે છે.

ધાર્મિક જીવનમાં અગત્યનો ભાગ ભજવનાર ભૂવાને ગણવામાં આવે છે. ભૂવો સામાજિક ડોકટર તરીકેનું કાર્ય કરે છે. ગામમાં કોઇ બિમાર થાય, ઢોર દૂધ ન આપે, કે માંદુ થાય, કંઇ ખરાબ ઘટના બને, કે ડાકણ વળગે તો ભૂવાને બોલાવે છે. ભૂવો ધૂણે છે, અને બાધાઓ આપે છે. ગામમાં ત્રણ ભૂવાઓ છે. એક ભૈરવનો ભૂવો છે, એક ઝાંપડીનો અને એક ભૂવો મેલડીનો છે. આ દરેક ભૂવાને ત્યાં પોતાના દેવના સ્થાનકો છે. અને તેમની પાસે લોઢાની સાંકળો મારવા માટે છે. કોઇની બિમારીમાં ડોકટરને ત્યાં ન જતાં પ્રથમ ભૂવાની જ સલાહ લેવામાં આવે છે. આમ ગામમાં ધાર્મિક ક્ષેત્રે ભૂવાનું સ્થાન અગત્યનું ગણાય છે.

ડાકણને માને છે પણ ડાકણ કોણ છે તે જાણી શકાતું નથી. કદાચ જણાય તો તેનું નામ લેવાની કોઇની હિંમત ચાલતી નથી. કારણ કે ડાકણ મેલી વિદ્યા જાણે છે એમ માની લોકો તેનાથી ડરે છે.

શિક્ષણ
-----

ગામમાં હાલ ૧ થી ૪ ધોરણની શાળા છે. શાળાનું પોતાનું મકાન છે. જિલ્લા પંચાયત દ્વારા શાળા ચલાવવામાં આવે છે. ૧૯૬૧ની વસતિ ગણતરી પ્રમાણે ગામમાં ૩૪ સભ્યો અક્ષરજ્ઞાન લીધેલ હતા. હાલમાં શિક્ષણનું પ્રમાણ વધવા પામ્યું છે. ગામમાં ૨૫-૭-૬૩ ના રોજ સૌ પ્રથમ પ્રાથમિક શાળાની શરૂઆત થયેલી. આ સમયે

ગ્રાન્ટ ઇન એઇડ દ્વારા શાળા ચલાવવામાં આવતી હતી. આ શાળાની સ્થાપના કરવામાં ાલના શારણેશ્વરના મહંતનો ાળો નોંધપાત્ર છે. તેમના પ્રયત્નોને પરિણામે ગામમાં પ્રાથમિક શાળાની શરૂઆત થયેલી. ૩-૧૦-૬૭ થી શાળાનો વહિવટ જિલ્લા પંચાયતે લીધો છે. હાલ ૧ શિક્ષક છે, શિક્ષક આભાપુરના વતની છે. અને ત્યાંના આગેવાન આદિવાસી થાવરાજીના પુત્ર છે. શિક્ષક ગામના હોવાથી તથા આદિવાસી હોવાને કારણે શાળા વ્યવસ્થિત ચાલે છે. બાળકોની હાજરી પણ સારી રહે છે, અને શાળા નિયમિતપણે ચાલે છે. ૧૯૬૮-૬૯ ના વર્ષમાં જુદા જુદા વર્ષમાં અભ્યાસ કરતા વિધાર્થીઓની સંખ્યા નીચે પ્રમાણે હતી.

ધોરણવાર વિધાર્થીઓની સંખ્યા

| ધોરણ | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|
| પ્રથમ | ૧૮ | ૧૧ | ૨૯ |
| બીજું | ૮ | ૩ | ૧૧ |
| ત્રીજું | ૪ | ૩ | ૭ |
| ચોથું | ૫ | ૨ | ૭ |
| | ૩૫ | ૧૯ | ૫૪ |

(શાળાની માહિતી પરથી)



આથી કુલ ૨૭૬ ની વસતિમાંથી ૫૪ વિધાર્થીઓ હાલ એકથી ચાર ધોરણમાં અભ્યાસ કરે છે. વધુ અભ્યાસ માટે અંતરસુબા આશ્રમશાળા છે. અંતરસુબા આભાપુરથી ૩ માઇલને અંતરે આવેલું છે. ગામમાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોમાં છોકરા કરતાં છોકરીઓનું પ્રમાણ ઓછું છે. વળી પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિધાર્થીઓના પ્રમાણ કરતાં ચોથા વર્ષમાં અભ્યાસ કરતા વિધાર્થીઓનું પ્રમાણ ચોથા ભાગનું છે. ત્રીજા અને ચોથા વર્ષમાં અભ્યાસ કરતા વિધાર્થીઓનું પ્રમાણ સરખું છે. ઉપલા વર્ગમાં વિધાર્થીઓની સંખ્યા ઘટવાનું કારણ પ્રથમ ધોરણમાંથી અભ્યાસ છોડી ચાલ્યા જવાને કારણે યા તો પહેલા ધોરણમાં નાપાસ થવાથી અભ્યાસ છોડી દેવાને કારણે વિધાર્થીની સંખ્યા ઘટવા પામે છે.

## પ્રકરણ - ૩

### આભાપુર - ૧૯૬૯

**જમીન અને જમીનની જાત:**

ગામનો મહત્ત્વનો ધંધો ખેતી છે. ખેતીના ધંધા માટે જમીન એ મહત્ત્વનું સાધન ગણી શકાય. જમીનનું પ્રમાણ, જમીનની જાત અને ફળદ્રુપતા, જમીન કેવા સ્થળે આવેલી છે, વગેરે ખેતીના ધંધા માટે ખૂબ મહત્વની બાબતો છે. જમીન ખૂબ સારી અને વિશાળ પ્રમાણમાં હોય પરંતુ ખેતીને અનુકુળ આબોહવા ન હોય તો જમીન બહુ ઉપયોગી નીવડતી નથી. તેવી જ રીતે ખેતીને માટે ખૂબ જ અનુકુળ આબોહવા હોય પરંતુ જમીન કસ વગરની, ઢોળાવવાળી, પથ્થરવાળી, તેમજ ભેજ સંગ્રહી શકે તેવી ન હોય તો તે પણ ખેતી માટે અનુકુળ આવતી નથી. આથી જમીન કેટલી છે કેવા પ્રકારની અને કેવા વિસ્તારમાં છે તે બહુ ઉપયોગી અને મહત્ત્વની બાબતો છે.

વિજયનગર મહાલના આભાપુર ગામનો કુલ વિસ્તાર ૩૦૩૨ એકરનો છે. આમ વસતિના પ્રમાણમાં ગામનો વિસ્તાર ખૂબ જ વધારે છે. પરંતુ આ વિસ્તારમાંથી કેટલો વિસ્તાર ખેતીના ધંધા માટે ઉપયોગી છે તે તપાસીએ તો ચોક્કસ ખ્યાલ આવે કે વસતિના પ્રમાણમાં ખેતીલાયક વિસ્તાર વધારે છે કે ઓછો. આ જાણવા માટે ગામનો કુલ વિસ્તાર કેવી રીતે વહેંચાયેલો છે તે તપાસીએ.



| | એ. ગુંઠા | ટકામાં |
|---|---|---|
| જંગલ વિસ્તાર | ૨૪૨૩.૨૫ | ૮૦.૦ |
| સાર્વજનિક વિસ્તાર | ૧૬૩.૩૦ | ૬.૪ |
| કબજાની ખેડવા લાયક જમીન | ૧૯૫.૨૧ | ૬.૪ |
| સરકારી ખેડવા લાયક બીનકામની | ૭૫.૧૧ | ૨.૫ |
| માફીથી અગર ખાસ કરારોથી આકારે આપેલી જમીન | ૧૭૩.૧૭ | ૫.૭ |
| | ૩૦૩૧.૨૪ | ૧૦૦.૦ |

ગામના કુલ વિસ્તારના ૮૦ ટકા વિસ્તાર જંગલ વિસ્તાર છે. સમગ્ર જંગલ વિસ્તાર ડુંગરો અને જંગલોથી છવાયેલો છે. બાકી રહ્યો ૨૦ ટકા વિસ્તાર. ૨૦ ટકા વિસ્તારમાંથી ૫.૪ ટકા વિસ્તાર સાર્વજનિક કામો નીચેનો છે. ખાસ કરીને રસ્તા, મકાનો તથા નહેરને કારણે આટલો મોટો વિસ્તાર સાર્વજનિક કામ નીચેનો વિસ્તાર છે. બાકી રહેલ ૧૪.૬ ટકા વિસ્તાર ખેતી માટે અનુકુળ છે પણ તેમાંથી કબજાની ખેડવા લાયક જમીન કે જેના ઉપર માલીકી હકક ગણાતો હોય તેનું પ્રમાણ એ ૧૯૫.૨૧ નું છે. એટલે કે ગામના કુલ વિસ્તારમાંથી કુલ માત્ર કબજાની ખેતીલાયક જમીનનો વિસ્તાર માત્ર ૬.૪ ટકા જ છે. બાકીની ખેડવાલાયક જમીન બિન-માલીકીની છે. આ જમીન નિયમિત પણે વર્ષે વર્ષે ખેડવા માટે મળતી નથી. વળી જમીન ઉપર માલીકી હકક નહિ હોવાને કારણે તેની પૂરતી કાળજી રાખી શકાતી નથી. આ જમીન તદ્દન હલકી કક્ષાની હોવાને કારણે તેમાં થતું ઉત્પાદન પણ ખૂબ ઓછું હોય છે.

કબજાની ખેડવાલાયક જમીન કુલ ૫૮ ખાતેદારોમાં વહેંચાયેલી છે. જેમાંથી ગામના ખાતેદારો ૪૧ અને બહારગામના ખાતેદારો ૧૭ છે. કુલ ૫૮ ખાતેદારોની જમીન ૧૦૧ સર્વે નંબરોમાં વહેંચાયેલી છે. આ સર્વે નંબરો પણ નાના નાના ટુકડાઓમાં વહેંચાયેલા છે. ગામની કુલ માલીકીની જમીનનું ખાતેદાર પ્રમાણે વર્ગીકરણ કરીએ તો તે નીચે પ્રમાણે છે.

| | ખાતેદારો | કુલ જમીન એ. ગું. |
|---|---|---|
| ૦-૧ એકર સુધી | ૪ | ૧.૩૮ |
| ૧-૨ " | ૫ | ૮.૧૩ |
| ૨-૩ " | ૨૨ | ૫૩.૨૧ |
| ૩-૪ " | ૧૧ | ૩૮.૧૬ |
| ૪-૫ " | ૭ | ૨૬.૧૫ |
| ૫ થી વધુ એકર | ૯ | ૬૬.૩૮ |
| | ૫૮ | ૧૯૫.૨૧ |

ઉપરના આંકડા તપાસતાં જણાશે કે ૫૦ ટકા કરતા વધારે ખાતેદારો ૩ એકરથી ઓછી જમીન ધરાવે છે. ટકાવારી પ્રમાણે જુદી જુદી જમીન ધરાવતા ખાતેદારોનું વર્ગીકરણ નીચે પ્રમાણે છે.



| | ખાતેદારોના ટકા |
|---|---|
| ૧ એકર સુધી | ૭ |
| ૨ એકર સુધી | ૧૬ |
| ૩ એકર સુધી | ૫૩ |
| ૪ એકર સુધી | ૭૩ |
| ૫ એકર સુધી | ૮૪ |
| પાંચ એકર અને તેનાથી વધુ | ૧૦૦ ટકા |

ઉપરના વર્ગીકરણ પરથી જાણી શકાય છે કે ૮૪ ટકા જેટલા ખાતેદારો પાસે ૫ એકર યા તેનાથી ઓછી જમીન છે. આ વિસ્તારમાં ખાતેદાર દીઠ ૫ એકર જમીનનું પ્રમાણ આર્થિક દ્રષ્ટિએ પૂર્ણ ગણાય નહિ. એટલે કે ૮૪ ટકા જેટલા કુટુંબો પાસેનું ખેડાણ ઘટક બિનઆર્થિક છે. જ્યારે ૧૬ ટકા કુટુંબો પાંચ એકર કરતાં વધુ જમીન ધરાવે છે. આમાં પણ ૧૦ એકર કે તેથી વધુ જમીન ધરાવતા કુટુંબોનું પ્રમાણ ગામમાં બિલકુલ નથી.

ગામની જમીન એકંદરે સપાટ છે. મકાઇ, ઘઉં તથા ચણાના પાક માટે જમીન અનુકુળ છે. નજીકના ગામ ધોળી,વાવમાં શેરડીનું વાવેતર પણ કરવામાં આવે છે. અને શેરડીમાંથી ગોળ પણ સ્થળ ઉપર જ બનાવવામાં આવે છે. આંતરસુબા તથા ધોબીતળાવ ગામમાં કુવા દ્વારા સિંચાઇની સગવડ છે જ્યારે આભાપુરમાં આ સગવડ નથી. જોકે દુબારી વાવેતરમાં ઘઉં તથા ચણાનું વાવેતર કરવામાં આવે છે. પાછળનો વરસાદ સારો હોય તો હરણાવના બંધનું પાણી ગામની કેટલીક જમીનને મળે છે અને તે દ્વારા ઘઉં યા ચણાના પાકનું વાવેતર કરવામાં આવે છે.

વિજયનગર મહાલમાં દુવારી વાવેતરના વિસ્તારનું પ્રમાણ વધારે છે અને ચોખા વાવેતર હેઠળના વિસ્તારના ૫૩.૫૭ ટકા વિસ્તારમાં દુબારી વાવેતર કરવામાં આવે છે. જિલ્લા અને રાજયની આ ટકાવારી અનુક્રમે ૯.૨૮ અને ૫.૮૯ ની જ છે. આની સરખામણીએ વિજયનગર મહાલમાં દુબારી વિસ્તારનું પ્રમાણ ઘણું છે. આભાપુરમાં પણ આ રીતે નહેરનું પાણી મળે તેટલી જમીન દુબારી વાવેતર કરી શકાય છે. ચણા જેવો પાક તો બિનપિયતથી પણ કરી શકાય છે. પણ પાછલો વરસાદ હોય તો જ આ પાક પાકી શકે છે.

અગાઉ આપણે ગામની કુલ ખેતીની જમીન અને ખાતેદારો વચ્ચે તે જમીનની વહેંચણીનું વર્ગીકરણ આપેલ. આમાં કેટલાક ખાતેદારો બહારગામના હોવાને કારણે ગામની જમીનમાંથી બધા જ જમીન ગામના લોકોને ભાગે આવતી નથી. તપાસેલ ૪૧ આદિવાસી કુટુંબો દ્વારા ખેડાયેલી જમીનનું વર્ગીકરણ કરીએ તો તે નીચે પ્રમાણે છે. આ વર્ગીકરણમાં માલીકીની જમીનનો તથા એક સાલ ખેડવા માટે મેળવેલ જમીનનો પણ સમાવેશ થાય છે. જોકે એક સાલ ખેડવા માટે મેળવેલ જમીનની ચોકકસ માહિતી ગામના ખેડૂતો પાસેથી મળતી નથી અને એ જમીનના વિસ્તાર વિષેનો પણ ચોકકસ ખ્યાલ તેમને હોતો નથી. આ રીતે ખેડવા માટે આપેલ જમીનનું વર્ગીકરણ યા માહિતી સરકારી રેકર્ડમાંથી પણ મળી આવતી નથી. આવી તપાસના કુટુંબોએ જે કઇ માહિતી પૂરી પાડી છે. તેનો જ આમાં સમાવેશ કર્યો છે. આ રીતે જોતાં કુલ ૪૧ કુટુબો પાસે ૧૬૫ એકર જમીન હતી. જેમાંથી ૨૩ એકર જમીન એક સાલી ખેડ્વા લીધી હતી અને બાકીની ૧૪૨ એકર જમીન માલિકીની હતી. કુલ ૧૬૫ એકર જમીન જુદા જુદા ખાતેદારો દીઠ કેવી રીતે વહેંચાયેલી છે તે આપણે તપાસીએ.



જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ જમીન તથા જુદા જુદા કદમાં જમીનના ટકા

| જમીનનું કદ | કુટુંબ સંખ્યા | વિસ્તાર એ. ગુંઠા | કુટુંબદીઠ જમીન | કુલ કુટુંબોના ટકા | કુલ જમીનના ટકા |
|---|---|---|---|---|---|
| ૦-૨૫ | ૧૬ | ૨૪.૩૬ | ૧.૧૨ | ૩૯.૧ | ૧૫.૨ |
| ૨-૫-૫ | ૧૬ | ૬૮.૨૧ | ૪.૧૬ | ૩૯.૧ | ૪૧.૨ |
| ૫-૭૫ | ૬ | [illegible].૩૦ | ૫.૩૮ | ૧૪.૬ | ૨૧.૮ |
| ૭-૫-૧૦ | ૧ | ૮.૨૧ | ૮.૨૧ | ૨.૪ | ૫.૪ |
| ૧૦-૧૫ | ૧ | ૧૦.૦૧ | ૧૦.૦૧ | ૨.૪ | ૬.૧ |
| ૧૫ [illegible] વધુ | ૧ | ૧૭.૧૬ | ૧૭.૧૬ | ૨.૪ | ૧[illegible].૩ |
| કુલ | ૪૧ | ૧૬૫.૦૫ | ૪.૦૧ | ૧૦૦ ટકા | ૧૦૦ ટકા |

અગાળના સરકારી દફતર પરથી કરેલ વર્ગીકરણ પ્રમાણે કોઇ પણ કુટુંબ પાસે ૧૦ એકર કરતા વધારે જમીન નથી. જયારે અહીંયા ૧૦ એકર કરતા વધુ જમીન ધરાવતા કુટુંબોની સંખ્યા બેની છે. અને તે બે કુટુંબો કુલ જમીનના ૧૬.૩ ટકા જમીન ધરાવે છે. અગાળના વર્ગીકરણમાં ખાસ માલીકીની જમીનની ગણતરી કરેલ છે. અને બીજુંબહારગામના ખાતેદારો કે જે આભાપુરમાં પણ જમીન ધરાવતા હોય તેમનો પણ તે વર્ગીકરણમાં સમાવેશ થાય છે. ઉપરના વર્ગીકરણમાં પાંચ ગામના ખેડૂતોનો જ સમાવેશ થાય છે. વળી આમાં બિનમાલીકીની જમીનો ખેડતા હોય તો તેનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આને કારણે ૧૦ એકર કરતા વધુ જમીન ખેડતા

ખાતેદારોની સંખ્યા પણ બેની આવે છે.

કુટુંબદીઠ સરેરાશ જમીનનું પ્રમાણ ૪.૦૧ એકરનું છે. પરંતુ ૩૯.૧ ટકા કુટુંબો સરેરાશ ૧ એકર ૧૨ ગુંઠા જમીન જ ધરાવે છે. સરેરાશ પાંચ એકર કરતાં વધુ જમીન ધરાવતા કુટુંબોની સંખ્યા નવની છે. એટલે કે કુલ કુટુંબોના માત્ર ૨૧.૮ ટકા કુટુંબો જ પાંચ એકર કરતા વધારે જમીન ધરાવે છે. ગામની ખેડી શકાય તેવી જમીનનું પ્રમાણ ૪૪૪ એકરનું છે. આમાંથી હજુ સુધી જે જમીન ખેડાણ નીચે ન આવી હોય તેને સત્વરે ખેડાણ નીચે લાવવી જોઇએ અને ગામમાં ખુબ જ ઓછી જમીન ધરાવતા ખેડુતોને તે વહેંચી આપવી જોઇએ. જો આમ કરવામાં આવે તો ખેડાણ લાયક જમીનનો પૂરો ઉપયોગ થઇ શકે અને ખૂબ ઓછી જમીન ધરાવતા લોકોને ખેતી થઇ શકે તેટલી જમીન પણ મળી શકે. આ રીતે જમીન મેળવવા માટે ગામના ખેડૂતો તરફથી પ્રયત્નો ચાલે છે, પરંતુ તેમાં સફળતા મળતી નથી.

ગામનો એક યુવાન આદિવાસી ખેડૂત કે જેની પાસે માત્ર ૦-૩૦ ગુંઠા જમીન છે અને પાંચ સભ્યો છે. આ ખેડૂતે સાબરકાંઠા જિલ્લાના કલેકટરશ્રીને છેલ્લા ત્રણ વર્ષથી એક સાલી જમીન મેળવવા માટે અરજી કરેલ છે પરંતુ તે બાબતમાં સરકાર તરફથી યોગ્ય પ્રત્યુત્તર મળ્યો નથી. હાલ તે માત્ર ૦-૩૦ ગુંઠા જમીનમાંથી જે ઉપજ આવે છે તે અને અન્ય મજુરી દ્વારા પોતાની આજિવીકા મેળવે છે.



## ધંધો રોજગારી અને આર્થિક બાબતો

આ વિભાગમાં ગામની વસતિ કયા કયા ધંધામાં રોકાયેલી છે તે અંગે ચર્ચા કરીશું. સૌ પ્રથમ ૧૯૬૧ના સેન્સસ પ્રમાણે ગામની વસતિનું ધંધાકીય વર્ગીકરણ કરીશું અને તે વર્ગીકરણને તાલુકા તથા જિલ્લાના વર્ગીકરણ સાથે સરખાવીશું. ત્યારબાદ ગામના તપાસેલ કુટુંબ પરથી જે માહિતી મળી આવેલ છે તે અંગે ચર્ચા કરીશું.

કુલ વસતિમાં કામ કરતી વસતિ અંગેની માહિતી આપણે અગાળ ઉપર નોંધી છે. તેમાં સૌથી વધારે કામ કરતી વસતિનું પ્રમાણ આભાપુર ગામમાં છે. હાલમાં પણ ગામમાં કામ કરતી વસતિની ટકાવારી ૪૭.૮ ટકાની છે.

ધંધાકીય માળખાની રીતે તપાસીએ તો ગામમાં ધંધાકીય માળખામાં ખાસ ફેરફાર થયા નથી. ખેતી એ જ ખાસ મહત્ત્વનો આજીવીકા માટેનો ધંધો છે. ૧૯૬૧ના સેન્સસ પ્રમાણે રાજ્ય, જિલ્લા, મહાલ અને ગામમાં જુદા જુદા ધંધામાં રોકાયેલી વસતિનું પ્રમાણ નીચે પ્રમાણે છે.

| | ગુજરાત રાજ્ય | સાબરકાંઠા જિલ્લો | વિજયનગર મહાલ | આભાપુર ગામ |
|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | ૪ |
| ખેતી | ૫૩.૩૨ | ૭૪.૧૫ | ૯૧.૧૫ | ૯૪.૦ |
| ખેતમજૂરી | ૧૪.૭૭ | ૬.૮૪ | ૧.૩૨ | - |
| ખાણ, પશુપાલન, મત્સ્ય અને જંગલ | ૧.૨૪ | ૧.૦૨ | ૦.૫૩ | ૧.૦૫ |

| | ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|---|
| ગૃહ ઉધોગ | ૬.૫૦ | ૪.૯૪ | ૨.૭૩ | - |
| ગૃહઉધોગ સિવાયના ઉધોગ | ૬.૩૩ | ૧.૧૮ | ૦.૦૩ | ૦.૦૯ |
| બાંધકામ | ૧.૦૬ | ૧.૧૨ | ૦.૧૮ | - |
| વેપાર | ૪.૮૫ | ૩.૩૩ | ૧.૨૫ | ૩.૦૭ |
| વાહન-સદેશા વ્યવહાર | ૧.૮૮ | ૦.૫૬ | ૦.૧૮ | - |
| અન્ય સેવાઓ | ૯.૯૯ | ૬.૮૬ | ૨.૬૩ | - |
| કુલ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

આભાપુરમાં કામ કરતી વસતિના ૯૪ ટકા લોકો માત્ર ખેતીના ધંધામાં જ રોકાયેલા છે. એટલે કે ૯૪ ટકા લોકોનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે. રાજય, જિલ્લા અન મહાલમાં ખેતીના ધંધામાં રોકાયેલી વસતિની સરખામણી કરીશું તોજણાશે કે ગુજરાત રાજયમાં ખેતીના ધંધામાં રોકાયેલી વસતિનું પ્રમાણ સૌથી ઓછું છે. જયારે તેની સરખામણીમાં જિલ્લામાં ખેતીના ધંધામાં રોકાયેલ વસતિનું પ્રમાણ વધારે છે. જિલ્લા કરતા વિજયનગર મહાલમાં અને મહાલ કરતા પણ ગામમાં ખેતીના ધંધામાં રોકાયેલ વસતિનું પ્રમાણ વધારે છે. જોકે ખેતમજૂરી કે જે ખેતી પછીનો મહત્વનો ધંધો છે અને જેમાં ૧૪.૭૭ ટકા વસતિ રોકાયેલી છે તે ધંધામાં આભાપુર ગામમાં એક પણ વ્યકિત રોકાયેલી નથી. આનું કારણ ગામમાં ખેતી માટેની જમીનનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. આથી દરેક કુટુંબને પોતાની ખેતીમાં જ પૂરા સમય માટે રોજગારી



મળી શકતી નથી તો પછી બીજા લોકોને પૈસા આપીને તો મજૂરી કેવી રીતે આપી શકે. ખેતીનો ધંધો ઉધોગ તરીકે વિકાસ પામ્યો નથી. આને કારણે ખેતીના ધંધામાં મજૂરોની જરુર પડતી નથી. ખેત મજૂરીના ધંધામાં રોકાયેલી વસતિનું પ્રમાણ વિજયનગર મહાલ તથા સાબરકાંઠા જિલ્લામાં પણ રાજયની સરખામણીએ નીચું છે. ખાણ, પશુ, મત્સ્ય વગેરે ધંધાઓમાં રોકાયેલી વસતિની ટકાવારી આભાપુર ગામમાં ૧.૫ ની છે. આ ટકાવારી રાજય, જિલ્લા અને મહાલની ટકાવારી કરતા વધારે છે. આનુ કારણ ગામમાં જંગલ વિસ્તાર છે અને જંગલ વિસ્તારમાં અમુક સમય પૂરતી રોજગારી મળી રહે છે. ગૃહઉધોગના ધંધામાં એક પણ વ્યકિત રોકાઇ નથી. ખેતી પછીનો મહત્વનો રોજી આપતો ધંધો વેપારનો છે. કુલ કામ કરતી વસતિના ૩.૭ ટકા લોકો વેપારના ધંધામાં રોકાયેલા છે. વેપારના ધંધામાં રોકાયેલી વસતિ બિનઆદિવાસીની છે. આથી આદિવાસીઓની ૧૦૦ ટકાની વસતિ પ્રાથમિક ધંધાઓમાં રોકાયેલી છે. નોકરીના ધંધામાં કામ કરતી વસતિનું પ્રમાણ પણ ગામમાં બિલકુલ નથી.

ગામના આદિવાસીઓ માટે હાલમાં મહત્વના કહી શકાય તેવા ધંધામાં ખેતી, જંગલમજૂરી તથા જંગલપેદાશો એકઠા કરવાના ગણી શકાય. નજિકના ભવિષ્યમાં અહિંયા બીજા ધંધા દ્વારા લોકોને રોજગારી પૂરી પાડી શકાય તેવી કોઇ શકયતાઓ રહેલી નથી. તેમને માટે તો હાલની ખેતીની પધ્ધતિમાં ફેરફાર કરી નવી ખેતીની ટેકનિકો દ્વારા એકરદીઠ ઉત્પાદન વધારી ને જ આવકો તથા આર્થિક સ્થિતિ સુધારી શકાય.

તપાસને આધારે મળેલ માહિતી પરથી તેમનું ધંધાકીય માળખું તપાસીએ તો તે નીચે પ્રમાણે છે.

| | કમાણી કરનાર | બિનકમાનાર | | કુલ |
|---|---|---|---|---|
| પુરુષ | ૬૨ | ૯ | ૭૧ | ૫૧.૧ |
| સ્ત્રી | ૬૩ | ૭ | ૭૦ | |
| બાળકો | ૭ | ૧૨૮ | ૧૩૫ | ૪૮.૯ |
| કુલ | ૧૩૨ | ૧૪૪ | ૨૭૬ | ૧૦૦.૦% |

કુલ ૨૭૬ની ગામની આદિવાસી વસતિમાંથી ૧૩૨ કમાણી કરનાર અને ૧૪૪ બિનકમાનાર છે. કમાણી કરનાર ૪૭:૮ ટકા અને બિનકમાનાર વસતિ ૫૨.૨ ટકા છે. ૧૯૬૧ના સેન્સસ પ્રમાણે ગામમાં કામ કરતી વસતિની ટકાવારી ૫૮.૫ ટકાની હતી. હાલમાં આ ટકાવારીમાં ઘટાડો થયો છે. કમાણી કરનારમાં કામ કરી શકે તેવી ઉંમરના સ્ત્રી-પુરુષો કામધંધામાં રોકાયેલા છે. કામ ન કરતી વસતિમાં બાળકોનું પ્રમાણ વધારે છે. ગામની કુલ વસતિમાં બાળકોનું પ્રમાણ ૪૮.૯ ટકા અને મોટી ઉંમરના સ્ત્રી-પુરુષની ટકાવારી ૫૧.૧ ટકા છે. બાળકોનું પ્રમાણ વધારે હોવાથી અને તેમાં કામ કરતાં બાળકોની સંખ્યા ખૂબ જ નજીવી હોવાને કારણે હાલમાં કામ કરતી વસતિની ટકાવારી ૧૯૬૧ ની સરખામણીમાં ઘટી છે.

કમાણી કરતા ૧૩૨ સભ્યોમાંથી ૧૨૯ ખેતીમાં રોકાયેલા છે અને ૩ નોકરીના ધંધામાં રોકાયેલા છે. ખેતીના ધંધામાં બારે મહિના પૂરો સમય કામ મળી રહેતું નથી. આથી ખેતીના ધંધામાં કામ કરતા કેટલાક સભ્યો જંગલમજૂરી કરવા તથા અન્ય જે કંઇ મજુરી મળે તો તેમાં કામ કરવા જાય છે. હાલમાં પણ ખેતીના ધંધામાં મજૂરી મળતી નથી. નોકરીના ધંધામાં કામ કરતી ત્રણ વ્યક્તિમાંથી એક ગામની



પ્રાથમિક શાળામાં શિક્ષક છે અને બે વ્યક્તિઓ ગામમાં વોરાની દુકાનમાં કામ કરે છે.

ખેતી:-

આગળ ધંધાનું વર્ગીકરણ તપાસ્યું. ગામમાં કામ કરતી વસતિ ખેતીના ધંધામાં જ રોકાયેલી છે તે ધંધાકીય વર્ગીકરણ પરથી જાણવા મળ્યું. ખેતીમાંથી થતું ઉત્પાદન તે ખેતીના ધંધામાં મહત્વનું ગણી શકાય. આથી ખેતીનું ઉત્પાદન તથા તેને અસર કરતાં પરિબળોનો વિચાર કરીએ. ગામની ખેતીમાં મુખ્ય કયા પાકોનું વાવેતર કરવામાં આવે છે તે પણ જોઇએ.

તુલવારી (આભાપુર)

| પાકનું નામ | ૧૯૬૧-૬૨ | ૧૯૬૭-૬૮ | ૧૯૬૭-૬૮ તપાસના કુટુંબો પાસેથી મળેલ માહિતી |
|---|---|---|---|
| મકાઇ | ૧૨૧.૩૩ | ૧૩૫.૨૩ | ૧૨૭.૧૯ |
| ડાંગર | ૪૭.૦૪ | ૨૬.૩૩ | ૮.૦૫ |
| કોદરી | ૬.૩૯ | ૧.૩૧ | ૦.૩૦ |
| કુરી | ૧૪.૩૬ | ૭.૦૦ | ૦.૧૦(જુવાર) |
| ઘઉં | ૬૭.૨૮ | ૧૦.૨૮ | ૬.૨૮ |
| હલકાં ધાન્ય | ૧૩.૧૫ | ૧૬.૨૪ | ૭.૩૯ |
| અડદ | ૧૩.૩૧ | ૫.૦૨ | ૧.૦૦ |
| ચણા | ૭૦.૦૯ | ૯૫.૩૯ | ૪૭.૧૪ |

| | | | |
|---|---|---|---|
| તલ | ૧.૦૦ | ૨૩.૧૭ | ૨.૧૯ |
| સરસવ | ૧૦.૨૦ | - | - |
| કપાસ | ૧.૦૦ | - | - |
| ગવાર | - | ૨૨.૩૭ | .૭ |
| મગફળી | - | ૨૧.૦૬ | ૦.૨૦ |
| | -------- | -------- | -------- |
| | ૩૬૮.૧૫ | ૩૪૭.૦૦ | ૨૦૨.૩૧ |
| દુબારી વાવેતર | ૧૨૭.૦૭ | ૯૫.૨૦ | ૩૬.૨૬ |
| ચોખ્ખો વાવેતર વિસ્તાર | ૨૪૧.૦૮ | ૨૫૧.૨૦ | ૧૬૫.૦૫ |

૧૯૬૨ના વર્ષ કરતા ૧૯૬૭-૬૮ ના વર્ષમાં કુલ વાવેતરના વિસ્તારમાં ઘટાડો થવા પામ્યો છે. અને તેનું મુખ્ય કારણ દુબારી વાવેતરમાં થયેલ ઘટાડાનું છે. ચોખ્ખો વાવેતર નીચેનો વિસાર ૧૯૬૧ના વર્ષ કરતા ૧૯૬૭ના વર્ષમાં વધારે છે. ૧૯૬૮ માં દુબારી વિસ્તારમાં ઘટાડોથવાનું મુખ્ય કારણ ૧૯૬૧ કરતા ૧૯૬૮ માં સિંચાઇ નીચેનો વિસ્તાર ૮૦ એકરનો હતો જે ઘટીને ૧૯૬૮ના વર્ષમાં ૫૫ એકરનો થયો છે. વળી છેલ્લા વરસાદ ઉપરપણ દુબારી વાવેતરનો આધાર રહેલો છે.

તપાસ પરથી આપેલ તુલવારી અને સરકારી રેકર્ડ પરથી આપેલ તુલવારીમાં તફાવત છે. આનું મુખ્ય કારણ સરકારી રેકર્ડમાં બહારગામના ખાતેદારોની માહિતીનો પણ સમાવેશ થાય છે. જ્યારે તપાસ પરથી રજુ કરેલ તુલવારીમાં માત્ર તપાસેલ કુટુંબો પરથી જ તુલવારી નક્કી કરેલ છે. ગામના કુટુંબોમાં પણ બે ચમાર કુટુંબ,



બ્રાહ્મણ કુટુંબ, વગેરેનો સમાવેશ કરેલ નથી. આથી તેમણે વાવેતર કરેલ વિસ્તારનો પણ સમાવેશ થતો નથી. આને કારણે તપાસેલ કુટુંબ પરથી જે તુલવારી આપવામાં આવી છે તેમાં કુલ વાવેતરનો વિસ્તાર, દુબારી વિસ્તાર તથા ચોખ્ખો વાવેતરનો વિસ્તાર સરકારી રેકર્ડ પરથી મેળવેલ વિસ્તાર કરતા ઓછો આવે છે. ત્રણે વર્ષની ટકાવારી પરથી જોઇશું તો ગામનો મહત્વનો પાક ૧૯૬૧ થી ૧૯૬૮ સુધી મકાઇનો રહયો છે. આ સિવાય ઘઉ, ચણા, ડાંગર વગેરે ધાન્યપાકોનું વાવેતર ગામમાં કરવામાં આવે છે. ઘઉંના વાવેતરના વિસ્તારમાં ઘટાડો થતો ગયો છે, જયારે ચણાના વાવેતરનો વિસ્તાર વધ્યો છે. આનું કારણ ઘઉંના પાકને વધારે પાણીની જરુર પડે છે જયારે ચણા માત્ર એકાદ પાણીથી પણ પકવી શકાય છે. હાલમાં ગામમાં જે કેનાલ દ્વારા સિંચાઇ થતી હતી તેની પાણી સંગ્રહની શકિતમાં ખૂબ ઘટાડો થયો છે. આને કારણે ઓછા પાણીથી પકવી શકાય તેવો ચણાના પાકનું વાવેતર ઘઉંની અવેજીમાં કરવામાં આવે છે. આગળ આપેલ તુલવારીના આંકડાને ટકામાં તપાસીશું તો તેમાં થયેલ ફેરફારોનો ખ્યાલ વધુ સ્પષ્ટ થશે.

| | ૧૯૬૧-૬૨ (સરકારી દફતર પરથી) | ૧૯૬૭-૬૮ (તુલવારી ટકામાં) (સરકારી દફતર પરથી) |
|---|---|---|
| મકાઇ | ૩૩.૧ | ૩૯.૨ |
| ડાંગર | ૧૨.૭ | ૭.૮ |
| હલકાં ધાન્ય | ૯.૫ | ૭.૨ |
| ઘઉં | ૧૮.૪ | ૩.૨ |
| અડદ | ૩.૮ | .૧.૪ |
| ચણા | ૧૯.૦ | ૨૭.૦ |

| | | |
|---|---|---|
| તલ | ૦.૩ | ૬.૬ |
| સરસવ | .૯ | - |
| કપાસ | ૦.૩ | - |
| ગવાર | - | ૦.૮ |
| મગફળી | - | ૬.૧ |
| કુલ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

૧૯૬૧-૬૨ અને ૧૯૬૭-૬૮ ના વર્ષની તુલવારીની ટકાવારી તપાસતા જણાશે કે મકાઇના વાવેતરમાં વધારો થયો છે જ્યારે મહત્વના ધાન્ય પાક ડાંગર અને ઘઉંના વાવેતરમાં ઘટાડો થયો છે. આ બંને પાકના વાવેતરના વિસ્તારમાં ઘટાડો થવાનું મુખ્ય કારણ સિંચાઇની શક્તિમાં ઘટાડો થવાનું છે. ચણાના વાવેતરમાં વધારો થયો છે. તેલીબિયામાં તલના વાવેતરમાં વધારો થયો છે, જ્યારે સરસવનું વાવેતર ૧૯૬૧ માં થતું હતું કે ૧૯૬૭-૬૮ માં થતું નથી. રોકડિયા પાકોમાં તલ અને ચણા એ મહત્વના પાક ગણી શકાય. કપાસનું વાવેતર તો આ વિસ્તારમાં હજુ સુધી બિલકુલ થતું નથી. કપાસના વાવેતર માટે આબોહવા અનુકુળ નહીં હોવાથી તપાસનું વાવેતર થતું નથી. શિયાળામાં આ વિસ્તારમાં સખત ઠંડી પડે છે અને આ ઠંડીમાં કપાસનો પાક બચી શકતો નથી. આને કારણે તેઓ કપાસનું વાવેતર કરતા નથી. હલકા ધાન્યોનું વાવેતર પ્રથમ કુલ વાવેતર નીચેના વિસ્તારના ૯.૫ ટકા વિસ્તારમાં થતું હતું તે ઘટીને ૧૯૬૭-૬૮ માં ૭.૨ ટકા થયું. આમ મકાઇ, ચણા, અને તલના વાવેતર વિસ્તારમાં વધારો અને ઘઉં, ડાંગર અને હલકા ધાન્યના વાવેતરમાં



ઘટાડો નોંધાયો છે. નવા પાકોમાં મગફળી ગણી શકાય. ૧૯૬૧ના વર્ષમાં ગામમાં મગફળીનું વાવેતર બિલકુલ હતું નહિ. જ્યારે ૧૯૬૭-૬૮ માં કુલ વાવેતરના વિસ્તારમાંથી ૬.૧ ટકા વિસ્તારમાં મગફળીનું વાવેતર કરવામાં આવેલ છે. મગફળી માટે જમીન ખાસ અનુકૂળ આવતી નથી તેમ ત્યાંના ખેડૂતોનું માનવું છે. અને આને કારણે મગફળીનું વાવેતર વધવાની શકયતાઓ રહેલી નથી. તપાસના આંકડા પરથી મગફળીનું એકરદીઠ ઉત્પાદન માત્ર ૮૦ કિલોનું છે. આ ઉત્પાદન ઘણુંજ ઓછું ગણાય આટલા ઓછા ઉત્પાદનને કારણે મગફળીનું વાવેતર આર્થિક રીતે પણ પોસાય તેમ નથી.

આગળ જોયું તેમ ગામમાં દુબારી વાવેતર નીચેનો વિસ્તાર ઘટતો જાય છે. અને આ માટેનું મહત્વનું કારણ હરણાવ નદીના બંધની પાણી સંગ્રહની શક્તિમાં થયેલ ઘટાડો છે. ગામમાં સિંચાઇ માટે કૂવાઓની આવક બિલકુલ નથી. આથી દુબારી વાવેતર માટે હરણાવના પાણી પર૨જ આધાર રાખવો પડે છે. આ પાણી જેટલી જમીનમાં મળી શકે તેટલી જમીનમાં દુબારી વાવેતર શકય બને. હાલમાં તો બંધની સપાટીની બરોબર કચરો, કાંપ, ઘાસ વગેરે જામી જવાને કારણે પાણીનો સંગ્રહ ખૂબ જ ઓછો થાય છે. વળી અસલ જે નહેર ગોઠવેલ છે તે પણ ઘણી જગ્યાએથી તૂટી ગયેલ છે, આથી પાણીનો ખૂબ જ બગાડ થાય છે, આને કારણે સિંચાઇ નીચેનો વિસ્તાર વર્ષો વર્ષ ઘટતો જાય છે. જો આ બંધમાં એકઠો થયેલ કચરો દૂર કરવામાં આવે તો ફરીથી તેની પાણી સંગ્રહની શક્તિમાં વધારો થાય અને આ રીતે ગામમાં ઘઉં, ડાંગર જેવા પાકોનું વાવેતર વધારી શકાય તથા દુબારી વાવેતર નીચેનો વિસ્તાર પણ વધારી શકાય.

ખેતીની પધ્ધતિ:-
------------

આભાપુરના ગરાસિયા ખેડૂતો પર્વત તથા જંગલ વિસ્તારોમાં રહે છે, પરંતુ ગામની જમીન તદ્દન સપાટ છે અને [illegible] આ પર્વતોને કારણે જમીનને કોઇ નુકશાન થયું નથી. વળી વિજયનગર વિસ્તારના પાલ પટામાં તથા બાજુમાં આવેલ ધોળી વાવ, અંતરસુબા વગેરે ગામોમાં ખેતીનો વિકાસ ઠીક પ્રમાણમાં થયો હોવાને કારણે તેની વદ્દની ઓછી અસર આભાપુરની ખેતી પર પણ જણાઇ આવે છે.

ગામમાં ચોમાસું તથા શિયાળુ (ખરીફ અને રવિ) એમ બે પાક લેવામાં આવે છે. ખરીફ પાક ગામની બધી જ જમીનમાં લેવાય છે જ્યારે રવિ પાક જ્યાં સિંચાઇ-ની થોડી ઘણી સગવડ હોય ત્યાં લેવામાં આવે છે. ચોમાસુ પાકમાં ડાંગર, મકાઇ, તલ, મગફળી વગેરે અને રવિ પાકમાં ઘઉ, તથા ચણાનું વાવેતર કરવામાં આવે છે. ચણાનું વાવેતર પિત અને બિનપિત એમ બંને પ્રકારનું કરવામાં આવે છે.

તેમની ખેતીની શરુઆત પ્રથમ વરસાદની શરુઆતથી થાય છે. અન્ય બિન-આદિવાસી વિસ્તારોમાં અખાત્રીજથી જેમ ખેતીના કામની શરુઆત કરવામાં આવે છે તે રીતે અહીંયા અખાત્રીજથી ખેતીની શરુઆત કરવામાં આવી હતી.

મકાઇ એ ખરીફ ઋતુમાં મહત્વનો પાક હોવાને કારણે દરેક ખેડૂત વરસાદ પડતા જમીન ખેડીને મકાઇનું વાવેતર કરે છે. મકાઇની સાથે કોઇકવાર અન્ય પાકનું વાવેતર પણ કરવામાં આવે છે. જમીનને ખેડવા માટે હળનો ઉપયોગ કરે છે. વાવેતર માટે એક કરતાં વધારે ખેડ કરે છે, અને મકાઇની વાવણી હળના ચાસથી ઓળીને કરે છે. આ વાવણી દ્વારા પણ મકાઇનું વાવેતર કરે છે. મકાઇ સિવાયના



અન્ય પાકોનું વાવેતર પણ તે જ પ્રમાણે જ કરે છે.

ડાંગરની વાવણી પ્રથમ ધરુ બનાવીને સારો વરસાદ થાય પછી તેની રોપણી કરીને ન કરતાં વરસાદ સમયે તેની વાવણી કરે છે. જોકે ગામમાં ડાંગરનું વાવેતર હાલમાં ખૂબ જ ઓછા વિસ્તારમાં કરવામાં આવે છે.

વાવેતર પહેલાં ખેતરોમાં છાણીયું ખાતર નાખે છે. પાક ઊગી નીકળ્યા પછી તેની શક્ય તે પ્રકારે માવજત કરે છે. જેમકે ઊગેલું ઘાસ કાઢી નાખવું, રાંપડી દેવી વગેરે.

મકાઇનો પાક સામાન્ય રીતે દિવાળી પહેલા તૈયાર થઇ જાય છે. તૈયાર થયેલા પાકને તેઓ પશુ-પક્ષી તથા ચોરથી રક્ષણ પણ આપે છે. આ વખતે તેમના ઘરમાં ખાવા માટેના દાણા ખૂટી ગયા હોવાને લીધે રોજ રોજ મકાઇના ડોડા કાપી લાવી તેમાંથી મકાઇ કાઢી લે છે અને અનાજની ભીડ તૈયાર થયેલ પાકમાંથી દૂર કરે છે. કેટલાક ખેડૂતો એકીસાથે મકાઇના ડોડામાંથી મકાઇ છૂટી ન પાડતા શરુઆતમાં થોડા ડુંડામાંથી મકાઇ છૂટી પાડે છે અને પાછળથી બાકીની મકાઇ છૂટી પાડે છે, આ રીતે ડુંડા લાંબો સમય રાખી મુકવાને કારણે ઉંદર તથા અન્ય રીતે વધતા ઓછા પ્રમાણમાં પાકનો બગાડ થાય છે.

અડદ, કઠોળ તથા હલકા ધાન્યોનું વાવેતર પણ મકાઇની જેમ જ કરે છે અને કઠોળ સિવાયના પાક દિવાળી પહેલા તૈયાર થઇ જાય છે અને તેનો ખાસ કરીને ખોરાકમાં ઉપયોગ કરે છે.

શિયાળુ પાકમાં ચણા, તથા ઘઉ એ બે મહત્વના પાકો છે. જોકે હાલમાં ઘઉનું વાવેતર ઘટતું જાય છે અને ચણાનું વાવેતર વધતું જાય છે. સમગ્ર રીતે જોતા રવિ વાવેતરના વિસ્તારમાં ઘટાડો થતો જાય છે. આમ થવાનું કારણ છેલ્લા કેટલાક વર્ષો થી પાછળના વરસાદની ખેંચ અને બીજું હરણાવની સિંચાઇ શક્તિમાં થયેલ ઘટાડો મુખ્ય ગણી શકાય.

આ વિસ્તારમાં ઘઉનું વાવેતર સિંચાઇથી કરવામાં આવે છે. એટલે પૂરતા પાણીની સગવડ ઉપલબ્ધ હોય ત્યાં ચેનું વાવેતર થતું હોય છે. કારતક મહિનામાં ઘઉની વાવણી કરવામાં આવે છે. વાવણી પહેલા જમીનની ખેડ કરી તેમાં પાણી મૂકી ફરીથી જમીનને ખેડી અને ઘઉનું વાવેતર કરવામાં આવે છે. વાવેતર બાદ સાતથી આઠ વખત પાણી આપવામાં આવે છે. વાવેતરની સાથે ઊગી નીકળેલ ઘાસ નિંદવામાં આવે છે. ચણાના વાવેતરમાં પણ જ્યાં અનિયમથી વાવેતર કરે છે ત્યા તે દિવાળી પછી તરત જ કરે છે. અને હોળી પહેલી ચણા અને ઘઉ એમ બન્નેનો પાક તૈયાર થઇ જાય છે,

બિયારણ:-
----------

ગામનો મહત્વનો પાક મકાઇનો છે. આથી મકાઇનું ઉત્પાદન વધે તે તેમને માટે ખૂબ મહત્વનું ગણી શકાય. ઉત્પાદન માટે સારું બિયારણ બહું જ જરુરી છે. આવા બિયારણ સારી રીતે ઊગી શકે છે. અને ત્યાર બાદ પણ વિષમ આબોહવા સામે ટકી શકવાની શક્તિ ધરાવે છે. ગામમાં બધા જ ખેડૂતો મકાઇનું દેશી બિયારણ જ વાપરે છે. સુધરેલ મકાઇના બિયારણોનો ગામના ખેડૂતોને ખાસ પરિચય નથી.



વળી તેઓ વાવેતર માટે જરુરી મકાઇનું બિયારણ પોતાના ઉત્પાદનમાંથી સાચવી રાખે છે. એટલે કે બિયારણ ઘરનું જ વાપરે છે. જો વર્ષ ખરાબ હોય તો અને ઘરનું બિયારણ ન હોય તો ગામમાં આવેલ વોરાની દુકાનેથી જરુર જેટલું બિયારણ ઉધાર ખરીદે છે. કારણ કે તે વખતે તેમની પાસે રોકડ રકમ પૂરતા પ્રમાણમાં હોતી નથી. વોરાને ત્યાંથી વાવેતર માટે જેટલું બિયારણ લીધું હોય તેનાથી દોઢુ કે બમણું બિયારણ ઉત્પાદન સમયે પરત આપવુ પડે છે. જે રિવાજ દોઢી યા બમણીના નામે પ્રચલિત છે. વોરો વેપારી જે મકાઇનું વેચાણ કરે છે તે ચઢિયાતી કક્ષાની હોતી નથી, તેને કારણે તેનો વધુ નફો પ્રાપ્ત કરવા હલકી કક્ષાની ઓછાભાવની મકાઇની ખરીદી કરે છે અને તેનું વેચાણ કરે છે. આને કારણે મકાઇમાં કેટલાક દાણાઓમાં સડો પેઠો હોય છે. ખેડૂત વાવવાના ટાણે જ બિયારણ ખરીદી લાવે છે. જેને કારણે તેને બિયારણની સાફસૂફી કરવાનો અવકાશ મળતો નથી. એટલે કે બિયારણ ખરીદી સીધું જ તેનું વાવેતર કરવામાં આવે છે. આવા હલકી કક્ષાના બિયારણને લીધે પાકનો ઉતાર સારો આવતો નથી, જે છોડ ઊગી નીકળે છે તેના ડૂંડા પણ ખૂબ મોટા અને ગીચોગીચ દાણા વાળા થતા નથી, અને આને કારણે એકરદીઠ ઉત્પાદન ખૂબ નીચું રહે છે.

હાલમાં મકાઇના વાવેતરની પધ્ધતિમાં ફેરફાર થવાને લીધે મકાઇનું ે ર એકરદીઠ બિયારણ પ્રથમ કરતાં ઓછું વપરાય છે. વળી નવી પધ્ધતિની વાવણીને કારણે નિંદવાનું તથા રાંપડી દેવાનું પણ ખૂબ અનુકુળ રહે છે.

મકાઇના બિયારણ માટે થઇ રહેલા તથા થયેલા સંશોધનોનો આ આદિવાસી ખેડૂતોને બિલકુલ ખ્યાલ નથી અને તેનો પૂરતા પમાણમાં પ્રચાર પણ સરકારી એજન્સી

તરફથી કરવામાં આવતો નથી.

હાલમાં બીજો મહત્વનો પાક ચણાનોગણી શકાય. કારણ કુલ વાવેતરના વિસ્તારના ૨૭.૭ ટકા વિસ્તારમાં ચણાનું વાવેતર કરવામાં આવે છે. મકાઇ પછીનો નંબર ચણાના વાવેતરનો ગણી શકાય. આ બંને પાકનું વાવેતર કુલ વાવેતરના વિસ્તારના ૬૭ ટકા જેટલા વિસ્તારમાં થાય છે તેથી તે બંનેનું મહત્ત્વ આભાપુરની ખેતીમાં વધારે ગણી શકાય.

ચણાનું બિયારણ પણ જરુર જેટલું સાચવી રાખે છે, અને જો આગલા વર્ષે પાક નિષ્ફળ ગયો હોય યા દેવાને કારણે ચણાનું ઉત્પાદન વેચી દીધું હોય તો ગામના વોરાને ત્યાંથી ચણાની ખરીદી કરે છે અને આ ખરીદી ઉધાર કરે છે. ઉત્પાદન સમયે બેથી ત્રણ ગણા ચણા પાછા આપવા પડતા હોય છે. આને કારણે ઉત્પાદનનો મોટો ભાગ વોરાને ત્યાં જ જતો હોય છે. બીજું આ બિયારણ કેટલીક વખત જમીનને અનુકુળ નહીં આવવાને કારણે ઊગી નીકળતું નથી. અનેતેને પરિણામે તેમની મહેનત તથા પાક બન્ને નિષ્ફળ જાય છે. ફરીથી વાવેતર કરી શકાતું નથી. અને વોરાનું દેવુ ચાલુ રહે છે. આમ રોકડા નાણાને અભાવે તથા સરકારી મંડળીઓ દ્વારા બિયારણની ખરીદી નહીં થતી હોવાને કારણે તેમને અનેક મુશ્કેલીઓ સહન કરવી પડે છે. અને ઉત્પાદન કરેલી વસ્તુઓ વેપારી-શાહુકારોને આપી દેવી પડે છે.

ડાંગર માટે ગામમાં કયારીની જમીન નથી તેની સારી જાતની ડાંગરનું વાવેતર ગામમાં કરી શકાતું નથી. વળી ડાંગરની વાવણી રોપીને કરવામાં



આવતી નથી પણ અન્ય પાકોની જેમ તેનું પણ ચોમાસાની શરુઆતમાં વાવેતર કરવામાં આવે છે. આને કારણે ડાંગરનું બિયારણ વધારે વપરાય છે. જે ખેડૂતો ડાંગરનું વાવેતર કરે છે તેઓ જરુર જેટલું બિયારણ સાચવી રાખે છે. અહીંયા વાવેતર થતી ડાંગર ખૂબ જ હલકા પ્રકારની હોય છે. સારી જાતની ડાંગરની વાવણી આ વિસ્તારમાં શકય લાગતી નથી કારણ તે માટેની અનુકુળ જમીન નથી.

તેલિબિયા, કઠોળ તથા હલકા ધાન્યોનું વાવેતર ઘણા ઓછા પ્રમાણમાં દર વર્ષે કરવામાં આવે છે અને આ માટે જરુરી બિયારણ તેઓ સાચવી રાખે છે, યા અંદરઅંદરથી મેળવી લે છે.

ખાતર:
-----

બિયારણમાં જેમ કોઇ ફેરફાર થતા નથી તેવી જ રીતે રાસાયણિક ખાતર તથા ગ્રીનમેન્યોર (લીલા પડવાળા) વગેરેનો પણ તેમનીખેતીમાં હજુ ઉપયોગ શરુ થયો નથી. હાલમાં ગામમાં બધા જ ખેડૂતો છાણીયું ખાતર વાપરે છે. ખેતીના વિકાસ માટે અને એકરદીઠ ઉત્પાદકતા વધારે માટે સિંચાઇ પછી મહત્વનું સાધન ખાતર ગણી શકાય. વળી સિંચાઇ વિસ્તારમાં સારું ઉત્પાદન મેળવવા ખાતરની જરુરીયાત અનિવાર્ય છે. ગામના ખેડૂતો પણ ખાતરનું મહત્ત્વ સમજે છે. આથી છાણીયું ખાતર તેઓ વેચી કે સળગાવી ન દેતા તેને સાચવી રાખે છે અને વર્ષને અંતે તેને ખેતરમાં છુટુંછવાયું નાખે છે. આમ પહેલા કરતા હાલમાં ખાતરનું મહત્વ સમજતા થયા છે. અને પશુ ધરાવતા બધા જ ખેડૂતો છાણીયા ખાતરનો ખેતીના વિકાસ માટે ઉપયોગ કરે છે. જોકે હજુ સુધી આ ખાતરને તૈયાર કરી તે વધુ યોગ્ય બને અને ખેતીને વધુ અનુકુળ

થાય તે રીતે તૈયાર કરવાનું શીખ્યા નથી. કંપોસ્ટ ખાતરો બાબતમાં તે અજ્ઞાન છે. અને આ ખાતર કેવી રીતે તૈયાર થાય અને તે રીતે તૈયાર કરવામાં આવે તો તેનાથી શું ફાયદો થાય છે તે બાબતમાં તેઓ કાંઇ જાણતા નથી. હાલમાં તો તેઓ રોજરોજનું છાણ ઘરની નજીકમાં ભેગું કરે છે. આમ કરવાથી સૂર્યની ગરમીથી છાણ સૂકાઇ જાય છે અને તેમાં રહેલા કેટલાક ઉપયોગી તત્ત્વોનો નાશ થાય છે. વળી તે સૂકાઇ જવાને કારણે સાધારણ વરસાદથી જમીન સાથે ભળી શકતું નથી. આથી જે પાકનું વાવેતર કર્યું હોય તેને તે ખાતરનો પૂરતો લાભ મળી શકતો નથી. આ માટે છાણીયા ખાતરનો વ્યવસ્થિત ઉપયોગ કરતા શીખે તો જે કાંઇ ખાતર તેઓ સંઘરી રાખે છે તેનો મહત્તમ ફાયદો મેળવી શકે. વધુ ઉત્પાદન મેળવવા અને તે માટે રોકડ ખર્ચ સિવાયની બીજી મહેનત કે જેનાથી તેમને ફાયદો મળે તેમ હોય તો તે કરવા માટે તેઓ તૈયાર થશે.

રાસાયણિક ખાતરોની બાબતમાં તપાસ પરથી જાણવા મળ્યું છે કે હાલમાં ગામમાં એક પણ કુટુંબ આ જાતના ખાતરોનો વપરાશ કરતું નથી આ પહેલા પણ ગામમાં કોઇ પણ ખેડૂતો રાસાયણિક ખાતરોનો વપરાશ કર્યો નથી. રાસાયણિક ખાતરનો વપરાશ નહિ કરવાનું મુખ્ય કારણ તેમને મતે એ છે કે અમારી પાસે જમીનનું પ્રમાણ ઘણું જ ઓછું છે. આટલી જમીનમાં જે કાંઈ છાણીયું ખાતર વર્ષે દહાડે એકઠું થાય તે પૂરતું છે. આથી આવા ખાતરોનો ઉપયોગ કરવાની જરુર રહેતી નથી. રવિ પાક માટે પણ આવા ખાતરો કેમ વાપરતા નથી તે અંગે પ્રશ્ન કરતા તેઓ જણાવે છે કે રવિ મોસમમાં ખાસ કરીને ચણાનું વાવેતર કરવામાં આવે છે. આ માટે પૂરતું પાણી મળતું નથી. મોટા ભાગનું વાવેતર તો બિનપિતનું કરવામાં આવે



છે. અને કારણે તે પાકમાં રાસાયણિક ખાતર વાપરવાથી ફાયદો થાય નહિ. તેથી રવિ પાકમાં પણ રાસાયણિકખાતરનો વપરાશ કરવામાં આવતો નથી. રાસાયણિક ખાતરનો વપરાશ નહિ કરવા માટેના અન્ય કારણોમાં ખાતર ખરીદવા માટે તેમની પાસે રોકડ નાણા હોતા નથી. આ જાતના ખાતરો રોકડેથી મેળવવા પડતા હોય છે. કારણ શાહુકાર યા વેપારી દ્વારા આવા ખાતરોનું વેચાણ થતું નથી. આમ રોકડ નાણા નહીં હોવાને કારણે પણ હજુ સુધી આવા ખાતરોનો ઉપયોગ તેઓ કરી શકયા નથી. બીજું એ કારણ પણ છે કે આ લોકો એમ માને છે કે રાસાયણિક ખાતરોનો વપરાશ એક વાર કર્યા પછી તે જમીનમાં જો બીજી વખત તેવા ખાતરનો વપરાશ ન કરવામાં આવે તો તે જમીન ઉત્પાદન આપી શકતી નથી. આવી માન્યતાને પરિણામે તેઓ આ ખાતરનો વપરાશ કરતા નથી. આ અંગે તેઓ ઉપર જણાવેલ જુદી જુદી માન્યતાઓ ધરાવે છે. પરંતુ વ્યવહારમાં હજુ સુધી કોઇ પણ ખેડૂતે આવા ખાતરોનો વપરાશ કર્યો નથી. એટલે તેના પરિણામો અંગેનો સાચો ખ્યાલ તેમને નથી. જેથી લોકવાતોઅને ચર્ચાઓ પરથી તેઓ ઉપરની માન્યતાઓ ધરાવે છે.

---

## સિંચાઇ:-

અગળ ઉપર જોયું તે પ્રમાણે ગામમાં સિંચાઇ માટેનું મહત્ત્વનું સાધન હરણાવની નહેર છે. કુવા, તળાવ યા ઓઇલ એન્જિન દ્વારા સિંચાઇ થતી નથી કે આવા કોઇ સાધનો પણ હાલમાં ગામમાં નથી. હરણાવ નદી ગામની પાસેથી જ પસાર થતી હોવાને કારણે તથા ગામ સપાટ પ્રદેશમાં આવેલું હોવાથી હરણાવ બંધને વ્યવસ્થિત કરવામાં આવે તો સમસ્ત આભાપુર ગામમાં સિંચાઇની સગવડ થઇ શકે તેમ છે. કૂવા

કરતા નહેરની સિંચાઇ ખૂબ જ અનુકુળ ઓછી મહેનત વાળી તથા આર્થિક રીતે પોસાય તેવી બની શકે તેમ છે. જો આ સિંચાઇ યોજનાનો વિકાસ કરવામાં આવે તો ગામની ખેતીવાડીનો સારા પ્રમાણમાં વિકાસ કરી શકાય. ખેતી માટે મહત્ત્વની જરુરીયાત પૂરતા પ્રમાણમાં પાણીની સગવડતાની ગણી શકાય. જો આ સગવડ ઉપલબ્ધ થાય તો પાકના માળખામાં પણ ફેરફાર થાય. જે પાકનું વાવેતર કરવામાં આવે છે તેમાં પણ સારી જાતના બિયારણો લાવી વધુ ઉત્પાદન મેળવી શકાય. આ બધું ત્યારે જ શકય બને જો સિંચાઇની સગવડ વ્યવસ્થિત કરવામાં આવે.

નહેરના પાણીથી ૧૯૬૧-૬૨ના વર્ષમાં ૭૮ એકર જમીનમાં શિયાળુ પાકનું વાવેતર થયેલ. આમાંથી ૬૮ એકર જમીનમાં તો માત્ર ઘઉંનું વાવેતર જ કરવામાં આવેલું. ૧૯૬૮ના વર્ષમાં આ સાધનથી ૫૬ એકર જમીનમાં શિયાળુ પાકનું વાવેતર —પિત વાવેતર કરવામાં આવ્યું હતું. જેમાં ઘઉંનું વાવેતર પાંચ એકર જ હતું, અને બાકીનું વાવેતર ચણાના પાકનું હતું.

| વર્ષ | ઘઉં | ચણા | કુલ પિયત વિસ્તાર નહેરથી |
|---|---|---|---|
| ૧૯૬૧ માં પિત વિસ્તાર | ૬૮ | ૧૦ | ૭૮ |
| ૧૯૬૮ માં પિત વિસ્તાર | ૯ | ૪૭ | ૫૬ |



ઉપરના બે વર્ષ દરમિયાન ૧૯૬૧ કરતા ૬૮ માં સિંચાઇ નીચેના વિસ્તારમાં ઘટાડો થયો છે. સાથે સાથે ઘઉંના વાવેતરમાં પણ ૧૯૬૧ કરતા ૧૯૬૮માં ઘટાડો થયો છે. આનું કારણ ૬૧ માં હરણાવ બંધની પાણી સંગ્રહની શકિત વધારે હતી અને આને કારણે ઘઉંનું વાવેતર વધુ પ્રમાણમાં થઇ શકતું જયારે ૧૯૬૮માં ઓછા પાણીથી પકવી શકાય તેવા પાકોનું જ વાવેતર કરવાનું શકય છે કારણ એકાદ પાણી આપી શકાય તેટલા પાણીનો સંગ્રહ થતો નથી આને કારણે ચણા કે જે ઓછા પાણીથી યા એક જ પાણીથી પણ પકવી શકાય છે, તેવા પાકનું વાવેતર કરવામાં આવે છે. આમ રાજયના જુદા જુદા જિલ્લા અને તાલુકાઓમાં સિંચાઇ નીચેના વિસ્તારોમાં છેલ્લા ૧૦ વર્ષ દરમ્યાન વધારો થયો છે જયારે આભાપુરમાં સિંચાઇ વિસ્તારમાં ઘટાડો થયો છે. ૧૯૬૧ ના વર્ષમાં જિલ્લામાં કુલ સિંચાઇ નીચેનો વિસ્તાર કુલ વાવેતર નીચેના વિસ્તાર-ના ૯.૭ ટકા જેટલો હતો જયારે તે જ વર્ષમાં આભાપુર ગામમાં સિંચાઇ નીચેનો વિસ્તાર કુલ વાવેતર હેઠળના વિસ્તારના ૨૧ ટકા જેટલો હતો. એટલે કે જિલ્લાની સરખામણીએ આભાપુરમાં ૧૯૬૧ માં સિંચાઇ નીચેના વિસ્તારનું પ્રમાણ વધારે હતું. ૧૯૬૮ માં (તપાસ વર્ષમાં) ગામમાં સિંચાઇ નીચેનો વિસ્તાર કુલ વાવેતર નીચેના વિસ્તારના ૧૬ ટકાનો હતો. જિલ્લામાં થતી મોટાભાગની સિંચાઇ કૂવા દ્વારા થાય છે, જયારે આભાપુરમાં થતી સિંચાઇ હરણાવ નદીની નહેર દ્વારા થાય છે. હાલમાં ગામમાં સિંચાઇનો પૂરતા પ્રમાણમાં અને સૌથી વધારે પ્રમાણમાં લાભ ગામના પઠાણ કુટુંબને મળે છે. તેનું કારણ નહેરના પાણીનું સૌથી પ્રથમ લાભ તેના ખેતરોને મળે છે, અને ત્યાર બાદ નહેર આગળ જાય છે. આથી પઠાણ કુટુંબ સૌ પ્રથમ નહેરનું પાણી પોતાના ખેતરમાં લઇ લે છે. પછી નદીમાં ઓછું પાણી હોય તો પણ તેના ખેતરને નહેરનું પાણી મળી રહે છે. આને કારણે બિનઆદિવાસી કુટુંબને નહેરનો

પણ સારા પ્રમાણમાં મળે છે. વળી પઠાણનું આર્થિક, સામાજિક વર્ચસ્વ હોવા કાર ગામના આદિવાસી ખેડૂતો તેનો વિરોધ કરી શકતા નથી.

હાલનો હરણાવ નદીનો આ બંધ ૩૫ વર્ષ પહેલા વિજયનગરના દરબા કાલપણ ગામમાં આવેલી તેમની જમીનમાં પાણી લઇ જવા માટે તૈયાર કરાવેલ આ બંધનું કામ આ વિસ્તારમાં રહેતા આદિવાસીઓ પાસે કરાવેલ. આ બદલ ક વેતન તેમને આપવામાં આવેલ નહિ. આ પાણી આભાપુર તથા અન્ય ગામો પર થઇ કાલપણ જતું અને ત્યા સિંચાઇ માટે તેનો ઉપયોગ કરવામાં આવતો. હાલમાં આ બંધમાં કાંપ ભરાવાથી પાણી સંગ્રહની શકિત ઘટી ગઇ છે તથા નહેર પણ માટીથી પૂરાઇ ગઇ છે. આ બંધ તદ્દન સાદો છે. બે પર્વતની વચ્ચે સિમેન્ટની કાચી દિવાલ મૂકી નદીના પાણીને રોકવામાં આવ્યું છે. આ દિવાલની ઉંચાઇ વધારવામાં આવે તો પાણી સંગ્રહની શકિત વધે અને અભાપુર તથા તેની બાજુમાં આવેલ ગામમાં પણ સિંચાઇની સગવડ થઇ શકે. હાલમાં તો અછતના કામોમાં દિવાલના વિસ્તાર બરોબર જે કાંપ એકઠો થયો છે તે દૂર કરાવવામાં આવે તો પણ ગામમાં સિંચાઇનો વિસ્તાર વધી શકે. જિલ્લાની ત્રીજી પંચવર્ષીય યોજનામાં હરણાવ નદી પર બંધ બાંધી સિંચાઇ શકિત વધારવાનું આયોજન કરવામાં આવેલું પણ યોજના દરમ્યાન આ અંગે કંઇ થઇ શકયું નથી. જો આ યોજના સિદ્ધ થાય તો આભાપુરથી ઇડરને રસ્તે આવતા કેટલાક ગામોને સિંચાઇનો લાભ આપી શકાય.

હાલમાં ગામમાં કૂવા દ્વારા બિલકુલ સિંચાઇ થતી નથી. આનું કારણ જમીન ઓછી હોવાથી વ્યકિતગત કૂવા કરાવવા પોસાતા નથી. વળી કૂવા માટે ખર્ચ કરે અને પાણી ન નીકળે તો કૂવા પાછળ કરેલો ખર્ચ અને મહેનત બંને નિષ્ફળ જાય



છે. વિજયનગર મહાલના વિકાસ અધિકારીશ્રીના જણાવ્યા પ્રમાણે આભાપુર ગામના વિસ્તારમાં કયાંય સિંચાઇ ઉપયોગી કૂવા થઇ શકતા નથી. ત્યાર બાદ આગળના ગામ જેવા કે ધોળીવાવ, આંતરસુબા વગેરે ગામોમાં સિંચાઇ માટે ઘણા કૂવા થયા છે અને તેનો સારા પ્રમાણમાં ઉપયોગ પણ કરવામાં આવે છે. આભાપુરથી આંતરસુબાને રસ્તે ધોળીવાવ ગામની હદથી છેક આંતરસુબા સુધી શિયાળુ વાવેતર કુવાના પાણીથી કરવામાં આવે છે. ખાસ કરીને શેરડી કે જે વધારે પાણીનો પાક છે તેનું પણ વાવેતર કરવામાં આવે છે. ધોળીવાવના કમ્પામાં ખેડૂતના જણાવ્યા પ્રમાણે આ જમીનમાં શેરડીનું ઉત્પાદન સારું થાય છે. અને તેમાંથી સારી જાતનો ગોળ બની શકે છે. આભાપુરમાં પણ આ શકય બનાવી શકાય, પરંતુ તે માટે બારે માસ પાણી મળી શકે તેવી સિંચાઇની સગવડ હોવી જરુરી છે. અને આ હરણાવના બંધ દ્વારા જ શકય બનાવી શકાય.

ધિરાણ:
-------

ખેતી પણ એક ઉદ્યોગ છે. કોઇ પણ ઉદ્યોગમાં વધારે ઉત્પાદન મેળવવા માટે વધારે મૂડી રોકાણની જરુરીયાત રહે છે. આ મૂડીરોકાણ સ્વયંબચતથી કરવામાં આવે યા અન્ય રીતે નાણા ઉછીના લઇને કરવામાં આવે. હાલની ખેતીમાં અનેક પ્રકારના મૂડી રોકાણની જરુર પડે છે. જેમકે જમીન સુધારણા માટે, ખેતીના સાધનો ખરીદવા, તથા સમરાવવા, પશું ખરીદવા, સિંચાઇના સાધનો ઉભા કરવા, બિયારણ, ખાતર, જંતુનાશક દવા વગેરેમાં મૂડીરોકાણ કરવું પડે છે. આ બધામાં પૂરતા પ્રમાણમાં મૂડીરોકાણ કરવામાં આવે તો ખેતીમાંથી સારા પ્રમાણમાં ઉત્પાદન મેળવી શકાય અને મૂડી

રોકાણથી ઘતાં ખર્ચ કરતાં પણ વધારે સારો ફાયદો મેળવી શકાય.

ગુજરાતના કેટલાક વિસ્તારમાં ખેડૂતો આ બધું સમજતા થયા છે અને તેને પરિણામે તેના લાભો પણ મેળવતા થયા છે. પહેલા તો ખેડૂતને વધુ દેવું હોય તો તેની આર્થિક સ્થિતિ નબળી ગણાતી. હાલમાં ખેડૂતની દેવુ કરવાની શકિત વધારે હોય તો તે પરથી તેની સ્થિતિ સારી છે એમ માનવામાં આવે છે. આદિવાસીઓ માટે આ વસ્તુ શકય નથી. વળી આદિવાસીઓ આ બધા ખર્ચ ખેતીમાં કરવાથી ફાયદો થાય છે એમ સમજતા થયા નથી અને બીજું તેમની ખેતીમાં મૂડીરોકાણ માટે જે નાણાની જરુર પડે છે, તે તેઓ મેળવી શકતા નથી. આભાપુરના આદિવાસીઓ તેમની ખેતીમાં અનિવાર્ય ગણી શકાય તેવા જ ખર્ચ કરે છે. જેમકે બિયારણ, મહેસૂલ, વગેરે. રાસાયણિક ખાતર, સિંચાઇ, મજૂરી, સારા બિયારણ, જંતુનાશક દવા, વગેરે-નો ખર્ચ આ ગામના આદિવાસીઓ કરતા નથી. આવી ખેતી માટે હાલમાં તેઓને વધારે મૂડી રોકાણની જરુર પડતી નથી. જ્યા સુધી તેઓ મૂડીરોકાણ વધારવામાં નહીં આવે ત્યાં સુધી તેમની ખેતીની ઉત્પાદકતા વધી શકવાની નથી.

આ માટે સહકારી ધિરાણ મંડળીઓ દ્વારા તેમને જરુરી ધિરાણ નાણા અને વસ્તુના સ્વરૂપમાં પુરુ પાડવાની ખાસ આવશ્યકતા છે. આ રીતે ધિરાણ પૂરું પાડી ખેતરમાં મૂડી રોકાણ વધારીને જ તેમની ખેતીની ઉત્પાદકતા અને એ જ રીતે એમની આવકમા વધારો કરવાની શકયતાઓ રહેલી છે.



હાલમાં તો તેને બિયારણ માટે યા મહેસૂલ ભરવા માટે નાણાની જરૂર પડે છે. બિયારણ તો ગામના વોરાને ત્યાંથી ઉધાર મળી રહે છે જયારે મહેસૂલ ભરવા માટે તો ખેતપેદાશનું વેચાણ કરી તેટલા પૈસા મેળવે છે. વોરાને ત્યાંથી ઉધાર બિયારણ લેવામાં તેને ઘણું જ સહન કરવું પડે છે, એક તો ગમે તેટલી હલકી કક્ષાનું બિયારણ લેવું પડે છે, અને પાકની પેદાશ વખતે બે થી ત્રણ ગણું પરત કરવું પડે છે. તેમની આ સ્થિતિનું કારણ તેમની પાસે રોકડ નાણાનો અભાવ છે અને વોરા સિવાય બીજી કોઇ એજન્સી તરફથી જયારે જયારે જરુરીયાત ઉભી થાય ત્યારે ધિરાણ મળતું નથી. આને કારણે આ લોકો વોરાના શોષણમાંથી મુકત થઇ શકતા નથી.

ખેતી માટે ટૂંકા ગાળાનું ધિરાણ વસ્તુના સ્વરૂપમાં સહકારી સોસાયટીએ પૂરું પાડવું જોઇએ. તેની સાથે સાથે મધ્યમ અને લાંબા ગાળાની ધિરાણની જરુરીયાતો પણ તપાસવી જોઇએ અને અનુકુળ શરતે તેમને તે જાતનું ધિરાણ પણ પૂરું પાડવાના પ્રયત્નો કરવા જોઇએ. આદિવાસી વિસ્તારોમાં સહકારી પ્રવૃત્તિનો જોઇએ તેટલો વિકાસ થયો નથી. અને આ વિસ્તારમાં આ પ્રવૃત્તિ લોકપ્રિય પણ બની શકી નથી. આ વિસ્તારમાં કામ કરતા વેપારીઓ જેટલા અસરકારક જણાય છે તેટલી અસરકારક આ પ્રવૃત્તિ બની શકી નથી. આ પ્રવૃત્તિને આ વિસ્તારમાં અસરકારક બનાવવામાં આવશે તો આદિવાસી ખેડૂતોને સારો લાભ મળશે. આ માટે આ પ્રવૃત્તિમાં તેમનો વિશ્વાસ ઉભો થાય તે માટેના પ્રયત્નો કરવાની ખાસ આવશ્યકતા છે.

ખેતીનું પાકવાર એકરદીઠ ઉત્પાદન:

આશાપુરનો મહત્ત્વનો ધંધો ખેતીનો છે. એથી ખેતીના ધંધામાંથી થતી આવકનો આધાર ખેતરોમાંથી થતા ઉત્પાદન પર રહે છે. અહીં આપણે જુદી જુદી જમીન ધારણ કરતા ગ્રુપમાં જુદા જુદા પાકોનું એકરદીઠ ઉત્પાદન જોઇશું તે પછીથી જુદા જુદા પાકોના એકરદીઠ ઉત્પાદનને જિલ્લા તથા રાજયના તે પાકોના એકરદીઠ ઉત્પાદન સાથે સરખાવીશું.

(કોઠો "જમીનના કદ પ્રમાણે પાકવાર એકરદીઠ ઉત્પાદન" માટે જુઓ પાના નં. ૫૭)

ગામનો મહત્ત્વનો પાક મકાઇનો અને ચણાનો છે. આ બંને પાકનું એકરદીઠ ઉત્પાદન વધુમાં વધુ ૩૦૭.૮ અને ૨૩૮.૪ નું છે. ૦-૨.૫ એકર જમીન ધરાવતા વિભાગમાં આ બંને પાકોનું એકરદીઠ ઉત્પાદન સૌથી વધારે છે. હલકાં ધાન્યનું એકરદીઠ ઉત્પાદન સૌથી વધારે પણ ૦ થી ૨૫ એકર જમીન ધરાવતા વિભાગમાં જ આવે છે. જમીનનું પ્રમાણ વધતા કે ઘટતા એકરદીઠ ઉત્પાદન વધે કે ઘટે તેવો સરખો ક્રમ અહીં જોવા મળતો નથી. કારણ ઉત્પાદનમાં વધઘટ જોવા મળે છે. ૧૦ થી ૧૫ એકર જમીન ધરાવતા વિભાગમાં માત્ર એક જ કુટુંબ અને તે કુટુંબે તેની બધી જ જમીનમાં મકાઇનું વાવેતર કરેલ છે. પરંતુ મકાઇનો પાક નિષ્ફળ જવાને કારણે એકરદીઠ ઉત્પાદન માત્ર ૫૦ કિલોનું જ છે. આમ વધારે જમીન ધરાવનાર ગ્રુપ હોવા છતાં મકાઇનું એકરદીઠ ઉત્પાદન તેમાં સૌથી નીચું છે. એકરદીઠ સૌથી વધારે ઉત્પાદન થતું હોય તેવો પાક મકાઇનો છે. કારણ સરેરાશ મકાઇનું એકરદીઠ ઉત્પાદન



જમીનના કદ પ્રમાણે એકરદીઠ ઉત્પાદન (કીલોમાં)

| જમીનનું કદ (એકરમાં) | મકાઇ | ઘઉં | કઠોળ | ચણા | હલકું ધાન્ય | મગફળી | જવ | ડાંગર | જુવાર | તેલીબીયા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦-૨.૫ | ૩૦૭.૮ | ૧૯૨.૦ | - | ૨૩૮.૪ | ૪૦૦.૦ | - | ૯૬૦.૦ | ૧૪૦.૦ | - | - |
| ૨-૫-૫ | ૧૯૪.૮ | ૨૧૫.૨ | - | ૧૩૭.૧ | ૧૧૩.૦ | - | ૬૦૦.૦ | - | ૮૦.૦ | ૨૪૦.૦ |
| ૫-૭-૫ | ૨૦૨.૯ | ૩૯૭.૫ | - | ૨૦૫.૦ | ૪૪.૭ | ૮૦.૦ | - | ૧૯૪.૬ | - | ૧૨૬.૩ |
| ૭-૫-૧૦ | ૧૬૧.૨ | - | - | ૨૦૦.૦ | ૧૨૦.૦ | - | - | - | - | - |
| ૧૦-૧૫ | ૫૦.૦ | - | - | - | - | - | - | - | - | - |
| ૧૫ થી વધુ | ૨૯૮.૬ | - | ૪૦.૦ | [illegible] | - | - | - | ૮૦.૦ | - | ૧૬૦.૦ |
| સરેરાશ | ૨૧૪.૮ | ૧૮૮.૯ | ૪૦.૦ | ૨૦૧.૮ | ૮૬.૬ | ૮૦.૦ | ૭૨૦.૦ | ૯૪.૧ | ૮૦.૦ | ૧૩૧.૫ |

૭૨૦.૦૦ કિલોનું છે. જ્યારે ૦ થી ૨૫ એકર જમીન ધરાવતા વિભાગમાં મકાઈનું એકરદીઠ ઉત્પાદન ૯૬૦ કિલોનું છે. ઓડે ગામમાં જવનું વાવેતર ખૂબ જ ઓછા પ્રમાણમાં થાય છે. ૧૫ એકરથી વધુ જમીન ધરાવતા ગ્રૂપમાં મકાઈ સિવાયના તમામ પાકોનું એકરદીઠ ઉત્પાદન ગામના સરેરાશ પાકવાર એકરદીઠ ઉત્પાદન કરતા નીચું છે. જ્યારે ૦-૨-૫ એકર જમીન ધરાવતા વિભાગમાં ઘઉ સિવાયના તમામ પાકોનું એકરદીઠ ઉત્પાદન ગામના સરેરાશ પાકવાર એકરદીઠ ઉત્પાદન કરતા વધારે છે. ટૂંકમાં ૦-૨-૫ ના વિભાગમાં જે ખેડૂત કુટુંબો છે તેમની ખેતીમાં ઉત્પાદનમાં પ્રમાણ વધારે છે અને આનું મુખ્ય કારણ ઓછી જમીનને કારણે જમીનની સારી માવજત તથા વાવેતર કરેલ પાક પર પૂરતી દેખરેખ ગણી શકાય. કારણ માત્ર જમીનમાંથી થતું ઉત્પાદન આજીવીકાનું મહત્વનું સાધન સાધન હોવાને કારણે વધુ ઉત્પાદન થાય તો વર્ષ દહાડે જરૂર જેટલું અનાજ મેળવી શકાય અને આ માટે પોતાની ટૂંકી જમીનમાં હયાત સાધનો દ્વારા શકય તેટલી વધુ મહેનત કરી વધુ ઉત્પાદન કરવા માટેનો પ્રયાસ તેઓ હંમેશા કરે તે સ્વાભાવિક છે. હમીરપુરા ગામમાં થયેલ પાયલોટ સ્ટડીના અભ્યાસમાં એકરદીઠ ઉત્પાદનની માહિતી તપાસીશું તો જણાશે કે ઓછી જમીન ધરાવતા ગ્રુપમાંથ એકરદીઠ આવક રૂ. ૯૯.૧ ની છે જ્યારે ૧૫ થી વધુ એકર જમીન ધરાવતા ગ્રુપમાં એકરદીઠ આવક માત્ર રૂ.૩૯ ની છે. આદિવાસી સંશોધન કેન્દ્ર તરફથી થયેલ તોરણિયાની તપાસમાં પણ ૦.૨.૫ એકર જમીન ધરાવતા ગ્રુપનું મકાઈ, ઘઉ અને ચણા કે જે ગામના મહત્વના પાકો છે તેનું એકરદીઠ ઉત્પાદન ૧૦ થી ૧૫ એકર જમીન ધરાવતા વિભાગના તે પાકોના એકરદીઠ ઉત્પાદન કરતા ઘણુ વધારે છે. આમ કેટલેક જગ્યાએ ઓછી જમીન ધરાવતા વિભાગોમાં જમીનનું સરેરાશ એકરદીઠ ઉત્પાદન વધારે



જોવા મળે છે. આભાપુરમાં આ રીત ૦-૨-૫ એકર જમીન ધરાવતા વિભાગની એકરદીઠ ઉત્પાદકતા વધારે છે.

આપણે હવે આભાપુર ગામમાં જુદા જુદા પાકનું એકરદીઠ ઉત્પાદન અને તે જ વર્ષનું જિલ્લા તથા રાજ્યના જુદા જુદા પાકોના એકરદીઠ ઉત્પાદનની સરખામણી કરીએ.

જુદા જુદા પાકોના એકરદીઠ ઉત્પાદનની સરખામણી

૧૯૬૭-૬૮ (કિલોમાં)

| પાકનું નામ | આભાપુર | સાબરકાંઠા | ગુજરાત |
|---|---|---|---|
| મકાઇ | ૨૧૫ | ૪૪૫ | ૪૭૨ |
| ઘઉ | ૧૯૦ | [illegible]૨૧ | ૫૧૨ |
| ચણા | ૨૦૨ | ૨૬૦ | ૨૧૬ |
| હલકા ધાન્ય તથા અન્ય ધાન્ય | ૮૭ | ૨૮૧ | ૩૦૭ |
| જવ | ૭૨૦ | ૨૨૩ | ૧૯૦ |
| મગફળી | ૮૦ | ૩૯૦ | ૨૯૩ |
| ડાંગર | ૯૪ | ૧૭૭ | ૩૬૫ |
| જુવાર | ૮૦ | ૧૨૪ | ૧૨[illegible] |

પ્રાપ્તિસ્થાન:- આભાપુરના એકરદીઠ ઉત્પાદનના આંકડા ગામની તપાસ પરથી મેળવેલ છે જયારે રાજય અને જિલ્લાના એકર આંકડા ગુજરાત રાજય, ખેતીવાડી ખાતાના નિયામકશ્રીની કચેરી, પરથી મેળવેલ છે, આ આંકડા અસલ રેકર્ડમાં એકરદીઠ પાઉંડમાં હતા તેને (૧ કિલો - ૨.૨૦૪૬ પા.) કિલોમા ફેરવીને આપ્યા છે.

સાબરકાંઠા અને રાજ્યના એકરદીઠ ઉત્પાદનને ગામના એકરદીઠ ઉત્પાદન સાથે સરખાવતા જણાશે કે જવના પાક સિવાય દરેક પાકનું ઉત્પાદન નીચું છે. જવનું ઉત્પાદન સારું છે પરંતુ જવ એ ગામનો મહત્ત્વનો પાક નથી. જવનું વાવેતર ભાગ્યે જ કરવામાં આવે છે. અને તે ખૂબ ઓછી જમીનમાં કરવામાં આવે છે. ગામના અર્થતંત્રમાં ફેરફાર લાવી શકે તેવા પાકોમાં તો મકાઇ, ઘઉ અને ચણા ગણાવી શકાય. મકાઇ એ મહત્વનો પાક છે અને તેનું એકરદીઠ ઉત્પાદન જિલ્લાના એકરદીઠ ઉત્પાદન જેટલું મેળવી શકાય તો ગામના કુટુંબોની આવકમાં સુધારો લાવી શકાય. ઘઉનું એકરદીઠ ઉત્પાદન પણ જિલ્લા અને રાજ્યની સરખામણીએ ૧/૩ જેટલું છે. હાલ ઘના ઉત્પાદન કરતા હજુ ઘણું વધારે ઉત્પાદન મેળવવાની અનેક શકયતાઓ રહેલી છે. ચણાના એકરદીઠ ઉત્પાદનમાં રાજય અને જિલ્લાના એકરદીઠ ઉત્પાદન કરતા બહુ મોટો તફાવત નથી. ડાંગર, ઝાકળી અને હલકા ધાન્યનું એકરદીઠ ઉત્પાદન ખૂબ જ નીચું છે. આમ ગામની આર્થિક આબાદીમાં ઉન્નતિ લાવી શકે તેવો ધંધો ખેતી છે અને ખેતીની એકરદીઠ ઉત્પાદન શકિત વધાર્યા સિવાય તે શકય બનવાનું નથી. જુદા જુદા પાકોનું ૧૯૬૭-૬૮ના વર્ષામાં આભાપુરમાં વધુમાં વધુ એકરદીઠ ઉત્પાદન થયું



હોય તેવા પાકો અનુક્રમે મકાઇ (૩૦૭ કિલો) ઘઉ (૩૯૪ કિલો), ચણા (૨૩. કિલો,) નું છે. આમાં ચણાનું એકરદીઠ ઉત્પાદન તો રાજયના એકરદીઠ ઉત્પા કરતા પણ વધી જાય છે.

## ખેતી, આવક અને ખર્ચ

ખેતીનું એકરદીઠ ઉત્પાદન આપણે આગળ ઉપર જોઇ ગયા. હવે ખેતીની એકરદીઠ કુલ આવક અને તે આવકના ઉપાર્જન માટે કરવું પડતું ખર્ચ બાદ જતા ચોખ્ખી આવક કેટલી રહે છે તે તપાસીએ.

તપાસના વર્ષમાં તપાસેલ કુટુંબોનો કુલ વાવેતર નીચેનો વિસ્તાર ૩૦૨.એ ૩૧ ગુંઠા નો હતો. આ વિસ્તારમાં કુલ રુ. ૨૯૧૪૧ નું ઉત્પાદન થયું હતું જયા તેટલું ઉત્પાદન કરવા માટે ૩૩૨૨ નું ખેતી ખર્ચ થયેલ, આથી ૨૫૮૧૯ રુ. ની ચોખ્ખી આવક ખેતીના ધંધામાંથી થયેલી.

| | રુ. |
|---|---|
| એકરદીઠ ઉત્પાદન | ૧૪૩.૬ |
| એકરદીઠ ખેતી ખર્ચ | ૧૬.૪ (બિયારણ, ખાતર, મહેસુલ અન્ય) |
| એકરદીઠ ચોખ્ખી ખેતીની આવક | ૧૨૭.૨ |

કુલ ઉત્પાદનમાં જુદા જુદા પાકોના ઉત્પાદનને તે સમયના ભાવો સાથે ગુણી કુલ રુ.માં આવક મેળવેલ છે. ખેતી ખર્ચમાં બિયારણ, ખાતર, મહેસુલ, ખેડાણભાડુ, સાથ વગેરેનો સમાવેશ કરેલ છે. કુલ ઉત્પાદનખર્ચમાંથી ખેતી ખર્ચ બાદ જતા રુ. ૧૨૭.૨ ની એકરદીઠ ચોખ્ખી આવક મળે છે.

ખેતી ખર્ચમાં ૮.૮ રુ. બિયારણનું, ૫.૯ રુ. ખાતરનું, ૦.૮ રુ. અન્ય ખર્ચ અને ૦.૯ રુ. મહેસુલ ખર્ચ છે. બિયારણના ખર્ચમાં ૪.૯ રુ. નું ખર્ચ ઘરમાંથી કરેલ છે જ્યારે ૩.૯ રુ. નો ખર્ચ ખરીદીને કરેલ છે. ખાતર ઘરનું જ છે તેથી તે માટે ખેતી સમયે કોઇ રોકડ ખર્ચ કરવો પડયો નથી. મહેસુલ તથા અન્ય ખેતી ખર્ચ રોકડ સ્વરૂપમાં કરવા પડે છે. ટકાની રીતે તપાસીએ તો કુલ ખેતી ખર્ચના ૩૫.૯ ટકા ખર્ચ ખાતર પાછળ, ૫૩.૮ ટકા બિયારણનો, ૪.૦ ટકા અન્ય ખર્ચ અને ૫.૪ ટકા ખર્ચ મહેસુલનો છે. ખાતર તો છાણીયું જ વાપરે છે તેથી તે માટે કાંઇ ખર્ચ કરવું પડતું નથી.

## ખેતીના સાધન

તપાસના સમયે કુલ ૭૩ બળદ હતા. સરેરાશ કુટુંબદીઠ બળદનું પ્રમાણ ૧.૮ નું થાય. જમીનના પ્રમાણની રીતે તપાસીએ તો બળદની સંખ્યા વધારે ગણાય. પરંતુ બળદની જાત હલકી હોવાથી તથા બધા જ બળદ ખેતી સમયે ઉપયોગ નહિ હોવાથી આટલા બળદની સંખ્યા આદિવાસી વિસ્તારો માટે જરુરી ગણાય. બીજું ખેતી સમયે તો બળદ પાસે ન હોય તો બીજાનો માંગવા જવો પડે યા બીજા ઉપર આધાર રાખવો પડે. બળદ જેવી વસ્તુ બીજાને કોઇ આપે પણ નહિ આથી તેઓ બળદ વધારે સંખ્યામાં રાખે છે. સુંઢોલીયા પ્રથા ત્યાં આગળ જોવા મળતી નથી, વળી બળદના પોસાણ માટે વધારાનું કોઇ ખર્ચ કરવું પડતું નથી. આખું વર્ષ જંગલમાંથી જ બળદ તથા અન્ય પશુઓ પોષણ મેળવે છે. અને વાવેતરનું જે ઘાસ હોય તે ખાઇને નિર્વાહ ચલાવે.



ખેતીના સાધનોમાં હળ, કરળ તથા સમાર એ તેમની ખેતી માટે જરુરી સાધનો ગણી શકાય. હળ તો દરેક કુટુંબ પાસે છે. તપાસના કુટુંબો પાસે કુલ ૪૯ હળ હતા. આથી કુટુંબદીઠ હળનું પ્રમાણ એક કરતા વધારે થયું ગણાય. જ્યારે કરળ તથા સમારની સંખ્યા હળની સંખ્યા કરતા ઓછી છે. આનું કારણ આ સાધનની બધા ખેડૂતોને એકી સાથે જરુર રહેતી નથી. આથી જરુર વખતે પોતાના સંબંધી પાસેથી પણ આ સાધન મળી શકે. ગામમાં ગાડું ધરાવતું એક પણ કુટુંબ નથી. પરંતુ રા[illegible] બળદ હોય તેવા કુટુંબો જો ગાડું રાખે તો જંગલમાંથી ઇમારતી લાકડું વગેરે ખેંચવાનું કામ કરી શકે અને તે દ્વારા આવક મેળવી શકે. આ ધંધો પણ વાહન-વ્યવહારના વિકાસથી ચાલી શકતો નથી, કારણ નજિકમાં કોઇ રેલ્વે સ્ટેશન નથી. એટલે ગાડા દ્વારા બહુ દૂર લાકડા મોકલવાનું પોસાય નહિ. અને આને કારણે ગામમાં કોઇ કુટુંબો ગાડું ધરાવતા નથી. વિજયનગર તથા આંતરસુબા, ઇડર વગેરે સ્થળે જવા માટે બસની સરસ વ્યવસ્થા છે આને કારણે પણ ગાડુ રાખવાની આવશ્યકતા તેમને જણાઇ નથી.

હાલમાં તેઓ જે હળ વાપરે છે, તે નાની કક્ષાનું અને વજનમાં ખૂબ હલકું હોય છે. વળી મજબૂતાઇની રીતે વિચારીએ તો તે ટકાઉ પણ હોતું નથી. હળ તેઓ જાતે જ બનાવે છે. જંગલમાંથી હળ બને તેવું લાકડું કાપી લાવી તેમાંથી હળ, સમાર, રાંપ વગેરે સાધનો બનાવી લે છે. હળ તથા અન્ય ખેતીના સાધનોમાં વપરાતા લોખંડના પાશિયા પણ તીક્ષ્ણ નહિ હોવાને કારણે તથા કોશ ખૂબ ઓછી ધારદાર હોવાથી જમીનમાં ઉંડી ખેડ કરવાનું મુશ્કેલ પડે છે. બીજું ધાર તૈયાર કરવી અને પાશિયા તપવા વગેરે કામ પણ તેઓ જાતમહેનતથી જ કરે છે. ખેતીના સુધરેલા

ઓજાર ગામનું કોઇ પણ કુટુંબ વાપરતું નથી. સાધનો વિષેનો પરિચય પણ ગામમાં ખેડૂત કુટુંબોને નથી.

ગામના મહત્વના ધંધા ખેતી વિશે વિગતો આપણે ઉપર તપાસી ગયા. મુખ્ય ધંધાની રીતે તો ગામના બધા જ કુટુંબો ખેતી કરે છે. પણ ખેતી બારે મહિના કામ આપતો ધંધો નથી. અને તેમાંથી મળતી આવક કુટુંબના નિર્વાહ માટે પૂરતી નથી આને લીધે બીજા ગૌણ ધંધા કુટુંબના વડાને તથા કુટુંબના અન્ય સભ્યોને કરવા પડે છે. આ ગૌણ ધંધામાં મજુરી, (ખેતી, જંગલ તથા અન્ય) જંગલપેદાશો એકઠી કરવી, પશુપાલન તથા અન્ય કેટલાક ધંધા ગણાવી શકાય. તપાસના વર્ષમાં ગામની કુલ આવકમાં ખેતીના ધંધામાંથી ૬૨.૮ ટકા આવકો પ્રાપ્ત થયેલી જ્યારે બીજો નંબર મજુરીના ધંધામાંથી મળેલ આવકનો ગણાવી શકાય. આ ધંધામાંથી કુલ આવકના ૧૨ ટકા આવક મેળવેલી.

મજૂરી (ખેતમજૂરી)

ખેતીના ધંધામાં પૂરો સમય કામ નહિ મળવાને કારણે મજૂરીનો ધંધો કરવો પડે છે. મજૂરી મળી રહેતી હોય તેવા ધંધામાં જંગલમજૂરી, બાંધકામમાં મજૂરી, તથા અન્ય છૂટક કામોમાં મળતી મજૂરી ગણી શકાય. ખેતીના ધંધામાં મજૂરી મેળવી આવક કમાવાનો અવકાશ ખૂબ જ ઓછો છે. યા બિલકુલ નથી તેમ કહી શકાય. પંચમહાલના ભીલોની જેમ વતન છોડી બહારના પ્રદેશમાં મજૂરી માટે જાય અને મજુરી મેળવે તો તે જુદી વાત છે પણ તેમના રહેઠાણના વિસ્તારમાં તો હાલમાં ખેતીના



ધંધામાં મજૂરી મળતી નથી. ખેતીના ધંધામાં મજૂરી નહિ મળવાનું કારણ ગામમાં તથા આજુબાજુના વિસ્તારમાં દરેક ખેડૂત પાસે જમીનનું પ્રમાણ ઘણું જ ઓછું છે. આથી પોતાના ઘરમાં કામ કરી શકે તેવા બધા જ માણસોને ખેતીમાં પુરા સમયમાં કામ આપી શકાતું નથી તો પછી બીજાને મજૂરી તો કયાંથી આપી શકે. વળી તેમની ખેતીની રીત તથા વાવેતર પછીની પ્રક્રિયાઓ પણ ખૂબ જ ઓછી છે. આથી ઘરમેળે પોતાની રીતે ચલાવે છે. સિંચાઇના સાધનોનો વિકાસ નહીં થવાથી તથા પાકનું માળખું પણ જુની ઘરેડનું હોઇ ખેતીમાં વધારે મજૂરોની જરુર પડતી નથી. અને આર્થિક સ્થિતિને કારણે ખેતીમાં મજૂરી પાછળ ખર્ચ પણ કરી શકે તેવી સ્થિતિ નથી. આ બધાને કારણે ચોમાસા દરમિયાન નવરાશનો સમય હોય ત્યારે ખેતીના ધંધામાં મજુરી મેળવી આવક કમાવાની તક તેમને મળતી નથી.

જંગલ મજૂરી

ગામમાં કુલ વિસ્તારમાંથી ૮૦ ટકા વિસ્તાર જંગલ વિસ્તાર છે, જ્યારે આભાપુરથી વિજયનગરનો આઠ માઇલનો માર્ગ પણ જંગલ વિસ્તારમાં આવેલો છે. આમ ગામની નજીકમાં જંગલવિસ્તાર આવેલો છે તેથી આ ધંધામાં વર્ષમાં થોડો વખત મજૂરી મળી રહે છે. ખાસ કરીને વર્ષમાં બેથી ત્રણ મહિના આ ધંધામાં મજૂરી મળે છે. ખાસ કરીને જંગલ મજૂરીમાં સ્ત્રીઓને ખાસ રોજગારી મળતી નથી. માત્ર ભાઠીકના કામમાં ઘરના પુરુષ સભ્યોને મદદ કરે. જ્યારે કટીંગના કામ તથા અન્ય જંગલમજૂરીના કામોમાં માત્ર પુરુષોને જ રોજગારી મળે છે. કટીંગના કામ ૧૦ થી ૧૫ દિવસ ચાલે છે. કટીંગના કામમાં વેતન સારું મેળવી સકાય છે. જોડે કટીંગમાં દૈનિક

રોજગારી નથી હોતી પરંતુ કામ ઉપર વેતન મળે છે. આને લીધે જે લોકો વધુ પ્રમાણમાં કામ કરી શકે છે તે સારા પ્રમાણમાં આવક મેળવી શકે છે. કટીંગનું કામ પુરું થયા બાદ ભાઠીનું કામ ચાલે છે. આ કામમાં કોલસાની ગુણ ઉપર ઉચ્ચક વેતન મળે છે. આ મજૂરીમાં સ્ત્રી તથા પુરુષ બંને સાથે કામ કરી શકે છે. ભાઠીના કામમાં ભાઠી સળગાવ્યા બાદ જંગલમાં રહેવું પડે છે.

જંગલો કપાવાથી અને નવા જંગલો ઝડપથી ઉછેરાતા નહિ હોવાને કારણે આ ધંધામાંથી મળતી આવક ઘટતી જાય છે. બીજું જંગલ વિસ્તાર અમુક જ વિભાગમાં હોય છે, જયારે કામ માટે આવનાર માણસોનું પ્રમાણ વધારે હોય છે, આને કારણે જંગલો પણ મજુરી માંગતા બધા લોકોને મજૂરી પૂરી પાડી શકતા નથી.

## અન્ય મજૂરી

અન્ય મજૂરીમાં બાંધકામના કામોમાં મળતી મજૂરી તથા ગામના પઠાણ તથા મુસલમાન કુટુંબોને ત્યાં મળતી મજૂરી ગણાવી શકાય. બાંધકામના ધંધામાં બે પ્રકારની મજૂરી મળે છે. એક તો અછતના વર્ષમાં સરકાર દ્વારા કોઇ કામો શરુ કરવામાં આવે ત્યારે અને બીજું ગામમાં યા આજુબાજુમાં કયાંય કુવાનું ખોદકામ થતું હોય તો તેમાં મજૂરી મળે છે. કોઇ રસ્તાનું બાંધકામ તથા રીપેરીંગ કામ થતું હોય તો ત્યાં પણ મજૂરી મળે છે. આ બધા કામોમાં મળતી મજૂરી ખૂબ જ અનિયમિત હોય છે. આથી તેમાંથી થતી આવકો પણ અચોકકસ હોય છે. વળી આવા કામોમાં ગામના મજૂરી માગતા બધા જ માણસોને મજૂરી આપી શકાતી નથી. આ બધાને કારણે આ રીતેની મજૂરીનું મહત્ત્વ ગામના આર્થિક વિકાસમાં હાલના તબકકે ખૂબ મહત્વનું ગણી શકાય નહિ.



ગામના લોકો હાલમાં નવરાશના સમયમાં જે કંઇ મજૂરી મળે તે સ્વીકારવા તૈયાર હોય છે, અને જયાં મજૂરી મળે ત્યાં મજૂરી કરવા પણ તૈયાર થાય છે. આ માટેના વધતા ઓછાં વેતનો પણ તેઓ સ્વીકારવા માટે તૈયાર હોય છે. પરંતુ નવરાશના બધા જ સમયમાં મજૂરી માંગતા બધા સભ્યોને મજૂરી મળી રહેતી નથી. ગામની ખેતીના વિકાસ દ્વારા મજૂરીના ધંધાનો પણ વિકાસ થઇ શકે. જો ગામમાં સિંચાઇની સગવડો વધે તો ખેતીમાં વધુ કામ રહે અને આને કારણે મજૂરી ઉપર જીવન જીવવાનો આધાર ઘટાડી શકાય. જંગલ વિસ્તારની જે જમીનો ખેડવી શકય હોય તેવી જમીનો ઓછી જમીન ધરાવતા કુટુંબોને ખેડાણ માટે પણ આપી શકાય.

## જંગલ પેદાશો એકઠી કરવી અને વેચવી

મજૂરીના ધંધા પછીનો મહત્વનો ધંધો જંગલપેદાશો એકઠી કરવાનો અને નજીકના બજારમાં તે વેચી તેમાંથી આવક મેળવવાનો છે. જંગલોમાં વસતા આદિવાસીઓ માટે જંગલ પેદાશો એકઠી કરવી એ મહત્વનું આર્થિક પાસું ગણાવી શકાય. હાલમાં ગામમાંથી મહત્વની આવક જંગલમાંથી મળી આવતી હોય તો તે મહુડાના ઝાડમાંથી મળતા મહુડા તથા ડોળી ગણી શકાય. જંગલો ઘટતા જવાથી તથા આખો દિવસ ઢોરઢાંખર કરતા રહેતા હોવાથી અન્ય જંગલ પેદાશો ખાસ મળતી નથી. મહુડાં તથા ડોળીમાંથી તેઓ સારી આવક મેળવે છે. કુટુંબ જેમ મોટું હોય તેમ તે કુટુંબ આ ધંધામાંથી વધારે આવક મેળવી શકે છે. આ ધંધામાં ઘરના બધા જ સભ્યો ભાગ લઇ શકે છે. રોજ સવારના ત્રણથી ચાર કલાક આ ધંધામાં કામ મળી રહે છે. શિયાળાના અંતમાં આ પેદાશો મળી આવે છે. આ સિવાય જંગલમાંથી

ઘાસ કાપી લાવી, એકઠું કરવું, બળતણ લાવવું વગેરે ગણી શકાય. પરંતુ આ વસ્તુઓનું બજાર નહિ હોવાથી ઘરમાં જ તેનો ઉપયોગ કરવામાં આવે છે. મહુડાના વેચાણમાંથી ૨૦ કિલોએ સાતથી આઠ રુપીયા મળે છે. જયારે ડોળીના વેચાણમાંથી ૨૦ કિલોના ૧૨ થી ૧૫ રુપીયા મળે છે. આ સિવાય આભાપુરના જંગલોમાંથી મળી આવતી મહત્વની પેદાશ ધોળી મુસરી કહી શકાય. આ પેદાશનું મહત્વ એટલા માટે વધારે છે કે બજારમાં તેના ભાવ ઘણા જ વધારે છે. આભાપુરના આદિવાસી જો ૧ કિલો મુસરી ગામમાં વેચે તો રુ. ૭ થી ૮ મેળવે છે. જો કે ધોળી મુસળી જંગલમાંથી શોધવાનું કામ બહુ જ અઘરું છે. વળી નવી પેઢીમાં આ મુસરી ઓળખનારા પણ ખાસ છે નહિ. વળી વિશાળ પ્રમાણમાં આ પેદાશ મળી આવતી પણ નથી.

જંગલી ફળોમાં આ જંગલોમાં બોરના વૃક્ષો ખૂબ વધારે છે. બોર ઘેર ખાવના ઉપયોગમાં લઇ શકાય છે. નજીકના વિસારમાં તેનું મોટું બજાર નહિ હોવાને કારણે તેના વેચાણમાંથી આવક મેળવી શકાતી નથી.

## પશુપાલન

આદિવાસીઓમાં પશુનું મહત્વ ત્રણ રીતે ગણી શકાય. એક તો તેમની મિલ્કતનું મહત્વનું સાધન છે. બીજુ તે દૂધ તથા ખેતી માટે બળદ આપે છે. અને તેનું ચામડુ પણ ઉપયોગમાં લઇ શકાય છે અને ત્રીજુ તેનું છાણ ખાતર તરીકે ઉપયોગમાં આવે છે. આ ત્રણ કારણોને લીધે દરેક આદિવાસી કુટુંબમાં વધતા ઓછા પ્રમાણમાં ઢોર ઉછેરવામાં આવે છે.



દૂધ-ઘી ની દ્રષ્ટિએ વિચારીએ તો પુશુઓની દૂધ આપવાની શકિત ખૂબ જ ઓછી છે અને આને કારણે તેમાંથી સારી આવક મેળવી શકાતી નથી. આવક મેળવવ માટે પશુની માવજન કરવાનું મહત્વ આભાપુરમાં કુટુંબો સમજતા થયા નથી. ગામમાં દૂધની અછત રહે છે. નજીકના શારણેશ્વર મંદિરમાં દૂધ તથા ઘીની ખૂબ માંગ રહે છે. દૂધનો ભાવ ૧ લિટરના રુ. ૧ અને ઘીનો ભાવ ૧ કિલોનો રુ. ૧૩ જેટલો હોય છે. આમ સારા ભાવ તથા નજીકમાં બજાર હોવા છતાં આ ધંધાનો વ્યવસ્થિત વિકાસ કરી તેમાંથી વધુ ઉત્પાદન મેળવી આવક પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવામાં આ લોકો પૂરતો રસ દાખવતા નથી. આ પાછળ તે ખૂબ જ ઓછું મૂડીરોકાણ કરે છે અને તેને પરિણામે ખેતીની ઉત્પાદન શકિત ખૂબ જ ઓછી છે. એવી જ રીતે પશુઓના ઉછેર માટે તથા તે વધુ ઉત્પાદન આપે તે માટે જરુરી મૂડીરોકાણ બિલકુલ કરતા નથી. આખો દિવસ જંગલમાં ઢોર ચરે અને રાત્રે ઘેર બાંધી રાખે દૂધ આપતું ઢોર હોય તો તેને મકાઇનું ઘાસ નાખે. આ છે તેમનો પશુપાલનનો ખર્ચ. પશુને દાણ તો બિલકુલ આપવામાં આવતું નથી. તથા સારી જાતનું ઘાસ પણ આપતા નથી. ગામમાં રહેતા રબારી કુટુંબો માત્ર પશુપાલનના ધંધા દ્વારા સારી આવકો મેળવી શકે છે. તેમની નજીકમાં રહીને પણ પશુ ઉછેરવાનું આદિવાસી કુટુંબો શીખતા નથી. દૂધ આપતી ગાય કે ભેંસનું દૂધ ૧ થી ૨ શેર તો ભાગ્યે જ હોય. વળી દૂધ આપવાનો સમય પણ ખૂબ ઓછો (૩ થી ૪ મહિના) કારણ પૂરતા પોષણને અભાવે ઢોરની દૂધ આપવાની શકિતનો નાશ પામે છે. બકરાની મોટી સંખ્યા હોવા છતાં દૂધ ઉત્પાદનની દ્રષ્ટિએ તેનું મહત્વ નહિવત્ ગણી શકાય. બકરાના વેચાણથી જે આવક મળે તે જ મહત્વનું ગણી શકાય.

ખાતરની રીતે વિચારીએ તો પણ ઢોરના પ્રમાણમાં ખાતર ખૂબ જ ઓછું થતું હોય છે. તેનું કારણ દિવસ આખો તો ઢોર જંગલમાં હોય, રાત્રે ઘેર હોય ત્યારે છાણ એકઠું થાય.

ગૃહ ઉદ્યોગ કે અન્ય ઉદ્યોગ આ વિસ્તારમાં છે નહિ. ગામમાં પણ ગૃહઉદ્યોગ નથી. ગૃહઉદ્યોગના ધંધામાં કામકરતી વસતિનું પ્રમાણ શૂન્ય છે. હમણાં હમણાં આભાપુરની નજીક આવેલા ગામો (ધોળીવાવ, અંતરસુબા) માં શેરડીના રસમાંથી ગોળ બનાવવાનો ઉદ્યોગ વિકાસ પામ્યો છે. આ વિસ્તારમાં જંગલોમાંથી મળી આવતી વસ્તુઓમાંથી શકય હોય તેવા ગૃહઉદ્યોગોનો વિકાસકરી રોજગારી આપી શકાય.

## આવક અને જીવનધોરણ

આ વિભાગમાં આભાપુરના લોકોની જુદા જુદા ધંધામાંથી થતી આવકો અને તે આવકો કેવી રીતે વાપરવામાં આવે છે તે તપાસીશું. વપરાશમાં તેમનું નિર્વાહખર્ચ અને અન્ય પરવપરાશની વસ્તુઓ કેવા પ્રમાણમાં વાપરે છે તેનો સમાવેશ કરીશું. જીવનધોરણના અભ્યાસથી તે સમાજમાં થયેલ સામાજિક, શૈક્ષણિક, સંસ્કૃતિક અને આર્થિક ફેરફારો જાણી શકાય છે. આર્થિક ફેરફાર જીવનધોરણમાં ફેરફાર લાવી શકે છે.

જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ ધંધાવાર આવકો તથા કુટુંબની માથાદીઠ આવકનો કોઠો (જુઓ પા. નં. ૭૧)

જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ ધંધાવાર વાર્ષિક આવક તથા કુટુંબની માથાદીઠ આવક

| જમીનનું કદ (એકરમાં) | ખેતીની આવક | પશુપાલનની આવક | મજૂરીની આવક | જંગલપેદાશ આવક | અન્ય આવક | કુટુંબદીઠ કુલ આવક | માથાદીઠ આવક |
|---|---|---|---|---|---|---|---|
| ૦-૨.૫ | ૪૨૦.૧ | ૩૬.૨ | ૧૫૦.૩ | ૧૦૦.૧ | ૧૫.૦ | ૭૨૧.૭ | ૧૩૧.૪ |
| ૨-૫-૫ | ૫૨૮.૪ | ૯૫.૩ | ૮૨.૦ | ૮૫.૬ | ૧૫.૦ | ૮૦૬.૩ | ૧૧૫.૨ |
| ૫-૭-૫ | ૯૭૧.૬ | ૧૪૯.૭ | ૧૯૧.૬ | ૧૦૫.૮ | ૨૮૩.૩ | ૧૬૭૨.૦ | ૨૩૩.૩ |
| ૭-૫-૧૦ | ૭૧૫.૦ | ૫૦.૦ | ૧૨૦.૦ | ૬૦.૦ | ૪૮૦.૦ | ૧૪૨૫.૦ | ૧૪૨.૫ |
| ૧૦-૧૫ | ૨૮૧.૦ | - | ૧૩૪.૦ | ૮૬.૦ | - | ૫૦૨.૦ | ૫૫.૮ |
| ૧૫ થી વધુ | ૩૮૧૭.૦ | ૭૮૫.૦ | - | ૮૫.૦ | - | ૪૬૮૭.૦ | ૩૩૪.૮ |
| કુલ સરેરાશ | ૬૨૯.૭ | ૯૩.૬ | ૧૨૦.૫ | ૯૩.૯ | ૬૪.૯ | ૧૦૦૨.૬ | ૧૪૪.૯ |
| ટકા | ૬૨.૮ | ૯.૩ | ૧૨.૦ | ૯.૪ | ૬.૫ | ૧૦૦.૦ | - |

ઉપરનો કોઠો જોતાં જણાશે કે કુલ આવકના ૬૨.૮ ટકા આવક તો ખેતીના ધંધામાંથી [illegible] છે. જ્યારે મજૂરીના [illegible] ૧૨ ટકા જંગલપેદાશોમાંથી મળતી આવક ૯.૪ ટકા અને પશુપાલનના ધંધામાંથી મળતી આવક ૯.૩ ટકા તથા અન્ય ધંધામાંથી મળતી આવક ૬.૫ ટકા છે.

કુટુંબદીઠ આવક રુ.૧૦૦૨.૬ ની છે જ્યારે માથાદીઠ આવક રુ.૧૪૪.૯ છે. બનાસકાંઠાના અભ્યાસ કરેલ બે ગામો તોરણિયા અને રીંછડી કરતા આભાપુરની કુટુંબદીઠ આવક વધારે છે. પરંતુ માથાદીઠ આવક તોરણીયા કરતા વધારે અને રીંછડી કરતા ઓછી છે.

જમીનના કદ પ્રમાણે ધંધાવાર આવકનું વર્ગીકરણ કરીએ તો જણાશે કે શરુઆતના ત્રણ ગ્રુપમાં ખેતીની આવકનું પ્રમાણ વધતું જાય છે. ત્યારબાદના ત્રણ ગ્રુપમાં ખેતીની આવકનો ક્રમ અનિયમીત છે. ૧૦ થી ૧૫ એકર જમીન ધરાવતા વિભાગમાં ખેતીની આવક સૌથી ઓછી છે. આ વિભાગમાં માત્ર એક જ કુટુંબ છે. અને તેણે બધી જ જમીન[illegible]ના પાકનું વાવેતર કરેલું. પાકનો ઉતારો સારો નહીં હોવાથી ઉત્પાદન સારું થયેલું નહિ. અને આને કારણે એકરદીઠ ઉત્પાદન ખૂબ નીચું રહેલું. તેથી તે વિભાગમાં ખેતીના ધંધામાંથી થતી કુટુંબદીઠ આવક ખૂબ ઓછી છે. ૧૫ એકરથી વધુ જમીન ધરાવનાર કુટુંબ એક છે. આ કુટુંબ પાસે ૧૭ એકર જમીન છે અને તેમાંથી તેને ખેતીની ચોખ્ખી આવક રુ. ૩૮૧૭ ની થઇ છે. આ કુટુંબે જુદા જુદા પાકનું વાવેતર કરેલ છે અને વધારે જમીનને કારણે તેની આવક વધારે છે. વળી બધું જ વાવેતર સફળ થવાને કારણે પણ ખેતીની આવક વધારે છે.



પશુપાલનના ધંધામાંથી થતી કુટુંબદીઠ આવક રુ. ૬૩.૬ ની છે. પરંતુ [illegible] એકરથી વધુ જમીન ધરાવતા વિભાગમાં આ ધંધામાંથી થતી આવક રુ.૭૮૫ ની છે [illegible] ૧૦ થી ૧૫ એકર જમીન ધરાવતા વિભાગમાં આ ધંધામાંથી થતી આવક શૂન્ય છે જ્યારે ૫ થી ૭.૫ એકર જમીન ધરાવતા વિભાગમાં આ ધંધામાંથી મળતી આવક ૧૪૯.૭ છે.

૧૫ એકરથી વધુ જમીન ધરાવતા કુટુંબોમાં મજૂરીના ધંધામાંથી થતી આ[illegible] બિલકુલ નથી. જ્યારે તેનાથી ઓછી જમીન ધરાવતા બધા જ ગ્રુપમાં મજૂરીના ધં[illegible]માંથી થતી આવકો વધતા ઓછા પ્રમાણમાં છે. જંગલ પેદાશના ધંધામાંથી થતી કુટુંબદીઠ સરેરાશ આવક રુ.૯૩.૯ છે. ૫ થી ૭.૫ એકર જમીન ધરાવતા વિભાગમાં આ ધંધામાંથી સૌથી વધારે કુટુંબદીઠ આવક થાય છે જ્યારે અન્ય જમીન ધરાવતા વિભાગોમાં પણ આ ધંધામાંથી વધતા ઓછા પ્રમાણમાં આવક મળે છે.

અન્ય ધંધામાંથી મળતી કુટુંબદીઠ આવક રુ.૬૪.૯ ની છે. પરંતુ ૭.૫ [illegible] ૧૦ એકર તથા ૫ થી ૭.૫ એકર જમીન ધરાવતા વિભાગમાં આ ધંધામાંથી થતી આવક પ્રમાણ વધારે છે. ૭.૫ થી ૧૦ એકર જમીન ધરાવતા વિભાગમાં અન્ય ધંધામાંથી થતી કુટુંબદીઠ આવક રુ. ૪૮૦ ની છે. આમાં માત્ર એક જ કુટુંબ છે અને આ કુટુંબમાંથી એક સભ્ય ગામના વોરાને ત્યાં નોકરી કરે છે અને વાર્ષિક રુ. ૪૮૦ પગાર મળે છે, આથી કુટુંબદીઠ તે ધંધામાંથી મળતી આવક રુ.૪૦૦ ની છે [illegible] ૫ થી ૭.૫ એકર જમીન ધરાવતા વિભાગમાં અન્ય ધંધામાંથી મળતી કુટુંબદીઠ રુ.૨૮૩.૩ રુ. ની છે. આનું કારણ આ વિભાગના છ કુટુંબોમાંથી એક કુટુંબમાં[illegible] એક સભ્ય ગામની શાળામાં નોકરી કરે છે અને વાર્ષિક રુ.૧૭૦૦ કમાય છે. આ[illegible]

કારણે આ ધંધામાંથી મળતી કુટુંબદીઠ આવક રુ.૨૮૩.૩ ની છે.

કુટુંબદીઠ સૌથી વધારે આવક ધરાવતો વિભાગ ૧૫ એકરથી વધુ જમીન ધરાવતા વર્ગનો છે જેની આવક ૪૬૮૭ ની છે, જ્યારે સૌથી ઓછી આવક ૧૦ થી ૧૫ એકર જમીન ધરાવતા વિભાગની રુ. ૫૦૨.૦ ની છે. ૧૦ થી ૧૫ એકર જમીન ધારણ કરતા કુટુંબની કુટુંબદીઠ આવક નવ ગણી વધારે છે અને ૧ થી ૨.૫ એકર જમીન ધારણ કરનાર કુટુંબોની કુટુંબદીઠ આવક કરતાં ૧૫ એકરથી વધુ જમીન ધરાવતા કુટુંબની કુટુંબદીઠ આવક છ ગણા કરતા પણ વધારે છે. ૧૦ થી ૧૫ એકર જમીન ધરાવતા કુટુંબની કુટુંબદીઠ આવક ખૂબ ઓછું હોવાનું કારણ તપાસના વર્ષમાં ખેતીની નિષ્ફળતા, પશુપાલન તથા અન્ય ધંધામાંથી મળતી આવકોનો અભાવ વગેરે ગણી શકાય.

માથાદીઠ આવક
-----------

આભાપુર ગામના તપાસેલ કુટુંબો પરથી મેળવેલ માથાદીઠ આવક રુ. ૧૪૮.૯ ની છે. માથાદીઠ આવકનું પ્રમાણ રાજ્ય અને દેશની માથાદીઠ આવકની સરખામણીએ ખૂબ ઓછું ગણાય. ૧૯૬૩ થી ૧૯૬૬ના વર્ષોની સરેરાશ પરથી મેળવેલ ગુજરાતની માથાદીઠ આવક રુ.૪૬૨ અને ભારતની માથાદીઠ આવક રુ.૩૭૨ ની છે. ગુજરાત રાજ્યની માથાદીઠ આવકની સપાટીએ આભાપુરની માથાદીઠ આવકને લઇ જતા તો હજુ ઘણો સમય વીતી જશે અને તેટલી પણ માથાદીઠ આવક પર નહિ પહોંચાડી શકાય તો તેમનું જીવનધોરણ પણ સુધારી શકાશે નહિ. હાલમાં માથાદીઠ આવકની રીતે દૈનિક



આવકનો વિચાર કરીએ તો ૪૧ ન.પૈ. ગણાય. તો જ૪૧ ન.પૈ.ની આવકમાંથી એ વ્યકિતને બે ટંક જમવાનું જ કેવી રીતે આપી શકાય તે સવાલ છે તો પછી કપડાં, દવા, શિક્ષણ અન્ય ખર્ચા વગેરેની જરુરીયાતો તો તે કેવી રીતે પૂરી કરી શકે. બનાસકાંઠા જિલ્લાના બે તપાસેલ ગામોની માથાદીઠ આવકનું પ્રમાણ પણ ઓછું છે. રીંછડી કે જે અંબાજીની નજીકમાં છે તેની માથાદીઠ આવક રુ.૧૫૫ ની છે અને તોરણિયા જે હપડની નજીકમાં છે તેની માથાદીઠ આવક રુ.૧૨૩ ની છે. પોશીના પટ્ટામાં આવેલ ખેડબ્રહ્મા તાલુકાના પાટડીઆ ગામની માથાદીઠ આવક રુ.૧૮૨ ની છે. જેમાં નોકરી, વેપાર વગેરેનો ધંધા કરતા બે કુટુંબો કે જે મોટા જમીનદારો છે અને તેમની જમીન ચોખ્ખા વિસ્તારના ૪૦ ટકા જેટલી છે. આને કારણે આભાપુર રીંછડી, તથા તોરણિયાની સરખામણીએ પાટડિયાની માથાદીઠ આવક થોડી વધારે છે ગામનીસરેરાશ માથાદીઠ આવક રુ. ૧૪૮.૯ ની છે. પરંતુ ૧૫ એકરથી વધુ જમીન ધરાવતા કુટુંબમાં માથાદીઠ આવક ૩૩૪.૮ રુ. ની છે એટલે તે ગામની સરેરાશ માથાદીઠ આવક કરતા ૧૫ એકરથી વધુ જમીન ધરાવતા કુટુંબની માથાદીઠ આવક અહીં ગણી છે. ૧૦ થી ૧૫ એકર જમીન ધરાવતા વિભાગની માથાદીઠ આવક મ રુ.૫૫.૮ ની છે. આનું મહત્વનું કારણ તપાસના વર્ષે આ વિભાગના ખેડૂતની ખેતી નિષ્ફળ નિવડી હતી તેનેકારણે ખેતીની આવક ખૂબ ઓછી હતી. આથી માથાદીઠ આવક ખૂબ નીચે છે. ૨.૫ થી ૫ એકર જમીન ધરાવતા કુટુંબોની માથાદીઠ આવક કરતા ૦ થી ૨.૫ એકર જમીન ધરાવતા કુટુંબોમાં માથાદીઠ આવક વધારે છે. આનું કારણ ૦.૨.૫ એકર જમીન ધરાવતા કુટુંબોની ખેતીની આવક ઓછી હોવા છતાં મજૂરી અને જંગલ પેદાશોમાંથી મળતી આવક વધારે છે. તેને પરિણામે માથાદી

આવક વધારે છે. બીજું કારણ ૦- ૨.૫ એકર જમીન ધરાવતા કુટુંબોમાં કુટુંબનું કદ ૨.૫ થી ૫ એકર જમીન ધરાવતા કુટુંબોના કદ કરતા નાનું છે, બે કારણોને પરિણામે ૦ થી ૨.૫ એકર જમીન ધારણ કરતાં કુટુંબોની માથાદીઠ આવક ૨.૫ થી ૫ એકર જમીન ધારણ કરતાં કુટુંબોની માથાદીઠ આવક કરતા વધારે છે.

## નિર્વાહ ખર્ચ

નિર્વાહખર્ચનો આધાર આવક ઉપર રહે છે. જો પ્રમાણ વધારે હોય તો નિર્વાહ ખર્ચ વધારે હોય અને જો આવક ઓછી હોય તો નીચો. એટલે કે પેટને પોષણ આપવા અનાજ તથા શરીર ઢાંકવા કપડાની જરુરત તો રહેવાની જ છે પણ ઓછી આવક ધરાવતા વર્ગ તેના ખોરાકમાં હલકી જાતના અનાજ વધારે વાપરશે જયારે વધારે આવક ધરાવતો વર્ગ સારી જાતના અનાજ, દૂધ, ઘી, શાકભાજી પાછળ વધુ રકમ ખર્ચશે. આભાપુરના ગરાસિયા કુટુંબોની આવક પણ ઓછી ગણાય. આટલી ઓછીઆવક દ્વારા જીવન જરુરીયાતો પણ પૂરી પોસી શકાય નહિ અને તેને કારણે તેમનું જીવનધોરણ નીચું ગણાય.

તપાસેલ કુટુંબોનો નિર્વાહખર્ચ જોઈએ તો તે નીચે પ્રમાણેનો છે.



| વસ્તુ | કુલ ખર્ચના ટકા | કુટુંબદી(ઠ) સરેરાશ ...યામાં |
|---|---|---|
| ખોરાક (અનાજ) | ૬૫.૪ | ૫૪૩.૯ |
| શાકભાજી | ૧.૩ | ૧૦.૯ |
| ઈંડા-માંસ | ૧.૩ | ૧૧.[illegible] |
| દૂધ-ઘી | ૯.૭ | ૮૧.૮ |
| ગોળ-ખાંડ | ૨.૭ | ૨૨.૭ |
| તેલ | ૧.૬ | ૧૩.૩ |
| ચા-કોફી | ૦.૬ | ૪.[illegible] |
| મસાલા | ૨.૮ | ૨૨.૯ |
| તમાકુ | ૧૦.૭૬ | ૧૩.૭ |
| બળતણ-દિવાબત્તી | ૦.૭ | ૬.[illegible] |
| શિક્ષણ | ૦.૪ | ૩.૪ |
| કપડાં-જોડાં | ૯.૫ | ૭૮.૯ |
| સામાજિક-ધાર્મિક | ૦.૩ | ૨.૭ |
| અન્ય | ૨.૦ | ૧૬.૮ |
| | ૧૦૦.૦૦ ટકા | ૮૩૨.૯ |

કુલ ખર્ચના ૬૫.૪ટકા ખર્ચ તો માત્ર અનાજની પાછળ જ કરવામાં આવે છે. જેમાં મકાઇ, હલકા ધાન્ય વગેરેનું મહત્વ છે. ઘઉ, ચણા, કઠોળ વગેરે અનાજનો ઉપયોગ ઓછા પ્રમાણમાં કરવામાં આવે છે. અનાજ પાછળનો વાર્ષિક કુટુંબદીઠ સરેરાશ ખર્ચ રુ. ૫૪૩.૬ નો. અનાજ પાછળનો સૌથી વધારે ખર્ચ ૧૫ થી એકરથી વધુ જમીન ધરાવતા કુટુંબનો છે જે ૨૦૪૦ રુ.નો છે જયારે સૌથી ઓછો ખર્ચ રુ.૩૬૦ નો ૧૦-૧૫ એકર જમીન ધરાવતા વર્ગના કુટુંબોનો છે. આવકની રીતે તપાસીએ તો ૧૫૦૦ થી વધુ આવક ધરાવનાર કુટુંબનો અનાજ પાછળનો ખર્ચ સૌથી વધુ છે, જયારે ૨૫૦ થી ૫૦૦ ની આવક ધરાવનાર કુટુંબમાં અનાજ પાછળનો સરેરાશ ખર્ચ સૌથી ઓછો છે. આવકનું પ્રમાણ વધતા અનાજ પાછળના ખર્ચનું પ્રમાણ વધે છે. એમ કહેવામાં આવે છે કે જેમ જેમ આવક વધે છે તે-મ તેમ વધતી જતી આવકના પ્રમાણમાં અનાજ પાછળ કરવામાં આવતું ખર્ચનું પ્રમાણ ઘટે છે. પરંતુ અહીંયા તો આવક એટલી બધી ઓછી છે કે એનેકારણે અનાજની જરુરીયાતો પણ પૂર્ણપણે સંતોષી શકતા નથી, એટલે આવકમાં વધારો થતા સૌપ્રથમ્ તે આવક અનાજ ખરીદવા પાછળ ખર્ચવામાં આવે છે. અને આના પરિણામે જેમ જેમ્ આવક વધે છે તેમ તેમ અનાજ પાછળ થતું ખર્ચ પણ વધે છે. ૨૫૦ થી ૫૦૦ ની આવક ધરાવતા કુટુંબો કરતા ૧૫૦૦ થી વધુ આવક ધરાવતા કુટુંબોનો અનાજ પાછળનો ખર્ચ પાંચ ગણા કરતા વધારે છે.

અનાજ પછીનો મહત્વનો ખર્ચ દૂધ-ઘી અને કપડાં તથા જોડા પાછળનો છે. આ બંને વસ્તુઓ પાછળ અનુક્રમે ૯.૭ ટકા અને ૯.૫ ટકાનો ખર્ચ કરવામાં આવે છે. દૂધ-ઘી પાછળનો ખર્ચ તેઓ રોકડેથી કરતા નથી પણ જે કુટુંબોમાં પશુ દૂધ આપતું હોય તે કુટુંબોમાં આ ખર્ચ વધારે પ્રમાણમાં થાય છે. અને આને કારણે દૂધ-ઘી પાછળ



થતાં ખર્ચનું સ્થાન કુલ ખર્ચની જુદી જુદી વસ્તુઓમાં બીજા નંબરે આવે છે. દૂધ અને પાછળ કરવામાં આવતો ખર્ચ ૧૫૦૦ થીવધુ આવક ધરાવતા વર્ગમાં કુટુંબદીઠ ૨૯૩ રુ.નો છે. જે સૌથી વધારે છે જયારે સૌથી ઓછો ખર્ચ રુ.૯.૯ નો ૨૫૦ થી ૫૦ ની આવક ધરાવતા વર્ગમાં છે. આ વર્ગની આવક ખૂબ ઓછી હોવાને કારણે તે આ વસ્તુ પર ખાસ ખર્ચ કરી શકતા નથી. ઓછી આવક ધરાવતો આ વર્ગ કરતા ૧૫ થી વધુ આવક ધરાવતા વર્ગનો દૂધ ઘી પાછળનો ખર્ચ ૩૦ ગણો વધારે છે. સરેર કુટુંબદીઠ આ વસ્તુ પાછળ થતો ખર્ચ રુ. ૮૧.૪ રુ.નો છે. આ સરેરાશ ખર્ચ કર ઓછું ખર્ચ થતું હોય તેવા કુટુંબો ૧૦૦૦ રુ. થી ઓછી આવક ધરાવે છે. જમીન ધારણના કદ પ્રમાણે તપાસીએ તો દૂધ-ઘી પાછળનું સૌથી ઓછું ખર્ચ ૧૦ થી ૧૫ એ જમીન ધરાવતા વર્ગના કુટુંબોમાં છે. જયારે ૧૫ થી વધુ એકર જમીન ધરાવતા વ કુટુંબનું કુટુંબદીઠ દૂધ ઘી પાછળનું ખર્ચ રુ.૪૫૦ નું છે. ૧૦ થી ૧૫ એકર જમીન ધરાવતા વર્ગમાં દૂધ-ઘી પાછળ જે ખર્ચ થાય છે તેના કરતા ૪૫ ગણુ વધારે ખર્ચ ૧૫ થી વધુ એકર જમીન ધરાવતા કુટુંબોમાં થાય છે. આમ દૂધ-ઘી પાછળ થતું આવક સાથે જોડાયેલું છે, તેમજ વધુ જમીન ધરાવતા વિભાગ સાથે પણ સંબંધિત છે

ખોરાકની અન્ય ચીજો જેવી કે, શાકભાજી, માંસ, ઈંડા, ગોળ, ખાંડ, તેલ, મસાલા વગેરે પાછળ થતાં ખર્ચનું પ્રમાણ ખૂબ ઓછું છે. ચા-કોફી પાછળ પણ વા માત્ર ૪.૭ રુ. નો જ કુટુંબદીઠ સરેરાશ ખર્ચ થાય છે. બળતણ-દિવાસળી પાછળ રુ.૬.૪૫નો ખર્ચ થાય છે. આ ખર્ચમાં બળતણ માટે બિલકુલ ખર્ચ કરવો પડતો ન જયારે દિવાસળી માટે કેરોસીનનો ખર્ચ કરવો પડે છે.

શિક્ષણ પાછળ કુલ ખર્ચના ૦.૪ ટકા ખર્ચ થાય છે. રુ.માં આ ખર્ચ તપાસીએ તો તે ૩.૪ રુ. આવે. કપડાં-જોડાં પાછળનું ખર્ચ કુટુંબદીઠ સરેરાશ ૭૮.૯ રુ. નું છે. જ્યારે સામાજિક-ધાર્મિક ખર્ચ તપાસના વર્ષમાં માત્ર કુટુંબદીઠ સરેરાશ ૨.૭ રુ.નો છે. અન્ય ખર્ચમાં સાબુ, માથામાં નાખવાનું તેલ, વગેરે પાછળ કુલ ખર્ચના ૨.૦ ખર્ચ થયો હતો.

કુટુંબદીઠ સરેરાશ કુલ ખર્ચ રુ. ૮૩૨ નો થયો હતો જેમાંથી ૫૯૩.૬ રુ. નો ખર્ચ ઘરની ચીજવસ્તુઓમાંથી કરેલ. ૨૩૫.૬ રુ.નો ખર્ચ રોકડ ખર્ચથી કરેલ અને ૨.૮ રુ. નો ખર્ચ શાખ પર કરેલ. ટકાની રીતે તપાસીએ તો કુલ ખર્ચના ૭૧.૫ ટકા ખર્ચ ઘરપેદાશની વસ્તુઓમાંથી, ૨૮.૨ ટકા ખર્ચ રોકડ અને ૦.૩ ટકા ખર્ચ શાખથી કરેલ.

કુટુંબદીઠ ઓછામાં ઓછું નિર્વાહ ખર્ચ ૨૫૦ થી ૫૦૦ ની આવક ધરાવતા વર્ગમાં હતું. જે ૪૦૫.૮ રુ. છે. જ્યારે વધુમાં વધુ ખર્ચ રુ. ૨૧૮૨.૮ રુ. નું, ૧૫૦૦ થી વધુ આવક ધરાવતા વર્ગમાં હતું. ૨૫૦-૫૦૦ ની આવક ધરાવતા વર્ગ કરતા ૧૫૦૦ થી વધુ આવક ધરાવતા કુટુંબનું નિર્વાહખર્ચ ૫ ગણું વધારે હતું.

કોઠો- "જમીનના કદ પ્રમાણે આવક અને ખર્ચ"

(જુઓ પાન નં. ૮૧)



જમીનના કદ પ્રમાણે આવક અને ખર્ચ

| | કુટુંબદીઠ આવક | કુટુંબદીઠ નિર્વાહખર્ચ | કુટુંબદીઠ સરે[illegible] બચત કે [illegible]ોટ |
|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૭૨૧.૭ | ૬૦૩.૭ | ૧૧૮.૭ |
| ૨.૫ થી ૫.૦ | ૮૦૬.૩ | ૭૬૭.૭ | ૩૮.૬ |
| ૫ થી ૭.૫ | ૧૬૭૨.૦ | ૧૧૭૮.૫ | ૪૯૩.૫ |
| ૭.૫ થી ૧૦ | ૧૪૨૫.૦ | ૧૧૨૭.૦ | ૨૯૮.૦ |
| ૧૦ થી ૧૫ | ૫૦૨.૦ | ૪૮૭.૦ | ૧૫.૦ |
| ૧૫ થી વધારે | ૪૬૮૭.૦ | ૩૪૮૨.૦ | ૧૨૦૫.૦ |
| કુલ | ૧૦૦૨.૬ | ૮૩૨.૦ | ૧૭૦.૬ |

જુદી જુદી જમીન ધરાવતા કુટુંબોની કુટુંબદીઠ આવક, ખર્ચ અને બચત પર જોઇ શકાય છે કે આવક કરતા નિર્વાહખર્ચનું પ્રમાણ તપાસના વર્ષમાં ઓછું છે.

આને કારણે કુટુંબદીઠ સરેરાશ બચત ૧૦૭.૬ રુ.ની થાય છે. ૧૦૦૨.૬ રુ.ની કુટુંબદીઠ આવકની સામે ૮૩૨ ની કુટુંબદીઠ નિર્વાહખર્ચ છે. આમ થવાનું કારણ તેમની જરુરીયાતનું પ્રમાણ ખૂબ ઓછું છે અને બીજું દર વર્ષે આવકમાંથી થોડો ભાગ દેવામાં ભરવો પડતો હોય છે, અને આથી તેટલી રકમ કરકસર કરીને પણ બચાવવાની જરુર પડે છે. આમ આવક પ્રમાણે ખર્ચ કરવાની ટેવને કારણે જ્યારે આવક ખૂબ ઓછી હોય ત્યારે ખર્ચમાં પણ ઘટાડો કરે છે.

તપાસના વર્ષમાં કુલ ૪૧ કુટુંબોમાંથી ૩૦ કુટુંબોનું આવક કરતા ખર્ચ ઓછું હતું. ૧૦ કુટુંબોનું ખર્ચ આવક કરતા વધારે હતું જયારે ૧ કુટુંબની આવક અને ખર્ચ બને સરખા હતા.

## મિલકત

કુટુંબદીઠ સરેરાશ મિલકતનું પ્રમાણ ૩૯૪૫.૭ રુ. ની છે. ઓછામાં ઓછી મિલકત ૦ થી ૨.૫ એકર જમીન ધરાવતા વર્ગની છે. જયારે વધુમાં વધુ મિલકત ૧૫ એકરથી વધુ જમીન ધરાવતા વર્ગની છે. કુલ મિલકતમાં ૪૪.૪ ટકા મિલકત જમીનની છે. કુટુંબદીઠ જમીનરુપી મિલકત સરેરાશ રુ.૧૭૫૩.૨ ની છે. જમીન પછી મહત્વની ગણી શકાય તેવી મિલકત મકાનની છે. જે કુલ મિલકતના ૨૨.૯ ટકા છે. કુટુંબદીઠ મકાનરૂપી મિલકત સરેરાશ ૯૦૨.૪ રુ.ની છે. ત્યારબાદ પશુની મિલકત ગણી શકાય, જે કુલ મિલકતના ૧૭.૯ ટકા છે. આ સિવાય વૃક્ષ, ખેતીના સાધનો, કૂવા, ઘરવખરીના સાધનો, ઘરેણાં વગેરે મિલકત ગણી શકાય. આ બધા પ્રકારની મિલકતનું પ્રમાણ ૧૪.૮ ટકા છે. ખેતીના સાધનો કુલ મિલકતના ૧.૩ ટકાના જ છે.

ઘરેણાની મિલકત કુટુબદીઠ રુ.૧૭૨.૭ની છે. ખાસ કરીને હલકી ધાતુના ઘરેણાનો ઉપયોગ કરવામાં આવે છે. સોનાના ઘરેણાનો વપરાશ ખૂબ જ ઓછો છે. ખેતી એ જ એમની મિલકતનું મહત્વનું સાધન છે. હાલમાં જમીન વેચી શકાતી નથી અને આવક કરવાનું તે એક માત્ર સાધન હોવાને કારણે તેઓ જમીનનું વેચાણ પણ કરતા નથી. સરેરાશ એકરદીઠ જમીનની કિંમત રુ.૪૨૮ ની છે. પરંતુ જમીનની



જાત પ્રમાણે તથા સિંચાઇની સગવડ પ્રમાણે એકરદીઠ જમીનની કિંમતમાં તફાવત રહેલ
છે.

જમીન પછી મહત્વની મિલકતનું સાધન ઘર છે પણ જમીનની જેમ તે પણ
વેચીને રોકડ આવક મેળવી શકાતી નથી. કારણ રહેઠાણ માટે ઘર એ તેમની આવશ્ય ક
જરુરીયાત છે. ગામનાં બધા જ કુટુંબો પાસે નાનું-મોટું ઘર છે. ગામમાં ઘરો બધા
એક સાથે નથી પણ છૂટાંછવાયા છે જો કે એક ઘરથી બીજા ઘર વચ્ચેનું અંતર વધારે
નથી. ગામનાં બધાજ મકાન કાચા છે અને ત્યાંથી મળી આવતી માટીમાંથી બનાવેલા
છે. આજથી ૨૦ વર્ષ પહેલા માટીની ગાર કરીને લીંપીને મકાન બનાવતા હતા. હવે
તો તેઓ ખાસ પ્રકારનો લાકડાનો ફરમો બનાવે છે. આ ફરમો ૪ થી ૫ ફુટ જેટલો
લાંબો અને ૧/૨ ફુટ જેટલો જાડો હોય છે. આ ફરમો ફીટ રહે તે માટે બને છેડે
લાકડાની દાંડી રાખવામાં આવે છે. ફરમો બરોબર ગોઠવ્યા બાદ તેમાં મકાન તૈયાર
કરવા માટેનું માટીનું મિશ્રણ નાખવામાં આવે છે. એક માણસ આ મિશ્રણને ટીપણીથી ટીપે
છે. ફરમો ભરાઇ જાય અને ટિપણીથી ટીપાઇને તૈયાર થાય ત્યારે તેને કાઢી લઇ
નજીકમાં ગોઠવવામાં આવે છે. અને આ રીતે મકાનનું બાંધકામ કરે છે. ફરમો
તથા મકાન જાતે જ બનાવે છે આ માટે ગામના અન્ય સંબંધીઓ કુટુંબીઓની મદદ લે
છે. મકાન માટે જે માટી પસંદ કરે છે તેમાં ઝીણી કાકરી પણ હોય છે. આ કાકરીને
કારણે દિવાલો વધુ મજબુત બને છે. તેમ તેઓનું માનવું છે. મકાનની લંબાઇ-
પહોળાઇ કુટુંબના કદ પરથી નક્કી થાય છે. વળી એક વખત મકાન બનાવ્યા બાદ
તેની લંબાઇ વધારવાની ઇચ્છા થાય તો વધારી શકવાની સગવડ પણ હોય છે.
કેટલાક મકાન માત્ર વાંસની ખાપટમાંથી પણ બનાવેલ હતા. માટીનું મકાન બાંધવા ન

જેમની પાસે સગવડ ન હોય તે આ પ્રકારના મકાનો બનાવે છે. છાપરુ નળીયાનું હોય છે. જે મકાનો બે ખંડના હોય છે તેમાં અંદરનો ખંડ પ્રકારની સગવડ વગરનો હોય છે. મકાનને બારીની વ હવા-ઉજાસની બિલકુલ સગવડ હોતી નથી. મકાનની અગળના ભાગમાં વાડ બનાવે છે. વાડમાં એક પ્રવેશ દ્વાર હોય છે અને તેમાંથી જ અંદર પ્રવેશ કરી શકાય છે. ચારે બાજુથી મકાન બંધ હોય છે. તેમના ઢોર સાચવી રાખવા અને બીજા ઢોર અંદર ન આવી શકે તે માટે વાડ રાખે છે.

## પશુ

ગામમાં પશુઓની સંખ્યા તપાસએ તો નીચે પ્રમાણે છે.

| | ૧૯૬૧ | ૧૯૬૮ (તપાસને આધારે) |
|---|---|---|
| બળદ | ૯૭ | ૭૩ |
| ગાય અને ભેંસ | ૬૮ | ૭૫ |
| પાડી-પાડા, વાછરડા-વાછરડી | ૨૭ | ૩૬ |
| બકરાં-ઘેટાં | ૨૦૭ | ૧૮૬ |
| મરઘાં | ૧૯૪ | ૫૦ |
| કુલ | ૫૯૩ | ૪૨૦ |



૧૯૭૧ના વર્ષ કરતાં ૧૯૬૮ના વર્ષમાં પશુની સંખ્યામાં ઘટાડો થયો છે. પણ તેમાં ખૂબ જ વધારે ઘટાડો તો માત્ર મરઘામાં જ થયો છે. મરઘાની સંખ્યામાં ઘટાડો થવાનું મહત્વનું કારણ રોગનું ગણી શકાય. શિયાળામાં એક પ્રકારનો રોગ મરઘાને લાગુ પડે છે. અને આને લીધે મરઘાઓ મોટી સંખ્યામાં મરી જાય છે. આને કારણે કેટલાક કુટુંબો હવે મરઘા રાખતા નથી. બીજુ કારણ કેટલાક કુટુંબો ભગત થયા છે અને ભગત કુટુંબો માસાંહાર કરતા નથી આને કારણે પણ મરઘાની સંખ્યામાં ઘટાડો થયો છે. તેવો જ બીજો ઘટાડો બકરા અને ઘેટાંની સંખ્યામાં થયેલો જણાઇ આવે છે. પરંતુ ગામમાં રબારી કુટુંબ, તથા અન્ય બે ત્રણ કુટુંબોનો ૧૯૬૮ ની પશુ સંખ્યામાં સમાવેશ થતો નહિ હોવાથી ૧૯૬૧ કરતા ૧૯૬૮ માં પશુ સંખ્યામાં થોડો તફાવત આવે છે.

તપાસના વર્ષમાં પશુની કુલ કિંમત રુ. ૨૮૮૯૫ હતી. એટલે કે કુટુંબદીઠ પશુ રુપી મિલકતનું પ્રમાણ ૭૦૪.૮ નું હતું.

બકરા ઘેટા વધારે રાખવાનું મુખ્ય કારણ જ્યારે નાણાની જરુર હોય ત્યારે તેના વેચાણ દ્વારા મેળવી શકાય છે. કારણ ઘેટા બકરા દૂધ ઉત્પાદનની દૃષ્ટિએ બહુ મહત્વના નથી. બળદનો ઉપયોગ ખેતી કરવામ અને ગાય ભેંસનો ઉપયોગ દૂધ-ઘી માટે કરવામાં આવે છે.

જમીન અને મકાન કરતા પશુનુ મહત્વ તેમને મન ખૂબ જ વધારે છે. કારણ જમીન યા મકાન વારંવાર ખરીદી કે વેચી શકાતા નથી. જ્યારે પશુ તો જ્યારે નાણાની ભીડ પડે ત્યારે વેચી શકાય છે.

## દેવું

આદિવાસીઓનો મુખ્ય ધંધો ખેતી છે અને ખેતી માટેની જમીનો ખૂબ ઓછી છે. તથા ખેતીના ધંધામાં મુડી રોકાણ પણ ખૂબ ઓછું છે આથી ખેતીની એકરદીઠ ઉત્પાદકતા ખૂબ નીચી છે. અને તેને પરિણામે આવક ઓછી છે. ખેતીના ધંધા સિવાયના અન્ય ધંધામાંથી થતી આવકનું પ્રમાણ ખૂબ જ અનિયમિત છે. કોઇક વર્ષે આ આવકનું પ્રમાણ વધારે હોય તો કોઇ વર્ષે બિલકુલ ન પણ હોય. આને પરિણામે વર્ષે દહાડે તેઓ કેટલી આવક મેળવી શકશે તે અંગેનો સ્પષ્ટ ખ્યાલ તેમને હોતો નથી. વળી કુદરતી રીતે આબોહવા પ્રતિકુળ હોય તો ખેતી પણ નિષ્ફળ જાય છે. આમ અનિયમિત આવકને કારણે જ્યારે આવક ઓછી થાય યા ખેતી નિષ્ફળ જાય ત્યારે નિર્વાહ ખર્ચ મેળવવા માટે દેવું કરવું પડે છે. તપાસના વર્ષમાં માત્ર ૧૦ કુટુંબોની આવક કરતા ખર્ચ વધારે છે. પણ દર વર્ષે થોડા વત્તા કુટુંબોને તો ખાધ પડે જછે. કોઇક વર્ષે તો બધા જ કુટુંબોમાં ખાધ હોય છે. આને પરિણામે કુલ ૪૧ કુટુંબોમાંથી એક પણ કુટુંબ દેવા વગરનું નથી. બધા જ કુટુંબોને વધતા યા ઓછા પ્રમાણમાં દેવુ છે.

ખાસ કરીને તેઓ ચોમાસાની શરુઆતમાં બિયારણ માટે યા ઉનાળાની ઋતુમાં કપડા તથા અન્ય જરુરીયાતો માટે દેવુ કરે છે. આભાપુરમાં કુટુંબદીઠ દેવું ૨૮૯.૪ રુ. નું હતું જેમાંથી ૧૪૮.૫ રુ.નું દેવું રોકડ સ્વરૂપમાં અને ૧૪૦.૯ રુ. નું દેવુ વસ્તુના સ્વરૂપમાં કરેલ. કપડાં, બિયારણ વગેરે જરુરીયાતો માટેનું દેવું વસ્તુના સ્વરૂપમાં કરે છે. જ્યારે અન્ય જરુરીયાતો માટે રોકડ રકમ વ્યાજે લે છે. જમીનના કદ પ્રમાણે તપાસીએ તો ૦- ૨.૫ એકર જમીન ધરાવતા વિભાગમાં



કુટુંબદીઠ ૧૯૮.૩ રુ.નું જ્યારે ૧૫ થી વધુ એકર જમીન ધરાવતા વિભાગમાં કુટુંબદીઠ રુ. ૧૦૦૦ નું દેવ છે. આવકની રીતે તપાસીએ તો પણ સૌથી ઓછી આવક ધરાવતા વિભાગમાં કુટુંબદીઠ દેવાનું પ્રમાણ ૧૪૬.૨ નું જ્યારે ૧૦૦૦ થી વધુ આવક ધરાવતા વિભાગમાં કુટુંબદીઠ દેવાનું પ્રમાણ ૫૮૭.૫ રુ.નું છે.

કુલ દેવામાંથી શાહુકાર-વેપારીનું સૌથી વધારે દેવુ છે. ખાસ કરીને ગામના બધા જ કુટુંબો ગામના વેરાને ત્યાંથી તેમની નાણાની જરુરીયાતો સંતોષે છે. કુલ ૨૮૯.૪ રુ.નું કુટુંબદીઠ સરેરાશ દેવુ છે. જેમાંથી ૨૬૪.૫ રુ. તો વેપારીનું દેવુ જ છે જ્યારે ૧૮.૮ રુ. નું સહકારી મંડળીનું, રુ. ૩.૭ સરકારનું અને ૨.૪ સંબંધીઓનું દેવુ છે. ટકાની રીતે તપાસીએ તો કુલ દેવાના ૯૧.૪ ટકા વેપારનું, ૬૫ ટકા સહકારી મંડળીનું, ૧.૪ સરકારનું અને ૭.૭ ટકા સંબંધીઓનું હોય છે. આનો અર્થ એ જ થયો કે એમની ધિરાણની મોટાભાગની જરુરીયાત વેપારી દ્વારા જ સંતોષાય છે. આનું મહત્વનું કારણ જ્યારે જરુર પડે ત્યારે વેપારી તેમની જરુરીયાત સંતોષે છે. વળી કોઇ પણ પ્રકારની જરુરીયાત હોય તો પણ વેપારી તેને માટે મદદ કરે છે. વળી તે ગામમાં જ રહેતી હોવાથી બધા લોકો સાથે તેનો સંબંધ પણ સારો હોય છે. વળી તે દરેક ચીજવસ્તુ વેચે છે. તથા ખરીદે છે. આને કારણે જ્યારે ફસલ તૈયાર થાય છે ત્યારે તે પોતે ખેડૂત પાસેથી ખરીદે છે અને પોતાના માગતા નાણા કાપી લે છે. આમ વસુલાત પણ તે સરળતાથી કરી શકે છે. ગામના લોકોને પણ આ રીતનું ધિરાણ લેવું વધુ પસંદ છે. આથી સહકારી મંડળીનું ધિરાણ વેપારીના ઇજારા પર ખાસ અસર કરી શકયું નથી.

## વ્યાજનો દર

વ્યાજના દર વિશે તો તપાસને આધારે ચોકકસ માહિતી કુટુંબો પાસેથી મળી શકી નથી. આનું મહત્વનું કારણ વેપારી તેમની પાસેથી શું વ્યાજ લે છે તે અંગેની ચોકકસ ખબર તેમને હોતી નથી. વળી વર્ષમાં એકાદ વખત વેપારી તેમને જણાવતો હોય છે કે તમારી પાસે અમુક રકમ હું માગતો હતો. તમે મને આ વર્ષે અમુક રકમ આપી અને હવે આટલી બાકી રહી. આનાથી વિશેષ માહિતી તેમને હોતી નથી. વળી ખેતી માટે જરુરી બિયારણ વેપારીને ત્યાંથી ઉધાર લાવવામાં આવે છે ત્યારે તો માલને સાટે માલ લેવામાં આવે છે તે વખતે રોકડ સ્વરૂપમાં સોદો થતો નથી. એટલે કે ૧ મણ બિયારણની સાટામાં ફસલ સમયે દોઢું કે બમણું બિયારણ પરત કરવાનું રહે છે. આમ માત્ર ચાર મહિનામાં જ વેપારી પોતે આપેલ વસ્તુના બદલામાં દોઢી કે કે બમણી વસ્તુ પ્રાપ્ત કરે છે. કપડાં કે તેવી બીજી વસ્તુ ઉધાર ખરીદે છે ત્યારે તે અંગેનો કોઇ ભાવ નકકી કરવામાં નથી આવતો. આને કારણે તેના ઉપર સીધું જ વ્યાજ ચઢાવીને ભાવ નકકી કરે તો પણ ગામના અજ્ઞાત આદિવાસીઓને ખબર પડતી નથી. અને ઉપરથી એ એમ પણ કહે કે હું તો વગર વ્યાજે તમને મદદ કરું છું. તેની આ વાતથી અજ્ઞાત આદિવાસીઓ પણ તેની માયાવી જાળમાંથી છૂટી શકતા નથી. વળી સહકારી યા સરકારી ધિરાણથી તેઓ હંમેશા ડરે છે. કારણકે એક વાર ધિરાણ લીધા બાદ જો સમયસર ભરપાઇ ન કરી શકાય તો અનેક તકલીફો પડે છે. આને કારણે તેઓ તે ધિરાણ લેતા અચકાય છે.

કુલ દેવામાંથી ૧૪૧.૮ રુ. ઘરખર્ચમાં, ૭૬.૪ રુ. સામાજિક ધાર્મિક ખર્ચમાં, ૨૨.૪ રુ. ખેતીખર્ચમાં અને ૪૯.૮ રુ. મૂડીરોકાણના ખર્ચમાં વાપરેલ છે.



ટકાની રીતે જોઇએ તો ૪૯.૨ ટકા ઘરખર્ચમાં, ૨૬.૩ ટકા સમાજિક-ધાર્મિક ખર્ચમાં, ૭.૬ ટકા ખેતીખર્ચમાં અને ૧૬.૯ ટકા ખર્ચ મુડીરોકાણ માટે કરેલ છે. ઉપરથી સમજી શકાય છે કે તેમના કુલ દેવામાંથી ૫૦ ટકા દેવુ તો માત્ર નિર્વાહખર્ચને માટે જ કરવામાં આવે છે. વળી સમાજિકખર્ચ પાછળ પણ ખૂબ જ વધારે પ્રમાણમાં દેવું થાય છે. આમ બિનઉત્પાદકીય ખર્ચ પાછળ જ તેમનો દેવાનો ૭૫ ટકા કરતાં પણ વધુ ભાગ વપરાઇ જાય છે. જે તેમની આજિવિકા પૂરી પાડે છે. ખેતીના ધંધા માટે તેઓ કુલ દેવાના માત્ર ૭.૬ ટકા જેટલું જ ખર્ચ કરે છે. જયારે મકાન, કુવા, પશુની ખરીદી વગેરેમાં ૧૬.૯ ટકા જેટલું જખર્ચ કરે છે. દેવના તેમના આ વર્ગીકરણ પરથી જાણી શકાશે કે હજુ સુધી તો તેમની પ્રાથમિક જરુરીયાતો સંતોષવા માટે જ ધિરાણ લેવું પડે છે. વળી લગ્ન, મરણ, જેવા ખર્ચા કરવા માટે ધિરાણ મેળવવું પડે છે ખેતીના વિકાસ માટે ખાસ ધિરાણ લેવાતું નથી. આનું કારણ તેઓ માને છે કે ખેતીમાં માત્ર બિયારણ સિવાય બીજી કોઇ વસ્તુની જરુર રહેતી નથી. અને બિયારણ જેટલું તો તેઓ ખેતીમાં ખર્ચ કરે છે. ખેતીની નવી પધ્ધતિઓ અપનાવતા થાય તો ખેતીમાં વધુ મૂડીરોકાણ કરવાની તેમની ભૂખ જાગે અને આમ થાય તો તેમણે મેળવેલ ધિરાણનો મોટો ભાગ ખેત વિકાસના કાર્યમાં વાપરી શકાય.

## બજાર

આદિવાસી વિસ્તારોમાં જીવન જરુરીયાતની ખરીદી તથા પોતે પેદા કરેલ ચીજોનું વેચાણ કરવા માટે હાટ ભરાતા હોય છે. હાટ અઠવાડિયામાં એક વાર ભરાય છે. અને તેમાંથી તે બધા વસ્તુનું ખરીદ વેચાણ કરી શકે છે. પરંતુ આભાપુરના આદિવાસીઓ પોતાની જરુરીયાતો માટે હાટ પર આધાર રાખતા નથી. વળી આ વિસ્તારમાં કયાય અઠવાડિક હાટ ભરાતું નથી.

ગામમાં એક વોરા વેપારીની દુકાન છે. દુકાન વિજયનગર-ઇડર રોડના નાકે આભાપુરના બસ સ્ટોપની નદુન નજિક છે. દુકાનેથી જ આભાપુર ગામનો વસવાટ શરુ થાય છે. દુકાનમાં આદિવાસીઓને જરુરી બધી જ વસ્તુઓ મળી રહે છે આથી કોઇ પણ ચીજની ખરીદી માટે તેમને બહાર જવું પડતું નથી. ખોરાકી, ચીજવસ્તુઓ, ખેતી માટે દરેક જાતના બિયારણ, કાપડ તથા તૈયાર કપડા, ઓઢવા પાથરવા માટેના સાધનો, દરક જાતના સાબુ, બીડી હલકી કક્ષાના પફ-પાવડર, મેસ રીબીન તથા આવી જ નાની મોટી અનેક વસ્તુઓ ત્યાંથી મળી રહે છે. બાટાના બુટ, ચંપલ, તથા સેન્ડલ પણ રાખે છે. કાપડમાં સુતરાઉ તથા ટેરીકોટનનું કાપડ પણ રાખવામાં આવે છે. ગામના આદિવાસી કુટુંબમાં આ બધી વસ્તુઓ વત્તા-ઓછા પ્રમાણમાં પ્રવેશ થયો છે. દુકાનની નજીકમાં વસતા એક આદિવાસી કુટુંબની વ્યકિતએ તેમી પત્ની માટે રુ. ૪૫ ની ટેરીકોટનની સાડી વોરાની દુકાનમાંથી ખરીદી છે. ગામના મુખીના ઘરમાં છોકરીઓ મેશ, રીબીન તથા પાવડર વાપરે છે. કેટલાક નહાવાનો સાબુ પણ વાપરે છે. ધોવા માટે તો દરેક કુટુંબમાં સાબુ વાપરવામાં આવે છે. આમ બધા જ પ્રકારની



તેમની જરુરીયાતો અહીંથી સંતોષાય છે. તેવી જ રીતે તેમણે પેદા કરેલ ચીજવસ્તુઓનું વેચાણ પણ તેઓ વોરાને ત્યાં કરે છે. તલ, ઘઉ, ચણા, મકાઇ વગેરે જરુર જેટલું વેચે છે. વળી તેઓને બીજી જગ્યાએ વેચવું હોય તો પણ વેચી શકાય નહિ. કારણ કોણ અનાજ લેવાનું છે તેની જાણ વોરાને હોય છે અને તેમાંથલ પોતાના દેવા જેટલું તો વસૂલ કરે જ છે. વળી લોકો પણ બીજે કયાંય વેંચવા જાય તો વોરો જરુરી વસ્તુઓ ઉધાર પુરી નહિ પાડે તે લીધે વેચી શકતા નથી. આ રીતે ખરીદ વેચાણ અંગેનો બધો જ વ્યવહાર ગામમાં આવેલ વોરાની દુકાનસાથે થાય છે.

ગામમાં આવેલ શારણેશ્વરના ખેતરમાં આદિવાસીઓ ખાસ આવતા નથી. કોઇક વાર કુવા ઉપર પાણી ભરવા માટે યા જંગલોમાં ઢોર ચારવા જતા-આવતા પાણી પીવા માટે આવે. આ મંદિર જોવા માટે ગુજરાતમાંથી ઘણા લોકો આવે છે. અને રવિવારે તો ત્યાં મેળા જેવું હોય છે. તેની આદિવાસી જીવન ઉપર ખાસ અસર પડતી નથી. મંદિરના મહંત અને ગામ વચ્ચે ગામ વચ્ચે પણ ખૂબ મીઠા સંબંધ હોય તેમ લાગતું નથી.

ગામમાં સહકારી ધિરાણ અંગેની વ્યવસ્થા છે પણ તેની ઓફિસ આંતરસુબામાં છે. ગ્રામસેવક, તલાટી વગેરે પણ આંતરસુબામાં જ રહે છે. આભાપુર ગામની પ્રંચાયત પણ સ્વતંત્ર નથી.

## પ્ર ક ર ણ - ૪

### આભાપુર-૧૯૭૯

આજ ૧૯૬૯ માં આદિવાસી સંશોધન કેન્દ્ર તરફથી આભાપૂર ગામની આર્થિક તેમજ સામાજીક તપાસ હાથ ધરવામાં આવી હતી તેનો આપણે આગળના પ્રકરણ માં અભ્યાસ કર્યો. ઉત્તર ગુજરાતમાં મેઘરજ અને વિજયનગર તાલુકાનું આભાપુર ગામ પસંદ કરવામાં આવ્યું હતું. ૧૯૬૯ માં આ બને ગામોના બન્ને પાસાઓની પૂરેપૂરી અભ્યાસ કરવામાં આવ્યો હતો. તે પછીના દસકામાં આદિવાસી ઉત્થાન માટે અનેક યોજનાઓ ખાસ કરીને આદિવાસી વિકાસ પેટા યોજનાઓની નેજા હેઠળ હાથ ધરવામાં આવી હતી. કોઇપણ યોજના ખરેખર સફળ થઇ છે કે નહિ તેનો અંદાજ મેળવવા માટે યોજનાઓના અમલ દરમ્યાન જ થોડા થોડા સમયને અંતરે મોજણી કરવીજુરી છે. કોઇક આ ખ્યાલથી જ આ સંસ્થા તરફથી આ ગામોની પૂન:મોજણી હાથ ધરવાનું વિચાર્યું. ૧૯૬૯ માં જે આદિવાસી કુટુંબોને તપાસ હેઠળ આવરી લેવાયા હતા એ જ કુટુંબોનો આ દસકા દરમ્યાન શું વિકાસ થયો એ હાલની પુન:મોજણીનું મુખ્ય પ્રયોજન છે. ૧૯૬૯ માં કુલ ૪૧ કુટુંબોની મોજણી કરવામાં આવી હતી. પણ ૧૯૭૯ માં તેમાંથી માત્ર ૩૦ કુટુંબો અંગેની માહિતી મેળવવાનું શકય બન્યું હતું.

હજુ પણ આભાપુરમાં ગરાસિયાઓ બીજા આદિવાસીઓની જેમ છુટાછવાયા ઝુંપડાઓ બાંધી રહે છે. તેઓના ઝુંપડા થોડો થોડા અંતરે જોવા મળતા હતા. તેમના ઘરની દિવાલો મોટે ભાગે માટીની હોય છે. ઘરની ફ્રેમ બનાવવામાં **વાંસનો** ઉપયોગ કરે છે. ગામના લોકોનો મુખ્ય ધંધો ખેતીનો છે. તેમની જીવનદોરી ખેતી છે અને



મોટાભાગની આવક ખેતીમાંથી મેળવે છે. દરેક કુટુંબ પાસે થોડી ઘણી જમીન જોવા મળતી હતી. મોટા ખાતેદારો બહુ ઓછા છે. ઘણા ખરા કુટુંબો પોતપોતાની જમીન ખેડે છે. ભાડે આપતા નથી. આભાપુર ગામની જમીન આજુબાજુના ગામ જેટલી ફળદ્રુપ નથી. મોટા ભાગની જમીન મધ્યમ અને કાળી છે. તેઓ મોટેભાગે મકાઇનું વાવેતર કરે છે. આ ઉપરાંત ડાંગર-બંટી- કુળી, સામલી વગેરેનું પણ વાવેતર કરે છે. શિયાળુ પાકમાં મુખ્યત્વે ઘઉ અને ચણાનું વાવેતર કરવામાં આવે છે. ઉનાળામાં મગ ઉગાડવામાં આવે છે. આવકના બીજા સાધનોનો વિચાર કરીએ તો ખેતમજૂરી, જંગલ-મજૂરી, વન્ય પેદાશો, પશુપાલનમાંથી થતી આવક, ગૃહ ઉધોગ, અન્ય આવક જેમકે નોકરીમાંથી થતી આવક વિગેરે છે.

૧૯૬૯ માં જ્યારે તપાસ કરવામાં આવી હતી ત્યારે ૪૧ કુટુંબ આદિવાસીના હતા. ત્રણ કુટુંબ શીડયુલ કાસ્ટના હતા અને એક કુટુંબ પઠાણનું હતું. તપાસેલ કુટુંબની કુલ વસતિ ૨૮૬ હતી જેમાં ૧૩૬ પુરુષો અને ૧૫૦ સ્ત્રીઓની હતી. ૧૯૭૯ માં કુલ વસતિ ૪૨૦ ની જણાઇ છે. જેમાં પુરુષ ૨૦૬ અને સ્ત્રીઓ ૨૧૪ છે. કુટુંબની કુલ સંખ્યા ૭૫ છે. તેમાં આદિવાસી કુટુંબ ૬૯ છે. અનુસૂચિત જાતિના ૩ અને બિન-આદિવાસી જાતિના ૩ કુટુંબો છે. ગામમાં બાલવાડી, અને પ્રાથમિક શાળા છે. પણ માધ્યમિક શાળા નથી. ગામમાં વીજળી છે પણ વોટરવર્ક્સ નથી. ગામમાં દવાખાનું, ડોકટર, વૈદ, પશુચિકિત્સક, તાલીમ પામેલ દાયણ, વાંચનાલય, ટેલીફોન મથક વિગેરેની સગવડ નથી. વળી કાપડની દુકાન પણ નથી. ટપાલ કચેરી, સસ્તા અનાજની દુકાન, તેમજ કરિયાણાની દુકાન અને ઘરવખરીની દુકાન છે. ગામમાં કોઇ હાટ ભરાતો નથી. પીવાના પાણી માટે મોટેભાગે નદી અને **થોડા** કુવાં છે. સહકારી મંડળી અને દૂધ

ઉત્પાદક મંડળી નજીકના આંતરસુબા ગામમાં આવેલ છે.

૧૯૬૯ માં કુલ ૫૮ જમીનના ખાતેદારો હતા. જેમાંથી આભાપુર ગામના ખાતેદારો ૪૧ અને બહારગામના ખાતેદારો ૧૭ હતા. આ ૫૮ ખાતેદારોમાંથી ૩ એકર જમીન સુધીના કુલ ૯ ખાતેદારો, ૫ એકરસુધીના ૪૦ ખાતેદારો અને ૫ એકરથી વધુ જમીન ધરાવતા ૯ ખાતેદારો હતા. ૧૯૭૯ માં કુલ ૬૯ ખાતેદારો-માંથી ૩ એકર જમીન ધરાવતા ૬ ખાતેદારો, ૫ એકર સુધીની જમીન ધરાવતા ૨૫ ખાતેદારો અને ૫ એકરથી વધુ જમીન ધરાવતા ૩૮ ખાતેદારો છે.

૧૯૬૧ માં કુલ સિંચાઇનો વિસ્તાર ૭૭ એકરનો હતો. ૧૯૬૭ માં ગામમાં સિંચાઇ હેઠળનો વિસ્તાર ૫૬ એકરનો હતો. જ્યારે ૧૯૭૯ માં આ વિસ્તાર ઘટીને ૪૫ એકર થયો છે. ૧૯૬૯ માં ગામમાં બધી જ સિંચાઇ હરણાવ નદીમાંથી કાઢવામાં આવેલી નહેરમાંથી કરવામાં આવેલી. જ્યારે કુવા તથા અન્ય સાધનો દ્વારા ગામમાં બિલકુલ સિંચાઇ થતી ન હતી. આ અંગેનું કારણ પૂછતાં એમ જણાવવામાં આવેલું કે જમીન ઓછી હોવાથી વ્યકિતગત કુવા કરાવવા પોસાતા નથી. વિજ્યનગર મહાલના વિકાસ અધિકારીશ્રી સાથે થયેલ વાતચીત દરમ્યિાન જાણવા મળેલ કે આભાપુર ગામમાં સિંચાઇને અનુકૂળ કૂવા ખોદાવવા ખૂબ મુશ્કેલ છે. તેથી જો વ્યકિતગત રીતે કૂવા ખોદાય અને પાણી ન મળે તો ખર્ચ નકામો જાય. પણ હાલના તબક્કે સરકાર તરફથી થતો ધિરાણની અનેકવિધ વ્યવસ્થાને લીધે આભાપુરમાં કુલ ૧૯ કૂવાઓ નોંધાયા છે. અને ૫ ઓઇલ એન્જિન પમ્પ નોંધાયા છે. આમ કૂવાનો સિંચાઇમાં ઉપયોગ શરુ થયો છે તે છતાં સિંચાઇ હેઠળના વિસ્તારમાં ઘટાડો થયો છે એનું કારણ એ હોઇ શકે કે દર વર્ષે નદીના કાંપ અને માટીથી સરોવર પૂરાતુ જાય છે, અને



તેને કારણે પાણી સંગ્રહ શકિત ઘટે છે.

૧૯૬૯ માં જમીનની એકરદીઠ સરેરાશ કિંમત રુ. ૫૦૦ જેટલી હતી, જોકે તે વખતે જમીનના દરીદવેચાણનો પૂરો ખ્યાલ લોકોને હતો નહિ. અને તેઓ પોતે જ પોતાની જમીનને નીચી કક્ષાની ગણતા હતા. હાલમાં જમીનની એકરદીઠ સરેરાશ કિંમત ૧૩૯૭-૦૦ નોંધવામાં આવી છે.

૧૯૬૯ માં નોંધવામાં આવ્યું છે કે પશુઓની સંખ્યા ગામમાં જરુર કરતા વધારે જણાઇ હતી. કુટુંબદીઠ બળદની સંખ્યા ૨.૩ ની હતી. જ્યારે ગાય કુટુંબદીઠ એક કરતા વધારે હતી. બીજા પશુઓમાં પણ ભેંસો સિવાયના કુટુંબદીઠ ૧ કરતા વધારે નોંધાયા છે. આ બાબત અંગે પૂછપરછ કરતા એમ જણાવવામાં આવેલ હતું કે પશુઓ વધારે રાખવાનું કારણ ઉત્પાદકીય હેતુ નથી પરંતુ તેના દ્વારા તેઓ જરુરી વસ્તુઓ મેળવી શકે છે. પશુઓ એ આવકનું સાધન હોય તેઓ માનતા ન હતા. પણ મિલકતના સાધન તરીકે ગણતા હતા. જમીન અને મકાન વારંવારવેચી શકાતા નથી જ્યારે પશુ વેચીને મુશ્કેલીમાંથી નીકળી શકાય છે. આમ પશુ દ્વારા સાટા પધ્ધતિથી કામ ચાલતું હતું.

હાલની પરિસ્થિતિનો વિચાર કરીએ તો આદિવાસી આર્થિક વ્યવસ્થા આધુનિક નાણાકીય વ્યવસ્થામાં પ્રવેશી ચૂકી છે. તેથી પશુનો ઉપયોગ વિનિમયના સાધન તરીકે પ્રમાણમાં ઓછો છે.

પશુઓની બે રીતે આવક આવે છે. એક તો એનું ખાતર અને બીજું દૂધ. તથા દૂધની બનાવટો. આ બંને રીતે આદિવાસી કુટુંબો સારી આવક મેળવી શકયા ન હતા. મહેસાણા અને ખેડા જિલ્લાના પશુપાલનનો ઉધોગ જે રીતે વિકાસ પામ્યો છે અને તે લોકો પશુપાલન જે માવજત કરે છે તેવી માવજતનું મહત્વ આભાપુરના આદિ- વાસીઓ સમજતા ન હતા. એવું ૧૯૬૯ની તપાસમાં નોંધાયું છે. જોકે આઇટીપીડીના અહેવાલમાં બતાવ્યા મુજબ દૂધ ઉત્પાદક પ્રવૃત્તિમાં સાબરકાંઠા ડિસ્ટ્રીકટ અત્યારે સારી એવી પ્રગતિ કરેલ છે. અને તેને પ્રમાણે વિજયનગર તાલુકામાં ૩ દૂધ ઉત્પાદક સહકારી મંડળીની સ્થાપના કરવામાં આવી છે. તેમાંથી એક પાસેના આંતરસુબા ગામમાં જ આવેલી છે. તે છતાં ૧૯૭૯ આભાપુર ગામની પશુ ગણતરી આ પ્રમાણે હતી. બળદ, ગાય, ભેંસ બધુ મળીને ૭૨ હતા. જ્યારે ઘેટા બકરાં ૧૩૦ નોંધાયા હતા. ૧૯૬૯ માં કુટુંબની સંખ્યા ૪૧ ની હતી જ્યારે ૧૯૭૯ માં કુટુંબની સંખ્યા ૬૯ ની થઇ છે તેથી કુટુંબદીઠ પશુની સંખ્યામાં ઘટાડો થયેલ માલુમ પડે છે.

બીજા આવકના સાધન ગણીએ તો ખેતમજૂરી, જંગલ મજૂરી અને અન્ય મજૂરી જેમાં બાંધકામનો સમાવેશ થાય છે તેને ગણી શકાય. આ બધા પ્રકારની મજૂરીનો દર ૧૯૬૯ માં ૧-૫૦ થી ૨-૦૦ રુ. નોંધાયો હતો. સ્ત્રીઓને તો તેના કરતા પણ ઓછુ વેતન મળતું હતું. ૧૯૭૯માં મજૂરીનો દર રુ. ૩-૦૦ નોંધવામાં આવ્યો છે. ૧૯૬૯માં ગામમાં એક પણ ગૃહઉધોગ નોંધવામાં આવ્યો ન હતો. ૧૯૭૯માં અંબર ચરખાનો ઉધોગ શરુ થયાનો ઉલ્લેખ થઇ શકે એમ છે. જે હાલમાં ૧૭ જણને રોજી પૂરી પાડે છે.



૧૯૬૯માં આભાપુરમાં ૪૧ આદિવાસી કુટુંબ નોંધવામાં આવેલા હતા. તેમાંથી હાલને તબક્કે માત્ર ૩૦ કુટુંબો અંગે માહિતી મળી હતી. આ ૩૦ કુટુંબની મોજણી કરવામાં આવી હતી.

૧૯૬૯માં ત્રીસે ત્રીસ કુટુંબનો મુખ્ય ધંધો ખેતી, ગૌણ ધંધામાં ૨૮ જણે મજૂરી અને બે જણે નોકરીનો નોંધાવ્યો હતો.

જ્યારે ૧૯૭૯માં ચિત્ર આ પ્રમાણે હતું. તપાસ હેઠળના ૩૦ કુટુંબનો મુખ્ય ધંધો ખેતી હતો. ગૌણ ધંધામાં થોડીક વિવિધતા હતી. ત્રીસમાં ૨ જણાને ગૌણ ધંધો ન હતો, ૨૪ જણનો ગૌણ ધંધો મજૂરીનો હતો. આ ઉપરાંત ૭ કેસમાં એક કરતા વધારે ગૌણ ધંધા નોંધાયા છે. એમાં પાંચ જણ તો અંબરચરખાનો ઉધોગ કરતા હતા. બે જણ મજૂરી ઉપરાંત નોકરી પણ કરતા હતા. એક જણ તો ગૌણ ધંધામાં હોટલ ચલાવતો હતો. જ્યારે ત્રણ જણનો ગૌણ ધંધો નોકરી હતો.

કુટુંબના કદની વિગત લઇએ તો માત્ર ૩ જ કુટુંબ એવા હતા કે તપાસ હેઠળના સમય દરમ્યાન કુટુંબની સંખ્યામાં કોઇ ફરક ન હતો. ૯ કુટુંબ એવા હતા કે ૧૯૭૯ માં એમની કુટુંબના સભ્ય સંખ્યા ઘટી હતી. જ્યારે ૧૮ કુટુંબની સભ્ય સંખ્યા- માં વધારો થયો હતો. ૩૦ કુટુંબોની સભ્યસંખ્યા ૧૯૬૯ માં ૨૦૫ હતી, જ્યારે એ સભ્ય સંખ્યા ૧૯૭૯ માં વધીને ૨૧૪ થઇ છે. ૧૯૬૯માં ૧૫ સંયુકત કુટુંબ હતા અને ૧૫ વિભકત કુટુંબ હતા. ૧૯૭૯ માં ૧૦ સંયુકત અને ૨૦ વિભકત કુટુંબ નોંધાયા છે. મકાનની વિગત લઇએ. ૧૯૬૯ અને ૧૯૭૯ માં દસકા દરમિયાન એક પણ પાકુ મકાન નોંધાયું નથી.

તપાસ હેઠળના કુટુંબના સભ્યોનો વૈવાહિક દરજ્જો, કુલ કમાનારની સંખ્યા, તેમના શિક્ષણ અંગેની માહિતી આપતી વિગતો નીચેના કોઠામાં જણાવવામાં આવી છે.

કોઠાનો અભ્યાસ કરતાં એમ જણાય છે કે કુલ કમાનારની સંખ્યામાં ૧૯૬૯ની સરખામણીમાં ૧૯૭૯માં પુરુષ અને સ્ત્રી બંનેની સંખ્યા ઘટી છે. જ્યારે કમાનાર વ્યકિત તરીકે બાળકોની સંખ્યા વધી છે. શિક્ષણની વિગત લઇએ તો ૧૯૬૯ની સરખામણીમાં ૧૯૭૯માં ભણેલા સભ્યોની સંખ્યા વધી છે, જ્યારે અભણની સંખ્યા ૧૯૬૯ કરતા ઘટી છે.

| | પરણિત | | અપરણિત | | વિધવા | વિધૂર | કુલ કમાનાર | | | ભણેલા | | અભણ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | | | પુ. | સ્ત્રી. | બા. | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧૯૬૯ | ૪૦ | ૪૬ | ૬૧ | ૫૩ | ૬ | - | ૪૪ | ૪૬ | ૭ | ૩૭ | ૯ | ૬૨ | ૯૧ |
| ૧૯૭૯ | ૪૧ | ૪૧ | ૬૮ | ૬૩ | - | ૧ | ૪૦ | ૩૯ | ૧૪ | ૫૫ | ૨૭ | ૫૧ | ૮૯ |

૧૯૬૯માં જ્યારે તપાસ કરવામાં આવી હતી ત્યારે ગામમાં માત્ર ૧ થી ૪ ધોરણ સુધીની શાળા હતી. હાલની શાળા ૧ થી ૭ ધોરણ સુધી છે. આ શાળા ભાડાના મકાનમાં ચાલે છે. ૧૯૬૯માં એકજ શિક્ષક હતા, હાલમાં ૩ શિક્ષકો છે. જેમાંથી બે આદિવાસી શિક્ષકો છે. આજથી ૧૦ વર્ષ પહેલા વિધાર્થીઓની સંખ્યા ૫૪ની હતી જેમાં ૩૫ છોકરાઓ અને ૧૯ છોકરીઓ હતી. આજે વિધાર્થીઓની સંખ્યા વધીને ૯૬ની થઇ છે. જેમાં ૬૭ છોકરાઓ અને ૧૯ છોકરીઓ છે. આ બંને વર્ષ દરમિયાન એવી માહિતી આપવામાં આવી હતી કે રજીસ્ટરમાં નોંધાયેલ બાળકોના પ્રમાણમાં હાજરી



ખેરખર બહુ ઓછી હોય છે. અને તેમાંય છોકરા કરતા છોકરીઓનું હાજરીનું પ્રમાણ ઘણું ઓછું રહે છે. આનું મુખ્ય કારણ ગરીબાઇ અને વડીલોની અજ્ઞાનતા છે. ગામમાં વધુમાં વધુ શિક્ષણ માત્ર પીટીસી સુધી લીધેલ છે.

તપાસ હેઠળના કુટુંબોની જમીન એકરમાં

| વર્ષ | જમીન વિહોણા | ૦ થી ૩ એકર | ૩ થી ૫એકર | ૫ થી ૧૦ એકર | ૧૦ થી ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | - | ૧૪ | ૯ | ૬ | ૧ | ૩૦ |
| ૧૯૭૯ | ૪ | ૧૪ | ૮ | ૪ | - | ૩૦ |

ઉપરનો કોઠો જોતાં જણાશે કે કુલ ૩૦ કુટુંબમાં ૪ કુટુંબ ૧૯૭૯માં જમીન વિનાના થઇ ગયા હતા. ૩ થી ૫ એકર જમીન સુધીમાં ૧૯૬૯ માં ૯ કુટુંબ હતા. જ્યારે ૧૯૭૯ માં ૮ કુટુંબ હતા. ૫ થી ૧૦ એકરમાં પહેલા કુટુંબ ૬ હતા હાલમાં ૪ કુટુંબ છે. જ્યારે ૧૦ એકરથી વધુમાં ૧૯૬૯માં એક કુટુંબ હતું જ્યારે ૧૯૭૯માં એક પણ કુટુંબ ૧૦ એકરથી વધુ જમીન ધરાવતું નોંધાયું નથી. આમ જમીન અંગેનું ચિત્ર નિરાશાજનક લાગે છે.

સ્થાવર મિલ્કત:

| તપાસનું વર્ષ | કુલ | ૧૦૦૦થી ૩૦૦૦ | ૩૦૦૦ થી ૫૦૦૦ | ૫૦૦૧ થી ૧૦૦૦૦ | ૧૦૦૦૧ થી ૨૦૦૦૦ | ૨૦૦૦૦ થી ઉપર |
|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૩૦ | ૧૪ | ૧૦ | ૫ | ૧ | - |
| ૧૯૭૯ | ૩૦ | ૧ | ૩ | ૬ | ૯ | ૧૧ |

સ્થાવર મિલ્કત અંગેનું ચિત્ર જમીન કરતાં તદ્દન વિરુધ્ધનું છે. ઉપરના કોઠાનો અભ્યાસ કરતા જણાશે કે તપાસના બન્ને વર્ષ દરમ્યાનના ગાળાની અંદર સરેરાશ સ્થાવર મિલ્કતનો તફાવત ખૂબ નોંધપાત્ર છે. ૧૯૬૯ માં રુ. ૧૦૦૦ થી ૩૦૦૦ રુ. સુધીની મિલકત ધરાવતા ૧૪ કુટુંબ હતા. અને ૩૦૦૧ થી ૫૦૦૦ સુધી મિલકત ધરાવતા ૧૦ કુટુંબ હતા. જ્યારે ૧૯૭૯ માં આ બન્ને વિભાગમાં માત્ર ૧ કુટુંબ અને ૭ કુટુંબો અનુક્રમે હતા. ૧૯૬૯માં ૫૦૦૧ થી ૨૦૦૦૦ સુધીની મિલકત ધરાવતા ૫ કુટુંબ હતા. ૧૦૦૦૦ થી ૨૦૦૦૦ સુધીમાં માત્ર એક જ કુટુંબ હતું. જ્યારે આજ વિભાગમાં ૧૯૭૯માં અનુક્રમે ૬ અને ૯ કુટુંબો હતા. ૧૯૬૯માં રુ. ૨૦૦૦૦ થી વધારે મિલકત ધરાવતું એક પણ કુટુંબ ન હતું. જ્યારે ૧૯૭૯માં કુલ ૧૧ કુટુંબો એટલે કે ૩૬.૬૬ ટકા કુટુંબો ૨૦૦૦૦ થી વધુ મિલકત ધરાવે છે. આમ ઉપરછલ્લી રીતે જોતા આખુંય ચિત્ર ખૂબ આશાસ્પદ લાગે છે, અને એમ જણાય છે કે આ ૧૦ વર્ષ દરમ્યાન ઘણી પ્રગતિ થઇ હશે. પણ ખરેખર હકિકત સાવ જૂદી છે.



આ દસ વર્ષ દરમિયાન ભાવનો આંક એટલો ઉંચે ગયો છે કે જમીનની પૈસામાં કિંમત આપોઆપ જ ઉંચી ગઇ છે. એટલે મોટો તફાવત એને લીધે લાગે. ઉપરાંત મોટા ભાગના કેસમાં જમીન તો એટલીને એટલી જ રહી છે. પણ ઉપર જણાવ્યું એ મુજબ ૧૯૬૯માં એક પણ કુટુંબ પાસે કૂવો ન હતો જ્યારે ૧૯૭૯માં ગામમાં કુલ ૧૯ કૂવા તથા ૫ ઓઇલ એન્જીન પમ્પ નોંધવામાં આવ્યા છે. તેને લીધે પણ તેમની જમીન કિંમત ઉંચી આવી હશે. વળી આ દસ વર્ષ દરમ્યાન, તેમની રહેણી-કરણીમાં થોડો ફેરફાર થવાથી તેમની ઘરવખરીમાં અને ખેતીના ઓજારોમાં પણ સુધારો થયો છે અને આ બધાની નાણાકીય કિંમત ૧૯૬૯ કરતા ૧૯૭૯ માં ઘણી વધારે છે. આ બધા કારણો તરફ સ્થાવર અસ્કયામતોમાં ખૂબ વધારો થયેલો જણાય છે.

(વિવિધ વ્યવસાયોથી થતી આવક (રુપીયામાં) માટે જુઓ પા.નં.૧૦૨)

આગળ જણાવ્યું છે એ મુજબ આભાપુરના રહીશો માટે વ્યવસાયોની વિવિધતા ખૂબ જ સીમીત છે. તેમની મુખ્ય આવક તો ખેતીમાંથી આવે છે. તે પછીનું મુખ્ય સાધન મજૂરી ગણી શકાય. મજૂરી ત્રણ પ્રકારની છે. ખેતમજૂરી, જંગલમજૂરી અને બાંધકામજમજૂરી. ખેતીમજૂરી પ્રમાણમાં ઘણી ઓછી મળે છે. કારણકે દરેક પાસે જમીન થોડી ઘણી, પોતાની જમીનમાં જ બધા સાથે મળીને ખેતી કરે છે. તેથી પોતાના જ ગામમાં ખેતમજૂરીની તકો બહુ ઓછી હોય છે. જંગલ મજૂરી વર્ષમાં બે મહિના ચાલે છે. જેમાં થોડા દિવસ કટીંગ કામ ચાલે અને બાકીનો સમય ભાટીનું ચાલતું હોય છે. રસ્તાના કામો અછતના સમયમાં ચાલતા હોય છે. જ્યારે આવા કામો ચાલતા હોય છે ત્યારે રોજગારી વધુ મળે છે. આજુબાજુના ગામે કૂવાનું ખોદકામ થતું હોય તો કેટલાક લોકો તેમાં મજૂરી અર્થે જતા હોય છે. ટૂંકમાં જ્યા મજૂરી મળે ત્યાં

વિવિધ વ્યવસાયોની થતી આવક (રુપીયામાં)

| આવકનું ક્ષેત્ર | આવકનું વર્ષ | ૧ થી ૨૫૦ | ૨૫૦ દી ૫૦૦ | ૫૦૧ થી ૭૫૦ | ૭૫૧ થી ૧૦૦૦ | ૧૦૦૧થી ૧૫૦૦ | ૧૫૦૦થી ૨૦૦૦ | ૨૦૦૦થી ઉપર | શૂન્ય આવક | કુલ કુટુંબ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ખેતી | ૧૯૬૯ | ૫ | ૭ | ૬ | ૬ | ૪ | ૧ | ૧ | - | ૩૦ |
| | ૧૯૭૯ | ૩ | ૫ | ૬ | ૪ | ૩ | ૪ | ૪ | ૧ | ૩૦ |
| મજુરી | ૧૯૬૯ | ૧૯ | ૩ | - | - | - | - | - | ૮ | ૩૦ |
| | ૧૯૭૯ | - | ૬ | ૭ | ૫ | ૨ | ૨ | ૧ | ૭ | ૩૦ |
| વન્યપેદાશ | ૯૬૯ | ૨૭ | ૨ | - | - | - | - | - | ૧ | ૩૦ |
| | ૯૭૯ | ૬ | - | - | - | - | - | - | ૨૪ | ૩૦ |
| ગૃહઉદ્યોગ | ૧૯૬૯ | - | - | - | - | - | - | - | ૩૦ | ૨- |
| | ૧૯૭૯ | - | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | - | ૨૩ | ૩૦ |
| પગાર | ૧૯૬૯ | ૨ | ૧ | - | - | - | - | - | ૨૭ | ૩૦ |
| | ૧૯૭૯ | - | - | ૧ | - | - | ૧ | ૧ | ૨૭ | ૩૦ |
| અન્ય | ૧૯૬૯ | ૧ | - | - | - | - | - | - | ૨૯ | ૩૦ |



જાય છે.

મજૂરી પછીની તેમની આવકનું અન્ય સાધન વન્ય પેદાશ ગણી શકાય. જોકે જંગલો કપાઇ ગયા હોવાથી તથા વનમાં ઢોર આખો દિવસ ચરતા હોવાથી વનમાં પહેલાના જેવી વન્ય પેદાશ રહી નથી. ગુંદર કે મધની આવક તો ભાગ્યે જ કોઇ કુટુંબને મળતી હોય છે. જંગલમાંથી ઘાસ કાપીને થોડી આવક મેળવી શકાય પણ આ ઘાસ તો ઘરના ઢોર માટે જ વાપરવામાં આવતું હોય છે. મહુડાના ઝાડમાંથી મહુડા એકઠા કરી તેને વેચવામાં આવે છે. મહુડાની સીઝન ૨૦ થી ૩૦ દિવસ ચાલે છે. પણ એક મણ મહુડા ભેગા કરે ત્યારે માંડ ૧૦ રુપિયા મેળવી શકે છે. તેથી એમ કહી શકાય વન્ય પેદાશમાંથી આવક નહીવત્ છે. ત્યાર પછી આવે ગૃહ ઉદ્યોગો, નોકરી. પણ આ બધાનો ફાળો આભાપુરની આર્થિક વ્યવસ્થામાં ખૂબ ઓછો છે. તેમાં મુખ્ય આવકનું સાધન તો ખેતી જ છે. તે ઉપર આપેલા કોઠા ઉપરથી સમજાય છે. કોઠા-નો અભ્યાસ કરીએ તો જણાશે કે ૧૯૬૯ માં ખેતીમાંથી રુ. ૫૦૦૦ સુધી આવકવાળા ૧૨ કુટુંબો હતા. ૨૫૦૦ થી ૧૦૦૦ આવકવાળા ૧૨ કુટુંબો, રુ. ૧૦૦૦ થી ૧૫૦૦ વાળા ૪ કુટુંબો, ૧૫૦૦ થી ૨૦૦૦ સુધીમાં ૧ કુટુંબ અને ૨૦૦૦ થી ઉપરમાં ૧ કુટુંબ હતાં. જ્યારે ૧૯૭૯ માં એ જ વિભાગમાં અનુક્રમે ૮ કુટુંબો, ૧૦ કુટુંબો, ૩ કુટુંબો, ૪ કુટુંબો, ૪ કુટુંબો હતા. ૧૯૭૯માં ૧ કુટુંબની ખેતીમાંથી કોઇ આવક થતી નહોતી. આ આંકડા બતાવે છે કે આ દસ વર્ષ દરમિયાન તેમની ખેતીમાંથી આવક વધી છે. પણ જેમ સ્થાવર અસ્કયામતોની બાબતમાં બન્યું છે તેમ એમની નાણાકીય આવક વધી હોય પણ સાચી આવક (રીયલ ઇન્કમ) ખરેખર વધી હોય નહિ એ ચર્ચાસ્પદ મુદ્દો છે.

મજૂરીમાંથી થતી આવકની સરખામણી કરીએ. ૧૯૬૯માં ૫૦૦ રુ. સુધીમાં ૨૨ કુટુંબો હતા. જ્યારે ૧૯૭૯માં ૫૦૦ સુધીની આવક ધરાવતા ૬ કુટુંબો હતા. રુ. ૧૦૦૦ સુધી આવકવાળા ૧૨ કુટુંબો, ૧૦૦૦ થી ૧૫૦૦ ધરાવતા ૨ કુટુંબો, ૧૫૦૧ થી ૨૦૦૦ આવક ધરાવતા ૨ કુટુંબો, ૨૦૦૦ થી વધારે આવક ધરાવતું ૧ કુટુંબ હતું. ૭ કુટુંબો મજૂરીમાંથી આવક મેળવતા નહોતા. અગાઉ જણાવ્યું તે મુજબ ૧૯૬૯ માં મજૂરીનો દર ૧-૫૦ થી ૨ રુપિયા હતો. જે ૧૯૭૯માં રુ. ૩ થયો છે. આ ઉપરાંત રાજ્ય સરકારે ઉપાડેલા વિકાસ કાર્યોને લીધે ૧૯૬૯ કરતા ૧૯૭૯ માં મજૂરીની તકો વધારે મળે છે. તેથી ૧૯૬૯ કરતા ૧૯૭૯માં મજૂરીમાંથી થતી આવકમાં નોંધપાત્ર વધારો થયો છે.

૧૯૬૯માં ૨૯ કુટુંબો વન્યપેદાશમાંથી આવક મેળવતા હતા. જ્યારે ૧૯૭૯માં માત્ર ૬ કુટુંબો વન્યપેદાશમાંથી આવક મેળવતા જણાયા છે. ૨૪ કુટુંબોને વન્યપેદાશ-માંથી કાંઇ પણ પ્રકારની આવક થતી નહોતી.

૧૯૬૯માં તપાસ દરમ્યાન એક પણ ગૃહઉદ્યોગ નોંધાયો ન હતો. જ્યારે ૧૯૭૯માં ૭ કુટુંબોને ગૃહઉદ્યોગમાંથી આવક થતી હતી. જેમાં ૧ કુટુંબની આવક રુ. ૫૦૦ સુધી છે. ૪ કુટુંબની આવક ૧૦૦૦ રુ. સુધી છે. ૧ કુટુંબની આવક રુ. ૧૫૦૦ સુધી છે, જ્યારે ૨૦૦૦ રુપિયા સુધીમાં પણ એક કુટુંબની આવક નોંધાઇ છે.

પગારમાંથી થતી આવકમાં તપાસના બન્ને વર્ષ દરમ્યાન ૩ કુટુંબો નોંધાયા છે. પણ ૧૯૬૯માં ૩ કુટુંબોની આવક રુ. ૫૦૦ થી નીચે હતી. જ્યારે ૧૯૭૯માં એક કુટુંબની આવક રુ. ૫૦૦ થી ૭૫૦ સુધીમાં નોંધાઇ છે. એક કુટુંબની આવક રુ.



૧૫૦૦ થી ૨૦૦૦ સુધીમાં અને એક કુટુંબની આવક રુ. ૨૦૦૦ થી ઉપર નોંધાઇ છે. અન્ય આવકમાં પણ બન્ને વર્ષ દરમિયાન એક એક કુટુંબ નોંધાયા છે. પણ ૧૯૬૯માં અન્ય આવક બળદ વેચી દીધાથી મળી હતી. જ્યારે ૧૯૭૯માં અન્ય આવક ભાડામાંથી આવતી દર્શાવાઇ છે.

હવે પછીના કોઠામાં કુલ આવક - કુલ ખર્ચ તેમજ તેના પછીના કોઠામાં ઉત્પાદન ખર્ચ વિષેની વિગતો દર્શાવવામાં આવી છે. આપણે આવકના સાધનો વિશે તો ચર્ચા કરી જ છે. હવે નિર્વાહ ખર્ચની વિગતવાર ચર્ચા કરીએ. તેમનું મોટાભાગનું ખર્ચ ખોરાક પાછળ હોય છે. તેમના ખોરાકમાં વિવિધતા જોવા મળતી નથી. મુખ્યત્વે તો મકાઇના રોટલા અને ચણાની દાળ ખાતા હોય છે. દૂધ-ઘી પાછળ પણ નજીવું ખર્ચ કરે છે. કાપડ પાછળ પણ વિશેષ ખર્ચ કરતા નથી. બહુ ઓછા લોકો પગરખાં પહેરે છે. થોડો ઘણો ખર્ચ સામાજિક અને ધાર્મિક વિધિઓ પાછળ થાય છે.

આમ જોઇએ તો તેમની જીવન જરુરીયાતો ઘણી ઓછી છે. પણ સાથે આવક પણ ઘણી ઓછી હોવાથી આવક અને નિર્વાહ ખર્ચના બે છેડા મેળવતા બહુ મુશ્કેલી પડે છે. અને તેથી તેમને દેવુ કરવાની ફરજ પડે છે. (તેમના ઘરવખરીના સાધનો પણ માટીના હોય છે) આર્થિક મુશ્કેલીને પહોંચી વળવા પોતાના ઢોરો વેચતા હોય છે. મોટે ભાગે તેઓ પોતાની જીવન જરુરીયાતની ચીજ વસ્તુઓ દુકાનેથી લાવે છે. તેઓ મોટે ભાગે રોકડેથી લાવે છે.

કુલ આવક:

આવકજૂથ પ્રમાણે કુટુંબોની સંખ્યા

| | ૫૦૦ ની નીચે | ૫૦૧થી ૧૦૦૦ | ૧૦૦૧થી ૧૫૦૦ | ૧૫૦૧થી ૨૦૦૦ | ૨૦૦૧થી ૩૦૦૦ | ૩૦૦૦ થી ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૪ | ૧૬ | ૮ | ૧ | - | ૧ | ૩૦ |
| ૧૯૭૯ | - | ૧ | ૯ | ૬ | ૮ | ૬ | ૩૦ |

કુલ ખર્ચ:

વપરાશી ખર્ચ પ્રમાણે કુટુંબોની સંખ્યા

| | ૫૦૦થી નીચે | ૫૦૧થી ૧૦૦૦ | ૧૦૦૦થી ૧૫૦૦ | ૧૫૦૧ થી ૨૦૦૦ | ૨૦૦૧થી ૩૦૦૦ | ૩૦૦૦ ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૯ | ૧૪ | ૬ | - | - | ૧ | ૩૦ |
| ૧૯૭૯ | - | - | ૧ | ૭ | ૧૪ | ૮ | ૩૦ |



ઉત્પાદન ખર્ચ:

ખેતીમાં થયેલ ખેતી ખર્ચ પ્રમાણે કુટુંબોની સંખ્યા

| | ૧૦૦થી નીચે | ૧૦૧ થી ૨૦૦ | ૨૦૧ થી ૩૦૦ | ૩૦૦થી ઉપર | કુલ |
|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૧૬ | ૮ | ૫ | ૧ | ૩૦ |
| ૧૯૭૯ | ૨ | ૮ | ૧૨ | ૮ | ૩૦ |

પહેલા આપણે કુલ આવક અને કુલ ખર્ચના કોઠાનો અભ્યાસ કરીએ. ૧૯૬૯માં મળેલા આકડા તપાસી તો જણાશે કે તપાસ હેઠળના ૩૦ કુટુંબોમાંથી ૨૦ કુટુંબની વાર્ષિક આવક રુ. ૧૦૦૦ થી નીચે હતી. ૧૦૦૦ થી ૨૦૦૦ સુધીની આવક ૯ કુટુંબની હતી. અને માત્ર એક જ કુટુંબની આવક રુ. ૩૦૦૦ થી ઉપર હતી. આની સામે ૧૯૭૯ ના આકડા સરખાવીએ તો માત્ર એક જ કુટુંબની વાર્ષિક આવક રુ. ૧૦૦૦ થી ૨૦૦૦ સુધીની આવકવાળા ૧૫ કુટુંબો હતા. ૨૦૦૦ થી ૩૦૦૦ રુ. સુધીની આવક વાળા ૮ કુટુંબો હતા. અને ૩૦૦૦ થી ઉપર આવકવાળા ૬ કુટુંબો હતા. આ આંકડા બતાવે છે કે છેલ્લા ૧૦ વર્ષ દરમ્યાન તપાસ હેઠળના કુટુંબોની વાર્ષિક આવકમા ઘણો મોટો ફેર પડયો છે. પણ આની સામે કુલ વાર્ષિક ખર્ચના આંકડા મુકીએ તો ૧૯૬૯માં ૯ કુટુંબનું વાર્ષિક ખર્ચ રુ. ૫૦૦ થી નીચે હતું. ૧૪ કુટુંબનું ખર્ચ રુ. ૫૦૦થી ૧૦૦૦ નું હતું. રુ. ૧૫૦૦ સુધી વાર્ષિક ખર્ચ કરતા ૬ કુટુંબો હતા. અને માત્ર એક જ કુટુંબનું વાર્ષિક ખર્ચ રુ. ૧૦૦૦ નીચે હતું. જયારે

નપાસેલ વરસો દરમિયાન બચત અને ખોટ કરતા કુટુંબોની સંખ્યા

| | બચત કરતા કુટુંબો | ખોટ કરતા કુટુંબોની સંખ્યા | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫૦ થી નીચે | ૫૧ થી ૧૦૦ | ૧૦૧ થી ૨૦૦ | ૨૦૧ થી ૩૦૦ | ૩૦૧ થી ૫૦૦ | ૫૦૧ થી ૧૦૦૦ | ૧૦૦૦થી વધારે | |
| ૧૯૬૯ | ૨૩ | ૩ | ૨ | ૨ | - | - | - | - | ૩૦ |
| ૧૯૭૯ | ૮ | ૨ | - | ૪ | ૧ | ૩ | ૬ | ૬ | ૩૦ |



૧૯૭૯માં એક પણ કુટુંબ ૧૦૦૦ રુ. થી નીચે વાર્ષિક ખર્ચ કરતા હોય એવા નોંધાયા નથી. રુ. ૧૦૦૦ થી ૧૫૦૦ સુધી ખર્ચ કરતું હોય એવું એક જ કુટુંબ ૧૯૭૯માં નોંધાયું છે. જ્યારે રુ. ૧૫૦૦ થી રુ. ૩૦૦૦ સુધી વાર્ષિક ખર્ચ ભોગવના હોય તેવા ૨૧ કુટુંબો નોંધાયા છે. અને ૮ કુટુંબોનું ખર્ચ રુ. ૩૦૦૦ થી ઉપર હતું.

આ કોઠાઓ સાથે જ બચત અને ખોટના કોઠાનો અભ્યાસ કરીએ તો જણાય છે કે ૧૯૬૯ માં તપાસ હેઠળના ૩૦ કુટુંબોમાંથી ૨૩ કુટુંબો બચત કરી શકતા હતા. જ્યારે ૧૯૭૯ માં માત્ર ૮ (આઠ) કુટુંબો જ બચત કરી શકયા હતા. ૧૯૬૯માં માત્ર ૭ કુટુંબને જ આવક અને ખર્ચનો મેળ બેસતો ન હતો. અને આ સાત કુટુંબમાંથી પણ ૫ કુટુંબને ૧૦૦ રુ. નીચે ખોટ આવતી હતી. અને ૨ કુટુંબને ૨૦૦ રુ. નીચે ખોટ આવતી. ૧૯૭૯માં તપાસ હેઠળના ૩૦ માં ૨૨ કુટુંબોને ખોટ ભોગવવી પડતી હતી. તેમાંથી ૧ કુટુંબને રુ. ૧૦૦ થી નીચે, ૪ કુટુંબને રુ. ૨૦૦ સુધી, રુ. ૩૦૦ સુધી ૧ કુટુંબને, રુ. ૩૦૦ થી ૫૦૦ સુધી ૩ કુટુંબને, ૫૦૦ થી ૧૦૦૦ સુધી ૬ કુટુંબને અને ૧૦૦૦ થી ઉપર ૬ કુટુંબને અનુક્રમે ખોટ ભોગવવી પડતી હતી.

આ આંકડા આખીયે તપાસના હાર્દરુપ છે. આ આંકડા આપણને વિચાર કરતાં કરી મૂકે છે. આદિવાસીઓની આર્થિક ઉન્નતિને માટે થતી અનેક યોજનાઓ એ યોજનાઓના અમલીકરણ પાછળ થતા ધૂમ ખર્ચા ખરેખર આદિવાસીઓની પ્રગતિ સાધી શકયા છે ખરા ? આપણી આ યોજનાઓ પ્રગતિકારક છે કે અધોગતિકારક છે એવી શંકા ઉપજાવે એવા ઉપરનાં આંકડાઓ છે. ૧૯૬૯માં ૧૯૭૯ કરતા આવક ઓછી જણાય છે. પણ તે છતાં તે વખતે તે આદિવાસી કુટુંબો બચત કરી શકતા હતા. જ્યારે ૧૯૭૯ માં આવક વધી હોવા છતાં ૭૩ ટકા જેટલા કુટુંબો ખોટ સહન

કરતા થઇ ગયા હોય તેમ જણાય છે. આમ એક બાજુ સરકાર તેમની આવક વધારવા માટે પોતાની સારી એવી શકિત ખર્ચે છે પણ એ આવક માત્ર આંકડાની દૃષ્ટિએ વધી હોય એમ જણાય છે. મોંઘવારીના આક ઉપર કોઇ જાતનો કાબુ નહીં જાળવી શકવાથી યોજનાઓ દ્વારા જેટલું આપી શકાયું છે એના કરતા બે ગણું એમની પાસેથી લઇ લેવાયું હોય એમ લાગે છે. આટલી યોજનાઓ છતાં આદિવાસી તો વધારેને વધારે દેવાદાર બન્યો છે. તેથી એક બાજુથી આપીને બીજી બાજુથી લઇ લેવાની પ્રવૃત્તિ પાંચ ડગલાં આગળ ચાલી ૧૦ ડગલા પાછળ જવા જેવી છે. આવકની સાથે સાથે જો એમની ખરીદશકિત ખરી આવક વધારવાની કાળજી ન જાળવી શકાય તો આ બધી યોજનાઓ નો સીધો લાભ આદિવાસી કદી મેળવી શકવાનો નથી. બલ્કે આદિવાસી વધારે કંગાલ થતો જશે. તેથી જ દરેક આદિવાસી કુટુંબને વત્તુ-ઓછું દેવુ હોય છે. દેવા અંગેનો કોઠો નીચે પ્રમાણે છે.

### તપાસેલ વરસોમાં દેવાની સ્થિતિ

રોકડ દેવુ:

| | ૧૦૦થી નીચે | ૧૦૧થી ૩૦૦ | ૩૦૧થી ૫૦૦ | ૫૦૧થી ૧૦૦૦ | ૧૦૦૦થી ૨૦૦૦ | ૨૦૦૦થી વધારે | જવાબ નહિ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૪ | ૭ | ૪ | ૨ | ૧ | - | ૧૨ | ૩૦ |
| ૧૯૭૯ | ૨ | ૧ | ૪ | ૧ | ૨ | ૩ | ૧૭ | ૩૦ |



વસ્તુમાં દેવ:

| | ૧૦૦થી નીચે | ૧૦૧થી ૩૦૦ | ૩૦૧થી ૫૦૦ | ૫૦૧થી ૧૦૦૦ | ૧૦૦૧થી ૨૦૦૦ | ૨૦૦૧થી વધારે | જવાબ નહિ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૮ | ૯ | ૫ | - | - | - | ૮ | ૩૦ |
| ૧૯૭૯ | ૩ | ૪ | ૪ | ૨ | ૪ | - | ૧૩ | ૩૦ |

કુલ દેવુ:

| | ૧૦૦થી નીચે | ૧૦૧થી ૩૦૦ | ૩૦૧થી ૫૦૦ | ૫૦૧થી ૧૦૦૦ | ૧૦૦૧થી ૨૦૦૦ | ૨૦૦૦થી ૩૦૦૦ | ૩૦૦૦ થી ૫૦૦૦ | ૫૦૦૦ થી ઉપર | જવાબ નહિ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૬ | ૧૪ | ૫ | ૩ | ૨ | - | - | - | - | ૩૦ |
| ૧૯૭૯ | - | - | ૫ | ૬ | ૩ | ૬ | ૨ | ૧ | ૭ | ૩૦ |

ઉપરના ત્રણેય કોઠાઓનો અભ્યાસ કરીશું તો જણાશે કે રોકડમાં દેવું કરવાનું હોય કે વસ્તુમાં દેવું હોય બન્ને જાતના દેવા આદિવાસી વધારેને વધારે કરતોગયો છે. ૧૯૭૯માં આ અંગેની તપાસમાં ઘણા કુટુંબોએ જવાબ નહીં આપવાનું પસંદ કર્યું હોવાથી ખરેખર ટકાવારી કે કોઇ પણ અભિપ્રાય બાંધવાની મુશ્કેલી પડે એમ છે. પણ તેમ છતાં એમ તો કહી શકાય કે આદિવાસી વધારે દેવદાર થતો ગયો છે.

આપણે અગાઉ જોયું તેમ આદિવાસીની બચત શકિત ઉત્તરોત્તર ઘટતી ગઇ છે. તેથી આપણે દેશનો એક વિભાગ કે જે બચત કરી શકે એમ છે અને સરકારને કર રૂપે પોતાની બચત ધરી દે છે એ વિભાગમાંથી ગતે તેટલા નાણા ખેંચી લાવી અવિકસિત વિભાગ ઉપર ખર્ચીએ પણ જયાં સુધી સમાજનું આ અવિકસિત અંગ મૂડી નિર્માણ કરતું નહીં થાય ત્યાં સુધી આ વિભાગને જલદીથી સ્વઉપાર્જિત આવક અને મૂડી ઉભી કરતો કરવો ઘણો મુશ્કેલ છે. આ મૂડી નિર્માણ બે વસ્તુ ઉપર આધારિત છે. બચાવની ઇચ્છા અને બચત શકિત.

આદિવાસી સમાજના સગાઇ સંબંધો એક જાતના સામાજિક વિમાનું કામ કરે છે. તેથી ભવિષ્ય માટે બચવવાની ઇચ્છા મૂળથી જ એમનામાં ઓછી હોય છે. જોકે હાલ આવા સગાઇસંબંધો ઘટતા જાય છે. તેથી બચાવવાની ઇચ્છા હોય તે છતાં ખામીભર્યા આયોજન-ને લીધે બચત શકિતત તો નહિવત્ રહે છે. આમ પાયાનું મૂડી નિર્માણ જ કુંઠિત થઇ ગયું છે. તો પછી યોજનાઓ પાછળના સ્વપ્ન સાકાર શી રીતે થઇ શકાવાના છે ?



આદિવાસી કુટુંબોનું મોટાભાગનું દેવુ નિર્વાહખર્ચનું હોય છે. ૧૯૬૯માં ૨૨ કુટુંબો બચત કરતા નોંધાયા હોવા છતાં ત્રીસે ત્રીસ કુટુંબ શાહુકારના દેવાદાર તરીકે નોંધાયા છે. પોતાની જીવનજરુરીયાતની ચીજવસ્તુઓ માટે તેમણે શાહુકારનું દેવું કરવું પડતું હતું. ૧૯૬૯માં મોટે ભાગે આ દેવુ રોકડ ધિરાણમાં ઓછું મેળવતા હતા. ૧૯૬૯માં ચીજવસ્તુઓનું ધિરાણ વધુ માલુમ પડયું છે.

| | શાહુકાર | સરકાર | બેન્ક | સ. મંડળી | સગા-વહાલાં | અન્ય |
|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૩૦ | ૨ | - | ૩ | ૧ | - |
| ૧૯૭૯ | ૧૭ | ૪ | ૨ | ૧૦ | ૨ | ૨ |

ઉપરનો કોઠો જોતાં માલુમ પડશે કે હવે ધિરાણની બાબતમાં આદિવાસીઓ શાહુકાર કરતા સહકારી મંડળી અને બેન્ક ઉપર વધારે આધાર રાખતા થયા છે. આ દેવુ શેના માટે કરવામાં આવે છે, એના હેતુઓ તપાસવાનું આ તબકકે આવશ્યક છે.

દેવાનો હેતુ:

| | ઘર બાંધવા | ખાધાખોરાકી | ખેતી | સામાજિક | અન્ય |
|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૪ | ૨૧ | ૪ | ૭ | ૧ |
| ૧૯૭૯ | ૭ | ૧૦ | ૧૨ | ૧ | - |

બન્ને વર્ષના આંકડા તપાસીએ તો જણાશે કે ૧૯૬૯ દરમિયાન ખાધાખોરાકી માટે વધારે દેવુ કરવું પડયું હતુ. ૧૯૬૯માં ૨૧ કુટુંબોએ ખાધાખોરાકી માટે દેવું કર્યું હતું. જયારે ૧૯૭૯માં ૧૦ કુટુંબોએ ખાધાખોરાકી માટે દેવુ કર્યું હતું. ૧૯૬૯ માં ૭

કુટુંબે સામાજિક ખર્ચ માટે દેવુ કર્યુ હતું. જ્યારે ૧૯૭૯માં માત્ર એક જ કુટુંબે સામાજિક ખર્ચ માટે દેવુ કર્યુ હતું. સામાજિક ખર્ચ માટે સરકાર પાસેથી ધિરાણ મળતું નથી. તેથી સામાજિક ખર્ચ માટેનું ધિરાણ એઓને નાછૂટકે શાહુકાર પાસેથી મેળવવું પડે છે. પણ આશાસ્પદ આકડો ખેતી અંગેના દેવાનો છે. ૧૯૬૯માં માત્ર ૪ કુટુંબે ખેતી માટે દેવુ કર્યુ હતું. ૧૯૬૯ માં પાકનું રોગોથી રક્ષણ કરવા માટે કોઇ જાતની દવાનો ઉપયોગ કરતા ન હતા. ૧૯૭૯ની સરખામણીએ ૧૯૬૯ માં ખેતી સારી એવી પછાત સ્થિતિમાં હતી. ૧૯૬૯ની તપાસ દરમિયાન એમ ફલિત થતું હતું કે તેઓ જે રીતે ખેતી કરતા હતા તે રીતે ખેતીમાં નાણાની જરુરત પડતી ન હતી. મુખ્યત્વે ખેતીખર્ચમાં બિયારણ તથા મહેસૂલને અગત્યતા આપવામાં આપવામાં આવી હતી. વાવણી, રોપણી નિંદામણી, સિંચાઇ, કાપણી વગેરેના ખર્ચ તેમને થતા ન હતા. આ કામો જાતમહેનતથી ઘરમેળે જ કરતા હતા. બિયારણ તેઓ આગલા વર્ષનું સાચવી રાખતા હતા. છાણીયું ખાતર તેઓ ઘેર તૈયાર કરતા હતા. અને રાસાયણિક ખાતર તેઓ ખાસ વાપરતા ન હતા. ૧૯૬૯ માં પાકોનું રોગોથી રક્ષણ કરવા માટે કોઇ જાતની દવાનો ઉપયોગ કરતા નહોતા. તેથી ૧૯૬૯ માં ખેતી માટે તેમનું દેવું કરવું પડે એવી ખાસ પરિસ્થિતિ ઉભી થઇ ન હતી. પણ હવે તેમની ખેતીમાં સુધારો થયો જોવા મળે છે. તેઓ આધુનિક રીતે ખેતી કરતા થયા છે. બિયારણ પણ તેઓ ધિરાણમંડળી પાસેથી લેતા થયા છે. છાણિયા સિવાયના બીજા ખાતરો ખરીદીને વાપરતા થયા છે. તેમનું ખેતી પ્રત્યેનું વલણ બદલાયું છે.



ઉત્પાદન ખર્ચ અંગેની માહિતી તપાસતા જણાયું છે કે ૧૯૬૯માં ૨૦૦ રુ.થી ઓછા ઉત્પાદન ખર્ચ કરનારા ૨૪ કુટુંબો હતા. જ્યારે ૧૯૭૯માં ૨૦૦થી ઓછો ખ કરનારા ૧૦ કુટુંબો હતા. ૧૯૬૯માં ૨૦૦રુ.થી વધારે ઉત્પાદન ખર્ચ કરનારા મા ૬ કુટુંબ હતા. જ્યારે ૧૯૭૯માં ૨૦ કુટુંબ હતા. આમ એમ જરુર કહીશકાય કે આભાપુરના આદિવાસીઓનો ખેતી અંગેના વલણો પ્રગતિસૂચક છે. આ નિર્ણય ઉત્પાદન તેમજ દેવા માટે હેતુઓનો કોઠાના આંકડાઓ પરથી જોઇ શકાય છે.

૧૯૭૯ની તપાસ દરમિયાન એક બીજો ખાસ પ્રશ્નપત્ર ભરાવવાનો આગ્રહ રા હતો. વિકાસ અંગેની યોજનાઓથી તેઓ ખરેખર માહિતગાર છે કે નહિ અને આ યોજનાઓને કઇ રીતે વધારે લાભકર્તા બનાવી શકાય તે અંગે તેમના અભિપ્રાયો પણ મંગાવામાં આવ્યા હતા. આ પરિપત્રનું તારણ આ પ્રમાણે છે. તપાસ હેઠળના ૩૦ કુટુંબોમાંથી ૨૩ કુટુંબો તાલુકા કચેરીએ જઇ આવ્યા હતા. ૨૭ કુટુંબો સરપંચને ઓળખતા હતા. ત્રીસે ત્રીસ કુટુંબ ગ્રામસેવકને તથા તલાટીને ઓળખતા હતા. ૩૦માંથ ૨૧ કુટુંબ સહકારી મંડળીના સભ્ય હતા. ૩૦માંથી ૧૫ કુટુંબોએ સરકાર પાસેથી બિયારણ મેળવ્યું હતું. માત્ર પાંચ કુટુંબે ખેતીના સાધનો અંગેની લોન મેળવી હતી. ૯ કુટુંબે બળદ માટે તેમજ કૂવા ખોદવા માટે લોન લીધી હતી. ૧૪ કુટુંબે સરકા તરફથી મળતી મદદનો ઉપયોગ કર્યો હતો. માત્ર એક જ કુટુંબે છેલ્લા દસ વર્ષ દરમિયાન જમીન ખરીદી હતી. તેની માહિતી આપી ન હતી. વિકાસ કાર્યોથી ફાયદો થયો છે કે નહિ તેના જવાબ રૂપે ૧૩ જણે હા પાડી અને ૧૭ જણાએ ના પાડી હતી.

૬ વિકાસ કાર્યક્રમોને સફળ બનાવવા શું કરવું જોઇએ એના જવાબરૂપે નીચે પ્રમાણે સૂચનો આપ્યા હતા. ૧૪ કુટુંબે એવું સૂચન કર્યું હતું કે વધારે પશુઓ આપવા જોઇએ. ૮ કુટુંબે વધારે સારા ચાધનો અને બિયારણ માટે આગ્રહ રાખ્યો હતો. ૭ કુટુંબે સિંચાઇની સવલતની માંગણી કરી હતી. ૪ કુટુંબે વધારાની જમીનની માંગણી કરી હતી. ૩ કુટુંબે દેવુ માફ કરવાની અને ૨ કુટુંબે વ્યાજના દર ઓછા કરવાની વિનંતી કરી હતી. ૩ કુટુંબે મકાન બાંધવા માટે લોન આપવાનું સૂચન કર્યું હતું. જ્યારે ૩ કુટુંબે વધારે મહેનત કરવાની અને ૨ કુટુંબે સામાજિક ખર્ચ ઓછો કરવા માટેની તૈયારી દર્શાવી હતી.

આમ એકંદરે જોઇએ તો છેલ્લા દસ વર્ષમાં ગામમાં ખાસ મહત્ત્વના વિકાસના કામો નજરે ચઢતા નથી. તેમની ખેતીમાં પણ કોઇ મોટા ફેરફારો જોવા મળતા નથી. અલબત્ત ખેતી અંગેના વલણમાં ઘણી પ્રગતિ થઇ જણાય છે. તેમની રહેણીકરણીમાં થોડો ઘણો ફેરફાર થયો છે, પણ તેમની આર્થિક સ્થિતિમાં પણ ખાસ કોઇ સુધારો થયેલો જણાતો નથી.



## પ્રકરણ – ૫

## ઉપસંહાર

આપણા દેશને આઝાદી ૧૯૪૭માં મળી. ૧૯૬૯માં જ્યારે આભાપુર ગામની મોજણી કરવાનું હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે એવી આશા હતી કે આ ૨૨ વર્ષ દરમિયાન ગામડાનું જીવન પલટાઇ ગયું હશે. પણ ૧૯૬૯ની મોજણીમાંથી ઉપસ્થિત થતું ચિત્ર વર્ષોથી ચાલી આવતી સ્થિતિનું જ પ્રતિબિંબ કે છે. આદિવાસી સમાજ હ° પણ પોતાનામાંથી અલગતા, બંધીયારપણું, સ્થગિતતા, ચુસ્તતા વિગેરે ખંખેરી શક્યો નથી ગ્રામ અને શહેરી સમાજ વચ્ચેની પ્રતિપક્ષતા આશ્ચર્ય પમાડે તેવી છે. આદિમ સમાજ, સંસ્કૃતિના વિકાસની આગેકૂચમાં પોતાના કદમ મિલાવવામાં પાછળ પડી ગયો છે. પણ એ ભૂલાઇ ન જવું જોઇએ કે સૈકાઓ થયા, મહાઓથાર નીચે દબાઇ ગયેલા આદિવાસી સમાજમાં પરિવર્તન ઝડપભેર થઇ શકતું નથી.

૧૯૭૯નું આભાપુરનું ચિત્ર, આશાનિરાશાના બે વિરોધી તત્વોના મિશ્રણ દર્શા છે. છેલ્લા ૩૨ વર્ષમાં આદિવાસીઓના વિકાસ માટે જે પગલા લેવામાં આવ્યા છે તેન સારા-ખોટા પરિણામો ધીમે ધીમે આપણી સમક્ષ હવે સ્પષ્ટ થતાં લાગે છે. મોટાભાગન આદિમ લોકો હવે જાગૃત થઇ ગયેલ લાગે છે. પુખ્ત મતાધિકાર અને આદિમ વસ્તી માટેની ખાસ અનામત બેઠકોની જોગવાઇના પરિણામે કેટલાક રાજકીય અને સામાજિક પરિબળો કાર્યાન્વિત બન્યા છે. એમના માટે નવા દ્રષ્ટિકોણ અને નવી તકોના દરવા ખુલ્લા થયા છે. આમ છતાં તેમાંથી કેટલીક અસ્વસ્થ પરિસ્થિતિ પણ પેદા થઇ છે.

આજનો આદિવાસી ૩૨ વર્ષ પહેલા શહેરી લોક અને શાહુકારથી ભડકનાર આદિવાસી રહ્યો નથી. એના બાળકો હવે ઉચ્ચ શિક્ષણ લેતા થયા છે. જૂના રીતરિવાજો પ્રણાલીઓ અને વહેમો ધીમે ધીમે છોડવા માંડયા છે. હાથથી ખેંચવાનું હળ લઇ ગમે તેમ ખેતી કરનાર આદિવાસી, આજે સુધારેલું બિયારણ, ખાતર અને સિંચાઇનો ઉપયોગ કરી સારું ધાન્ય ઉત્પન્ન કરવા લાગ્યો છે. નાના નાના દેવામાં ક્રમે ક્રમે ડૂબતો તે, પહેલા શાહુકારનો ગુલામ હતો, તે પરિસ્થિતિમાંથી હવે ઉગરવા લાગ્યો છે. આદિવાસી ઉત્થાન માટે સરકાર તરફથી મળતી વિશેષ સહાય (આર્થિક, શૈક્ષણિક વગેરે બાબતોમાં) અને તેની ઉપલબ્ધતા અંગેની માહિતી મેળવવા તે ઉત્સુક બનતો જાય છે. તે, હવે સહકાર અને સ્વાશ્રયનો પાઠ જીવનમાં ઉતારી રહ્યો છે.

આમ છતાં આદિમ સમાજોના ભાવિ પરિવર્તનનો ઢાંચો બરાબર ગોઠવાઇ ગયો છે. અને તેઓએ સ્વાવલંબી વિકાસશીલ આર્થિક ભૂમિકા હાંસલ કરી લીધી છે, એ માનવું ભૂલભરેલું છે.

સિક્કાની બીજી બાજુ જોઇએ તો આધુનિક સભ્યતાઓએ આદિમ સમાજની અંદર પ્રવેશ કર્યો હોવા છતાં પરિવર્તનોના પરિબળો ઉપરછલ્લાં છે. તેમનામાં તે ઊંડા પ્રવેશ્યા નથી. હજુ પણ તેઓ મોટેભાગે ઉદ્યોગપ્રવૃત્તિ પ્રત્યે ઉદાસીન, વલણ ધરાવે છે. તેમના વિકાસ માટેના આયોજન અંગે વખતોવખત સમીક્ષા, મૂલ્યાંકન અને આલોચના કરવા છતાં આપણે ધાર્યું પરિણામ લાવી શકયા નથી. આભાપુર વિસ્તારની આસપાસ વિવિધ યોજનાઓ હેઠળ અનેક નાણા ખર્ચવામાં આવ્યા છે. એક બાજુએ નાણાભંડોળની રકમ લઇએ અને બીજી બાજુ વસતિને થયેલ યા થનારા સીધા આડકતરા, સ્પષ્ટ-ગર્ભિત વગેરે લાભોને સરખાવીએ તો ચોક્કસપણે કહી શકાય કે પ્રગતિની ગતિ અત્યંત ધીમી છે.



આભાપુરના આદિવાસીઓનો મુખ્ય ધંધો ખેતીનો છે. ખેતીની દૃષ્ટિએ આ વિ હજુ પણ [illegible]ારો એવો પછાત છે. જમીનની ઓછી ફળદ્રુપતા, સિંચાઇની અપૂરતી સવલતો, ખેતીના સાધનોનો અપૂરતો ફેલાવો વગેરે કારણસર આ વિસ્તાર પાછળ ગયો છે. આથી વિસ્તારના ખેતીના કાર્યક્રમમાં જમીન સુધારણા, છૂટછાટના દરે મહત્વની ખેતી વિષયક સામગ્રીનો પૂરવઠો પૂરો પાડવો, ખેતી પધ્ધતિઓ સુધારવી, ભૂમિચકાસણી માટેની વ્યવસ્થા કરવી, આદિવાસી ખેડૂતોને યોગ્ય તાલિમ આપવી, શાકભાજીની ખેતીને ઉત્તેજન વિગેરે બાબતોને અગ્રતા આપવી જોઇએ. તેમના આર્થિ અર્થવિકાસમાં પશુપાલન મહત્વનો ભાગ ભજવે છે. તે અંગે પણ તેમને યોગ્ય તાલીમ આપવી જોઇએ. તેમના ઢોરોની ઓલાદ હલકા પ્રકારની હોઇ દૂધ નામનું જ આપે યોગ્ય ઘાસચારાના અભાવે ગાયભેંસ જંગલમાં જતા ઓછા દૂધવાળા થઇ જાય છે. મ રોગ થવાની સામટા મરી જાય છે. તેના ઉપાયો શોધવાથી અને યોગ્ય માર્ગદર્શન આપવાથી આ બે ગૃહઉદ્યોગ સફળતાપૂર્વક વિકસાવી શકાય. જંગલવ્યવસાય એ બહો વિસ્તારવાળો અને લાંબા કાલચક્રવાળો કૃષિવ્યવસાય છે. એના સઘન વિકાસમાટેના પૂરેપૂરો અવકાશ છે. જંગલ ઉત્પન્નને લગતા નાના ઉદ્યોગો, કુટિર ઉદ્યોગો, ગૃહઉ વિગેરે પ્રવૃત્તિથી અનેક જાતના પ્રત્યક્ષ અને પરોક્ષ લાભો મળી શકે તેમ છે.

પણ મુખ્ય પ્રશ્ન આવે છે વહિવટનો. સંનિષ્ઠાવાન કાર્યકરોને અભાવે કા ઉપર સુંદર લાગતી યોજનાઓ અમલીકરણને તબક્કે સદન્તર નિષ્ફળ નિવડી છે. નોકરી મેળવવાની લાલચે આવેલા એવા સરકારીઅમલદારોની પાસેથી સંગીન કામ-આશા ભાગ્યે જ રાખી શકાય. લોકશાહીમાં લોક અને સરકાર જુદા નથી. સરકાર કર્મચારીઓએ આદિવાસીઓ પ્રત્યે સંવેદનશીલ વલણ ધરાવવું પડશે, અને તેમ થશે

રીતે લોકોને પૂર્ણ વિશ્વાસ ઉભો થશે. અને જ્યારે સ્થાનિક વસતિને પોતાને થનાર લાભની પ્રાપ્તિ થશે ત્યારે તેઓ પણ પોતાનું વલણ બદલશે. આદિવાસીઓ અને કર્મચારીઓના સંબંધો મીઠા રહે તો બધી જ વિકાસ યોજનાઓ સારો લાભ આપી શકે.